Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

اَنَا مَدِيْنَةُ الْعِلْمِ وَعَلِيٌّ بَابُهَا

તન્ઝીમુલ મકાતિબ ના અભ્યાસક્રમ મુજબ

## ઈમામિયા

# દીનિયાત

4

પ્રકાશક

તન્ઝીમુલ મકાતિબ

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

(તન્ઝીમુલ મકાતિબના અભ્યાસક્રમ મુજબ)

ઈમામિયા

# દીનિયાત

## ધોરણ 4 માટે

: પ્રકાશક :

તન્ઝીમુલ મકાતિબ

ગોલાગંજ, લખનઉ-૧૮

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org


- નામ કિતાબ ............ દીનીયાત ચહારુમ
- સ. તબાઅત ............ ઓગસ્ટ 2019
- તઅદાદ ............ 2000
- મતબૂઆ ............ યુનાઈટેડ બલાક પ્રિન્ટર્સ પ્રેસ લખનઊ
- પ્રકાશક ............ તન્ઝીમુલ મકાતિબ લખનઊ
- કીમત ............ Rs. 85/-

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# તન્ઝીમની અરઝ

તન્ઝીમુલ મકાતિબના સ્થાપક ખતીબે આઝમ મૌલાના સૈયદ ગુલામ અસ્કરી અ. મ.એ દેશમાં ફેલાયેલ મોઅમિન બિરાદરોના બાળકો બાળકો સુધી દીનનો સંદેશ પહોંચાડવા માટે 15 જમાદીઉલ ઉલા હિ. 1388 ના દીવસે થોડા મદ્રેસાથી તન્ઝીમુલ મકાતિબની શુરૂઆત કરેલ અને હિન્દુસ્તાન જ નહી પણ એશીયાભર માં પોતાની આગવી ઓળખથી એક માત્ર પહેલી સંસ્થા મૌજૂદ છે. જેણે બાળકોની પ્રાથમીક દીની તઅલીમ માટે કુરઆન, દીનીયાત અને ઉર્દૂ ઉપર સચોટ અને પૂરે પૂરો શૌક્ષણીક કોર્ષ રજુ કર્યો.

મકતબમાં વિવિધ વિસ્તારોમાં રહેતા મોઅમેનીનની સરળતાને ધ્યાન રાખી દીનીયાતની કિતાબને ગુજરાતી, બંગાળી, અંગ્રેજી, હીન્દી વિગેરે ભાષામાં પ્રસિદધ કરવામાં આવી જેથી ઉર્દૂ ભાષાથી અજાણ લોકો દીનથી અજાણ ન રહે અને ઝરૂરી દીની માહિતી કૌમના દરેક બાળકને પોતાની માતૃભાષામાં મળી રહે.

ઈમામીયા ઉર્દૂ રીડરની ગોઠવણ પણ આ અંદાજથીજ કરવામાં આવેલ કે તે ફકત નીયમ માટેની કિતાબ ન હોય પરંતુ ઈસ્લામના રીત રીવાજ નેં તેના મુળ અંદાજમાં સ્પષ્ટ રજુ કરે જેથી ઈમામીયા ઉર્દૂ રીડરમાં ક્ષણ ભંગુર પાત્રોની ભરમાર, પાયા વિહોણી અને ફરેબી વાત અને વાર્તાની જગ્યાએ ઈસ્લામના મજબૂત ઉસુલને પેશ કરનાર અને રસ્તો ચીંધનાર ઈસ્લામના સિરતદાર અને સુધારક પ્રતિબીબોના અખલાકી બનાવોને ગોઠવવામાં આવ્યા.

પરંતુ ઉર્દૂથી અજાણ વિસ્તારામાં માતૃભાષામાં શીક્ષણ મેળવનારબાળકો ઈમામીયા ઉર્દૂ રીડર અને તેના ફાયદા તથા જાણકારીથી કોસો દુર રહેતા હતા જેથી આ બાબત ધ્યાનમાં આવતા કોશીષ કરવામાં આવી કે ઉર્દૂ રીડરના તે પાઠોને બીજી ભાષામાં દીનીયાતમાં મેલવી દેવામાં આવે.

આ વીશે અમો શાબાન એજ્યુકેશન ટ્રસ્ટ મહુવાનો આભાર માનીએ છીએ કે તેઓના જવાબદારોએ પોતાની જાણકારીને કામમાં લાવી સંપુર્ણ રીતે ન ફકત આ કામ પુરૂ કર્યુ પરંતુ દરેક પાઠની સાથે તેના પુનરાવર્તનનો પણ વધારો કાર્યો જેથી દરેક ધોરણ માટે વર્ક બુક રૂપે અલગ પ્રકાશન પ્રકાશિત કરી રહ્યા છીએ.

આશાછે કે દીનીયાતની આ પહેલી કિતાબ બાળકો માટે ખૂબજ ફાયદા કારક રહેશે.

"પહેલી નીશાની કદી પણ છેલ્લો અક્ષર નથી બનતો" અને તમામ જાણકાર અને તાલીમ સાથે સંકળાયેલ તથા જ્ઞાન અને શીક્ષણથી જોડાયેલા દરેક લોકોની દીલચશ્પી અને સહકારની અપેક્ષા ઈચ્છીએ છીએ.

વસ્સલામ
સૈયદ સફી હૈદર
સેક્રેટ્રી તન્ઝીમુલ મકાતિબ
લખનઉ

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# શિક્ષકોને માટે જરૂરી સૂચનાઓ

(૧) શબ્દોના અર્થો લખાવીને યાદ કરાવવા, તેમજ ભાવાર્થ મગજમાં ઉતારવો.

(૨) પાઠ પૂરો થયા બાદ શિક્ષકે એવા પ્રશ્નો પૂછવા કે જેનાથી બાળકો સમજ્યા હોય તેવા અર્થોવાળું વળતું બયાન આપી શકે.

(૩) પાઠ પૂરો થયા પછી શિક્ષકે પ્રશ્નો ટૂંકામાં લખાવીને મોઢે કરાવવા, મસાએલમાં જરૂરત પ્રમાણે પ્રાયોગિક ધોરણે શિક્ષણ આપવામાં આવે અને જરૂરી મસાએલ યાદ કરાવવામાં આવે.

દરેક નશરીયાત અને મતબુઆત તથા લખાણ તન્ઝીમુલ મકાતિબ સંસ્થાના હક્કમાં તન્ઝીમુલ મકાતિબમાં સેફ છે. રજા વગર પુરી અથવા કોઇ ભાગ પ્રકાશિત કરવા પર કાનુની રાહે પગલા લેવામાં આવશે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

પાઠ 1

# મઝહબ કિંવા ધર્મની જરૂરત

ઝાડ જંગલમાં ઉગે છે, તે બાગ બગીચામાં પણ ઉગાડવામાં આવે છે. પરંતુ જંગલમાં ઈન્સાન જતા ડરે છે જ્યારે બગીચામાં જવા મળે તેવું એનું મન થાય છે. આમ એટલા માટે બને છે કે, જંગલમાં કોઈપણ કાયદા કાનૂન વગર આડા અવળા ઝાડ ઉગે છે, જ્યારે બગીચામાં કાયદા પ્રમાણે ઝાડ ઉગાડવામાં આવે છે. ઉપરાંત જંગલમાં કોઈ માળી ઝાડની દેખરેખ કે સંભાળ રાખતું નથી, જ્યારે બાગમાં માળી ઝાડપાનનું ધ્યાન રાખે છે.

ઈન્સાનોને પણ જો કાયદા કાનૂન વિના જીવન જીવવાની છૂટ આપવામાં આવે તો માનવ આબાદીની હાલત પણ જંગલના ઝાડ જેવી બની જાય. પરંતુ જો કાયદા કાનૂનથી માણસો જીવન જીવે તો માનવ આબાદી જન્નતનો નમૂનો બની જાય. એટલા માટે જરૂરી છે કે-ઈન્સાન માટે કોઈ એવો કાનૂન બનાવવામાં આવે કે જેનાથી માનવ જીવન કેમ જીવવું તે બાબત શીખી લે. આ કાનૂન એટલે જ ધર્મ-મઝહબ. ઈન્સાનના આ બગીચાના માળી અથવા રખેવાળ નબી અથવા ઈમામ હોય છે. આ બંનેને હંમેશા અલ્લાહ આપણા માર્ગદર્શન (હિદાયત) માટે મોકલે છે.

## સવાલ

૧. ઈન્સાનને કાનૂનના આધીન રહીને જીવવું કેમ આવશ્યક છે ?

૨. મઝહબ કોને કહે છે અને તેનો હેતુ શું છે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

પાઠ 2

# શું અલ્લાહ નથી ?

આ જગતમાં જેમ અસંખ્ય ધર્મપ્રેમીઓ જીવી રહ્યા છે તેમ ધર્મ વિરોધીઓ પણ જીવે છે; જેને "લા મઝહબ" કહેવામાં આવે છે. આ જાતના માણસો પોતાને "દહેરિય્યહ" (નાસ્તીક) કહેવડાવે છે. એ લોકોનું માનવું એમ છે કે, આ દુનિયા એક દિવસ આપમેળે બની ગઈ છે. કોઈ અલ્લાહ છે જ નહીં અને એક દિવસ પોતાની મેળે આપોઆપ ફના થઈ જશે. (મટી જશે.)

આ લોકોની આગળ કોઈ વસ્તુ એવી નથી કે જેના માટે કહેવું પડે કે તે આપોઆપ બની ગઈ છે. તેઓ ફકત અલ્લાહનો ઈન્કાર કરવા માટે આવી વાતો બકે છે કે, આ આખી દુનિયા કોઈ બનાવનાર વગર એમને એમ બની ગઈ છે.

આપણા છઠ્ઠા ઈમામ (અ.)ની પાસે એક નાસ્તીક માણસ આવ્યો જેનું નામ 'અબ્દુલ્લાહ દૈસાની' હતું. તેણે લોકોની હાજરીમાં ઈમામ (અ.)ની સાથે અલ્લાહ બાબત વાદવિવાદ કરવા ઈચ્છા કરી. ઈમામ (અ.)એ તેને પૂછ્યું : 'તારૂં નામ શું છે ?' તેણે કોઈ જવાબ આપ્યો નહીં અને ચાલ્યો ગયો. લોકોએ નવાઈ પામીને પૂછ્યું, 'મૌલા, આ માણસ કેમ ચાલ્યો ગયો ?' આ માણસ તો આપની સાથે ચર્ચા કરવા આવ્યો હતો ને ?' ઈમામ (અ.)એ ફરમાવ્યું, 'ચર્ચા પૂરી થઈ ગઈ અને તે પોતાના વાદવિવાદમાં નિષ્ફળ ગયો એટલે શરમાઈને ચાલ્યો ગયો.' લોકોએ પૂછ્યું, 'મૌલા, આ

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

માણસે તો કશીજ વાતચીત પણ કરી નહીં તો પછી ચર્ચા કેવી રીતે સમાપ્ત થઇ ?' મૌલાએ ફરમાવ્યું, 'મેં તેનુ નામ પુછી લીધું. તે સમજી ગયો કે-હું નામ બતાવીશ કે તુરતજ બીજો પ્રશ્ન આવશે કે અગર અલ્લાહ નથી તો તું 'અબ્દુલ્લાહ' કેવી રીતે ? કારણ કે અબ્દુલ્લાહનો અર્થ 'અલ્લાહનો બંદો' એવો થાય છે. એટલે જો અલ્લાહ જ ન હોય તો તેનો બંદો કયાંથી આવી ગયો !' આ સંવાદમાં મૌલા એ સમજાવવા માંગતા હતા કે, અલ્લાહ વિના બંદાની હસ્તી અસંભવિત છે અને જ્યારે બંદા મૌંજુદ છે તો તેનો કર્તા (પૈદા કરનાર) પણ મૌજુદ હોવો જોઇએ.

## સવાલ

૧. શું નાસ્તીકોની પાસે કોઇ એવી વસ્તુ છે કે જે ખુદબખુદ બની હોય ?

૨. દહેરિય્યહ (નાસ્તીક) વાદવિવાદમાં કેમ હારી ગયો ?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

પાઠ 3

# જો બે અલ્લાહ હોત તો

દુનિયામાં આપણને અનુભવ છે કે, જ્યારે કોઈ કામ બે લોકો ભેગા મળીને કરે છે, ત્યારે તે બે વચ્ચે કદી મેળ રહે છે તો કોઈવાર તેમાં વાંધા વિરોધ પૈદા થાય છે. મેળ-સમજૂતી વેળાએ બંને એકબીજાની સલાહ એટલે કે મત પ્રમાણે કામ કરે છે અને એકબીજાની સલાહ-મશવરાના મોહતાજ હોય છે. પરંતુ જો વાંધા-વિરોધ હોય તો માત્ર કોઈ કાર્ય થતું જ નથી. જો બે અલ્લાહ છે એમ માની લેવામાં આવે તો આવી જ હાલત થાય. જો બે અલ્લાહ હોય તો-બંનેમાં એકતા હોય અથવા બંને વચ્ચે વિવાદ જાગે. જો બંનેમાં સુમેળ હોય તો બંને એકબીજાના મતના મોહતાજ બની જાય અને એકબીજાના મોહતાજ છે એમ પણ કહેવાય. જ્યારે મોહતાજી અને બંધન ફકત બંદાઓમાં જ હોય છે. અલ્લાહમાં મોહતાજી કે પાબંદી સંભવીત નથી. કારણ કે, અલ્લાહ કદી કોઈનો મોહતાજ નથી કે ન કોઈનો પાબંદ છે, નહીં તો તે અલ્લાહ રહેશે નહીં. અગર બંનેમાં વિરોધ થઈ ગયો તો એક કહેશે-'વરસાદ વરસાવવો છે' અને બીજો કહેશે-'નથી વરસાવવો'. તો આ ઝઘડામાં દુનિયાનું કામ ઉલટસુલટ થઈ જશે. કારણ કે બંનેની વાત સરખી નથી. એકની વાત પ્રમાણે અમલ થશે, જ્યારે બીજાની વાત પ્રમાણે અમલ થશે નહીં. જેની વાત ચાલશે તે તાકતવાળો કહેવાશે અને જેની વાત નહીં ચાલે તે નબળો સાબિત થશે. જે તાકતવાળો હશે તેની ખુદાઈ બાકી રહેશે અને કમજોર હશે તેની ખુદાઈ ખત્મ થઈ જશે. આ માટે આપણે માનવું પડશે કે અલ્લાહ એક જ છે.

**સવાલ:** ૧. બે અલ્લાહ હોત તો શું થાત ?

૨. અલ્લાહને એક જ શા માટે માનવામાં આવે છે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

પાઠ 4

# ગૈબ પર ઈમાન

ઈસ્લામની મોટામાં મોટી ખુબી એ છે કે, તેણે જ્યાં અમુક બાબતો માટે આંખો વડે કામ લેવાનું શીખવ્યું છે ત્યાં કેટલીક બાબતો માટે અક્કલથી પણ કામ લેવાનો હુકમ કર્યો છે. આંખોનું કામ એ બાબત જોવાનું છે, જે જાહેરમાં નઝર આવે છે અને અક્કલનું કામ એ બાબતો જોવાનું છે, જે અદ્રશ્ય છે-ગાએબ છે અને દેખા દેતી નથી.

દુનિયામાં ઘણી ખરી વસ્તુઓ નઝરે નીહાળીને માનવામાં આવે છે. દા.ત. સુરજ, ચાંદ, તારા, પર્વત, સમુંદર વિ. વિ. અને કેટલીક વસ્તુઓ એવી છે કે, જે આજ સુધી કોઈની પણ નઝરમાં આવેલી નથી. પરંતુ માણસો જોયા વિના તેને માને છે જેવાં કે કરંટ, રૂહ (આત્મા), અક્કલ વિ. વિ. આપણે વિજળીના તારને જોયેલ છે, પરંતુ તેમાંથી પસાર થતી વિજળીને જોયેલ નથી; રૂહથી આપણે બધા જીવતા છીએ પણ કોઈએ રૂહ જોયેલ નથી. અક્કલ વડે બધા કામ કરવામાં આવે છે પણ આજ સુધી કોઈએ અક્કલ જોયેલ નથી.

આવી જ રીતે મઝહબે પણ કેટલીક વસ્તુઓ બતાવેલ છે, જેને માનવાનું તથા તેનું અસ્તીત્વ હોવાનું યકીન રાખવા સમજાવેલ છે અને એ રીતે માનવાનું દરેક મુસલમાન માટે ફરજીયાત છે; કારણ કે આ વસ્તુઓ અલ્લાહ અને તેના રસૂલ (સ.અ.વ.)એ બતાવેલ છે, જે સાચા હતા અને તેઓએ બતાવેલ કોઈપણ વસ્તુ ખોટી

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

હોઈ શકતી નથી.

જીન્નાત, ફરીશતાઓ, હૂર, ગિલમાન, જન્નત, દોઝખ, કૌસર વિ.વિ. ઘણી ખરી વસ્તુઓ એવી છે જેને ખુદાએ પૈદા કરેલ છે પણ તે જોવામાં નથી આવતી, છતાં આપણે મુસલમાનો તેની હસ્તીનો (હોવાનો) સ્વીકાર કરીએ છીએ. કારણ કે રસૂલ (સ.અ.વ.)એ બતાવ્યું છે કે તેની હસ્તી છે. અણદીઠેલી બાબત પર ઈમાન લાવવું તે જ ખરો ઈસ્લામ છે. જે માણસ ગૈબ પર ઈમાન રાખતો નથી તે મુસલમાન નથી. ઈસ્લામનો આરંભ પણ ગૈબ પર ઈમાનથી શરૂ થાય છે. જેવી કે અલ્લાહના વજુદનો ઈકરાર કરવો તેમજ કયામત જે 'ઉસુલે દીન'માં છેલ્લી બાબત છે અને ગૈબ છે. આપણા બારમા ઈમામ પણ ગૈબ છે - અલ્લાહના હુકમથી માણસોની નઝરથી છૂપા છે. બારમા ઈમામના વજુદ (હોવું) તથા ગૈબત બાબતની માન્યતા એવી વસ્તુ છે કે, જેના વગર ઈસ્લામ સંપૂર્ણ બનતો નથી. જે ઈસ્લામનો એક ભાગ છે.

## સવાલ

૧. ફૂલ, કેરી, સફરજન, રૂહ, અક્કલ અને વીજળી -આ બધી વસ્તુઓમાં કઈ કઈ વસ્તુઓ આંખો વડે જોવામાં આવે છે અને કઈ કઈ વસ્તુ અક્કલથી જોવામાં આવે છે ?

૨. કુરઆન અને બરઝખ એ બેમાં કઈ બાબત પર જોઈને ઈમાન લાવવાનું છે અને કઈ બાબત માટે અક્કલથી વિચારવાનું છે ?

૩. જે ગૈબ પર ઈમાન ન રાખતો હોય તેને મુસલમાન કહેવો કે નહીં ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 5

# ફરિશ્તા

આપણી આસપાસ હવા છે.પરંતુ આપણે તેને જોઈ નથી શકતા. હવા આપણને બહુજ કામ લાગે છે.તેનાથીજ આપણે શ્વાસ લઈએ છીએ. હવા ન હોય તો આપણે મુંજાઈ જઈએ અને મરી જઈએ. ઠંડી હવા આપણને બહુજ આરામ પહોંચાડે છે.હવા ફેલાએલા ભીના કપડાઓને સુકવી દેય છે.

હવા વાદળ લાવે છે અને વરસાદ વરસાવે છે.હવા કળીઓને જુલા જુલાવીને ફુલ બનાવે છે. હવાની મદદથી ચકલીઓ અને બીજા પક્ષીઓ ઉડી શકે છે.

હવા બીજા ઘણાં કામ કરે છે તેમ છતાં આપણે તેને જોઈ નથી શકતા. જેવી રીતે અલ્લાહે હવા બનાવી જે આપણે જોઈ નથી શકતા,અને બહુજ કામ કરે છે. તેવીજ રીતે અલ્લાહે ફરિશ્તા પૈદા કર્યા છે જે દેખાતા નથી પરંતુ અલ્લાહના બે શુમાર કામો કરી રહ્યા છે.

ફરિશ્તાઓ કંઈ ખાતા પીતા નથી.અને તેઓ સુતા પણ નથી અને કોઈ દિવસ થાકતા પણ નથી.તેઓ ફકત પોતાના કામોમાં લાગ્યા રહે છે.અલ્લાહની ઈબાદત કરતા રહે છે. અલ્લાહના એહકામ પૂરા કરતા રહે છે. તેઓથી કોઈ દિવસ કોઈ ભૂલચુક કે ખતા થતી કરતા નથી.તેઓ પાક છે, નેક છે, માસૂમ છે. અને અલલાહના કામોમાં મશ્ગૂલ રહે છે.

અલ્લાહે બેશુમાર ફરિશ્તા પૈદા કર્યા છે. આસમાનમાં વિખરાએલ અગણિત તારાઓ કરતા પણ વધારે.

જેમાંથી ચાર ફરિશ્તા વધારે મશ્હુર છે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

જીબ્રઈલ :- અલ્લાહના એહકામને તેમના નબીઓ સૂધી પહોંચાડે છે.

મીકાઈલ :- આદમીઓ સૂધી રિઝક પહોંચાડે છે.

ઈઝરાઈલ :- રૂહ કબ્ઝ કરે છે, તેમને મલેકુલ મૌત પણ કહેવામાં આવે છે.

ઈસ્રાફીલ :- તે કયામતના દિવસે સૂર ફુંકશે જેના કારણે દુનિયાની દરેક જીવ રાખનાર મખલૂક મરણ પામશે.

અને બીજી વખત સૂર ફુંકશે તો બધા મુર્દાઓ જીવતા થઈ જશે અને પછી અલ્લાહ નેકી કરનારાઓને જઝા એટલે

કે ઈનામ અને બૂરા કામ કરનારાઓને સઝા આપશે. ફરિશ્તાઓ પર ઈમાન રાખવું આપણા માટે જરૂરી છે.

## સવાલ

(૧) શું તમે ફરિશ્તાઓને જોયા છે?

(૨) ફરિશ્તાઓને જોયા વગર કંઈ રીતે માનશો?

(૩) મશ્હૂર ફરિશ્તા કયા કયા છે? અને તેઓનું કાર્ય શું છે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

પાઠ 6

# અદલ

અલ્લાહના અદલનો અર્થ એ છે કે, અલ્લાહ દરેક બુરાઈથી પાક છે. તેની ઝાતમાં દરેક કમાલ મૌજુદ છે. તે કોઈ બુરૂં કામ કરી શકતો નથી, સાથોસાથ તે કોઈ જરૂરી કામ કરવા માટે અટકતો પણ નથી. એટલે કે અલ્લાહ કોઈ જાતનો ઝુલ્મ કરી શકતો નથી અને તે ઝાલીમને સજા કરવામાં પાછીપાની પણ કરતો નથી.

અલ્લાહ દરેક બુરાઈથી પાક છે તેની દલીલ પ્રથમ આ છે :-

માણસ કોઈ વસ્તુને બુરાઈ માનતો ન હોય ત્યારે તે વસ્તુ કરી બેસે છે અથવા તો પોતે કોઈ વસ્તુને બુરાઈ માનતો હોવા છતાં પોતાના લાભ માટે જાણી જોઈને બુરાઈ કરે છે. આ બંને વાતો અલ્લાહ માટે નથી. કારણ કે અલ્લાહ આલિમ (જ્ઞાની) છે એટલે દરેક બુરાઈને જાણે છે, અને પોતે બેપરવાહ છે, તેને કશાની જરૂર નથી એટલે તેને કશા લાભ નફા વિ.નું કામ નથી, એટલા માટે તે બુરાઈ કરી શકતોં નથી.

અલ્લાહના આદિલ હોવાની બીજી દલીલ એ છે કે :-

અલ્લાહે પોતાના બંદાઓને ઝુલ્મ કરવાની મનાઈ કરેલ છે. કુરઆને મજીદમાં પણ આવા હુકમો વારંવાર આપવામાં આવ્યા છે અને તેણે મોકલેલા એક લાખ ચોવીસ હજાર નબીયોએ પણ આ હુકમ આપ્યો છે. આ રીતે જે પોતે ઝુલ્મ કરવાની મનાઈ કરે તે પોતે ઝુલ્મ કરે ખરો ? ત્રીજી દલીલ અલ્લાહની આદિલ હોવાની

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

એ છે કે, અલ્લાહે વચન આપેલ છે કે, સારા કામ કરનારને જન્નત આપવામાં આવશે અને ખરાબ કામ કરનારને દોઝખની સઝા કરશે. માનવ જન્નતની લાલચ તથા દોઝખની શિક્ષાને નઝરમાં રાખીને સારા કામ કરે છે અને બુરા કામથી દૂર રહે છે. કારણ કે ઈન્સાનને અલ્લાહ પર ભરોસો છે. પરંતુ અગર જો અલ્લાહ આદિલ નથી પણ ઝાલીમ છે, તો આપણને જરૂર વિચાર આવશે કે, અલ્લાહ સારા કામનો સારો બદલો આપવાને બદલે સઝા કરી દોઝખમાં નાખી દેત, કારણ કે ઝાલીમ માટે આ વાત સંભવિત છે. જો આમ હોય તો અલ્લાહ પર ભરોસો રહે નહીં અને માણસો બુરા કામ કરવાથી અટકે નહીં અને કોઈ સારા કામ કરે જ નહીં. આ રીતે નેકી બંધ થઈ જવાથી બદીનું પ્રમાણ વધી જશે અને આખી દુનિયામાં બદી ફેલાઈ જશે, જે એક ખરાબ વાત છે. તેથી અલ્લાહ આદિલ છે એ માનવું આપણા બધા માટે લાઝીમ (જરૂરી) છે.

# સવાલ

૧. અલ્લાહ આદિલ છે તેનો અર્થ શું ?

૨. અલ્લાહના આદિલ હોવાની કોઈ એક દલીલ બયાન કરો.

૩. અલ્લાહ આદિલ ન રહે તો દુનિયા કઈ રીતે બુરાઈથી ભરાઈ જાય ? તે સમજાવો.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

પાઠ 7

# નબુવ્વત

આ દુનિયામાં માનવ પણ પૈદા થાય છે અને જાનવર પણ પૈદા થાય છે. આખું જીવન તેઓ બંને ખાય છે-પીએ છે અને રહે છે. ત્યારબાદ એક દિવસ તેઓ બંનેને મૌત આવી જાય છે. આ બાબતમાં ઈન્સાન અને જાનવર બંને મળતા આવે છે. પણ બંનેમાં તફાવત એ છે કે, જાનવર પાસેથી તેના સારા-નરસા કામનો હિસાબ લેવામાં આવશે નહિ અને તેમને જન્નત યા દોઝખમાં નાખવામાં આવશે નહીં. પણ ઈન્સાનને મરણ બાદ ફરીથી જીવતા કરવામાં આવશે અને તેમને અલ્લાહના દરબારમાં હાજર થવું પડશે.

જેના કામથી અલ્લાહ ખુશ થઈ જશે તેને જન્નતમાં મોકલશે અને જેનાથી અલ્લાહ નાખુશ હશે તેને દોઝખમાં નાખવામાં આવશે. જાનવરના જીવનમાં આ વસ્તુ જાણવાની જરૂર નથી કે અલ્લાહ તેના મામલામાં કઈ વાતથી ખુશ થશે અને કઈ વાતથી નાખુશ થશે. પણ ઈન્સાનના માટે એ જરૂરી છે કે તેની કઈ વાતથી અલ્લાહ ખુશ છે અને કઈ વાતથી અલ્લાહ નારાઝ થશે તે જાણી લે. અલ્લાહ બંદા પર મહેરબાન છે એટલા માટે આ તમામ બાબતો સમજાવવા માટે તેણે એક લાખ ચોવીસ હજાર નબીયો મોકલ્યા છે. જેમાં ત્રણસો તેર મોટા નબી હતા. મોટા નબીને રસૂલ કહેવામાં આવે છે. ત્રણસો તેર રસૂલોમાં પાંચ મોટા રસૂલ હતા જેને ઉલુલઅઝમ રસૂલ કહેવામાં આવે છે. આ પાંચમાં બધાથી મોટા

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

આપણા રસૂલ હ. મોહમ્મદ મુસ્તુફા (સ.અ.વ.) છે જે અલ્લાહના છેલ્લા નબી છે. આપના પછી કોઈ નબી આવેલ નથી અને આવશે પણ નહીં. જે લોકોએ આપના પછી નબી હોવાનો દાવો કર્યો હતો તે બધા ખોટા છે. જેવા કે, મુસયલમ યે કઝ્ઝાબ, સુજાહ અને મિર્ઝા ગુલામ એહમદ કાદયાની વિ.વિ.

જે નબીયોના નામ કિતાબોમાંથી મળે છે તેમાંથી આ મશહૂર છે :-

| | |
|---|---|
| ૧. હ. આદમ (અ.), | ૨. હઝરત નૂહ (અ.) |
| ૩. હ. ઈદરીસ (અ.) | ૪. હ. ઈબ્રાહીમ (અ.) |
| ૫. હ. ઈસ્માઈલ (અ.) | ૬. હ. ઈસ્હાક (અ.) |
| ૭. હ. યાકૂબ (અ.) | ૮. હ. યુસુફ (અ.) |
| ૯. હ. યુનુસ (અ.) | ૧૦. હ. લૂત (અ.) |
| ૧૧. હ. સાલેહ (અ.) | ૧૨. હ. હૂદ (અ.) |
| ૧૩. હ. શૌએબ (અ.) | ૧૪. હ. શીશ (અ.) |
| ૧૫. હ. દાઉદ (અ.) | ૧૬. હ. સુલૈમાન (અ.) |
| ૧૭. હ. ઝુલ્કિફલ (અ.) | ૧૮. હ. ઈલ્યસા (અ.) |
| ૧૯. હ. ઈલ્યાસ (અ.) | ૨૦. હ. ઝકરીયા (અ.) |
| ૨૧. હ. યહ્યા (અ.) | ૨૨. હ. મૂસા (અ.) |
| ૨૩. હ. હારૂન (અ.) | ૨૪. હ. યુશા (અ.) |
| ૨૫. હ. ઈસા (અ.) | ૨૬. હ. મોહમ્મદ મુસ્તુફા (સ.અ.વ.) |

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

પાંચ ઉલુલઅઝમ રસૂલ કે જેમને ખુદાએ શરીઅત આપીને મોકલ્યા હતા. તેઓના નામ નીચે મુજબ છે :

(૧) જ. નૂહ (અ.) (૨) જ. ઈબ્રાહીમ (અ.) (૩) જ. મૂસા (અ.) (૪) જ. ઈસા (અ.) (૫) હ. મોહમ્મદ મુસ્તુફા (સ.અ.વ.)

આપણા રસૂલ આવ્યા પછી આગળની બધી શરીઅતો ખુદાએ રદ કરી દીધી છે. હવે કયામત સુધી આપણા નબીની શરીઅત બાકી રહેવાની છે. જે આપની શરીઅતને માનશે તેની જ નજાત (મુક્તિ) થશે.

# સવાલ

૧. ઈન્સાન અને જાનવરમાં શો તફાવત છે ?

૨. ઈન્સાનને અલ્લાહની મરઝી અને નારાજગી કઈ રીતે જાણવા મળે છે ?

૩. બે જૂઠા નબીના નામ બતાઓ.

૪. દસ સાચા નબીના નામ આપો.

૫. અત્યારે કોની શરીઅત બાકી છે ? અને કયામત સુધી કોની શરીઅત ચાલશે ?

૬. કયા લોકોની મુક્તિ થશે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 8

# નબીની સીફાતો (ગુણ)

તમે જાણો છો કે, દરેક નબીમાં કેટલીક વાતો હોવી જરૂરી છે.

(૧) નબી આલિમ (જ્ઞાની) પૈદા થાય છે. તેના મા-બાપ, દાદા-દાદી વિ. તેના તમામ પૂર્વજો મુસલમાન હોય છે. નબી કોઈ કાફરના વંશમાં જન્મતા નથી, હંમેશા પાક અને પવિત્ર વંશમાં જન્મે છે. નબી હંમેશા ઉમદા અને ઈઝ્ઝતદાર કુટુંબમાં પૈદા થાય છે. નબીને કોઈ અણછાજતી બીમારી કે ધીક્કારવા લાયક બીમારી હોતી નથી અને નબી કોઈ એવો ધંધો-રોજગાર કરતા નથી કે જેમાં ઝિલ્લત (બેઈઝ્ઝતી) કે રૂસવાઈ આવી પડે.

(૨) હરેક નબી માસૂમ હોય છે. નબીથી કોઈ ગુનાહ અમલમાં આવતા નથી-ન કોઈ બુરાઈ, ન કોઈ ભૂલચૂક થાય છે-ન ખતા કે ન ગલતી. નબી જોકે જ્ઞાની પૈદા થાય છે તેથી દરેક બુરાઈથી નફરત-અણગમો રાખે છે અને દરેક બુરાઈથી દૂર રહે છે. આ અણગમો અને દૂરીના લીધે તે કદી ગુનાહ કરતા નથી. માસૂમમાં ગુનાહ કરવાની વૃત્તિ હોતી નથી એમ સમજવું ભૂલભરેલું છે. તેને ફરજિયાત નેક કામ કરવા પડે છે એમ માનવું પણ સમજદારીથી દૂર છે.

મુખ્ય બાબત એ છે કે તે (નબી) પોતાના જ્ઞાન વડે

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

ગુનાહની બુરાઈ વિ. જાણે છે, તેથી તે પોતાના ઈરાદાથી અને પોતાની ઈચ્છાથી ગુનાહથી બચે છે અને નેકીઓ બજાવી લાવે છે.

(૩) નબી જે લોકોની હિદાયત માટે મોકલ્યા હોય તે સહુથી કમાલ અને ખુબીમાં મોખરે હોય છે. નબીના સમયનો કોઈ પણ માનવ નબી કરતાં કોઈપણ બાબતમાં અફઝલ (ઉત્તમ) હોતો નથી. નબી પોતે જ સર્વોત્તમ હોય છે.

(૪) કોઈ નબી આપોઆપ નબી બની બેસતો નથી. પણ અલ્લાહ તેને પૈગમ્બરી આપે છે.

# સવાલ

૧. શું નબીના પૂર્વજોમાં કોઈ કાફર હોઈ શકે ?

૨. શું માસૂમ સારા કામ કરવા માટે તથા બુરા કામ ન કરવા માટે મજબૂર છે ?

૩. નબી કયા કયા માણસો કરતા અફઝલ (ઉત્તમ) હોય છે ?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

પાઠ 9

# નબીની ઓળખાણ

ખુદાએ કોને નબી બનાવીને મોકલ્યા છે આ બાબત આપણને બે રીતે જાણવા મળે છે.

(૧) મૌજુદ નબી પોતાની પાછળ આવવાવાળા નબીનું નામ કામ બતાવતા જાય છે જેમ કે જ. ઈસા (અ.) આપણા નબીના આવવાની ખબર આપી ગયા હતા અને તેમણે ભવિષ્યવાણી કરી હતી કે મારી બાદ એક નબી આવશે જે છેલ્લા નબી હશે, જેનું નામ એહમદ હશે. જ. મૂસા (અ.)એ પણ આપણા નબીના આવવાની ખબર આપેલ હતી કે, યસરબ નામના શહેરમાં છેલ્લા નબી આવશે. એટલે યહુદીઓ આપણા રસૂલના આગમન પહેલા યસરબમાં આવીને વસવા લાગ્યા હતા. યસરબ મદીનાનું બીજું નામ છે.

યહુદીઓ અને ઈસાઈઓ જ. મૂસા (અ.) અને જ. ઈસા (અ.)ની આગાહીઓ સાંભળીને આપણા નબીના આવવાની આતુરતાપૂર્વક રાહ જોતા હતા પણ તેઓ બધાનું દુર્ભાગ્ય હતું કે જ્યારે એ નબી, કે જેની તેઓ ઈન્તેજારી કરતા હતા, તે જ્યારે પધાર્યા ત્યારે તેની પર ઈમાન લાવવા તથા તેની મદદ કરવાને બદલે તેના દુશ્મન બની ગયા અને સખ્ત વિરોધી બની બેઠા.

(૨) નબીને ઓળખવાની બીજી રીત મોઅજીઝો છે. મોઅજીઝા એક એવી ઈલાહી શકિત હોય છે કે જેના વડે નબી વિસ્મય પમાડે તેવા કામ કરી બતાવે છે. જેનો જવાબ લાવવા માટે તે સમયના

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

માણસો લાચાર બની જાય છે. આ રીતે એ સમયના માણસોને યકીન થઇ જાય છે કે, મોઅજીઝો દેખાડનાર અલ્લાહના મોકલેલ નબી છે. એટલા માટે દરેક નબી પોતાની નબુવ્વત પેશ કરતી વખતે મોઅજીઝા બતાવે છે. જેમકે :

દા.ત., જનાબે મૂસા (અ.)ની પાસે જે લાકડી (ડાંગ) હતી, જે અજગર બની ગયેલ અને જાદુગરોના બનાવેલા જાદુઇ સાપને ગળી ગઈ હતી. જનાબે ઈસા (અ.) પણ મુડદાને ફરી જીવતા કરતા હતા, બિમારોને વગર દવાએ સાજા કરતા હતા. આપણા રસૂલ (સ.અ.વ.)એ પણ અનેક મોઅજીઝા બતાવેલ, જેવાં કે આપણા રસૂલ (સ.અ.વ.)એ પોતાની આંગળીના ઈશારાથી ચંદ્રના બે ટૂકડા કર્યા હતા. એક વખત આપની આંગળીમાંથી પાણીના ફુવારા વહેવા લાગ્યા હતા. પત્થર અને જાનવર માણસોની જેમ આપની નબુવ્વતની સાક્ષી આપવા લાગ્યા હતા. ઝાડ આપનો હુકમ માનીને આપની નજીક આવી જતાં હતાં. કુરઆને મજીદ આપણા નબીનો સર્વથી મોટો અને કયામત સુધી બાકી રહેવાવાળો મોઅજીઝો છે, કે જેણે તમામ માનવો અને જીનોને પડકાર ફેંકયો છે કે, જો તમો બધાથી બની શકે તો આ પુસ્તકનો જવાબ લઈ આવો. પરંતુ હજી સુધી જવાબ આવ્યો નથી. આ બાબત કુરઆને મજીદનું મોઅજીઝો હોવાની સૌથી મોટી દલીલ છે.

# સવાલ

૧. નબીને ઓળખવાની બે રીત કઈ છે ?

૨. નબીને અલ્લાહ મોઅજીઝો શા માટે આપે છે ?

૩. પાંચ મોઅજીઝા વર્ણવો.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 10

## હઝરત આદમ અ.સ.

આજથી હજારો વર્ષો પહેલા દુનિયામાં આદમીઓનું નામો નિશાન પણ ન હતું. દુનિયાતો હતી, પરંતુ રહેવાવાળું કોઈ ન હતું. અલ્લાહે જયારે દુનિયાને આબાદ કરવાનો નિર્ણય લીધો ત્યારે માટીનું એક પુતળુ બનાવવામાં આવ્યું. અને અલ્લાહે તે પુતળામાં જીવ નાખી ઈન્સાન બનાવી દીધો.

દુનિયાના આ સૌથી પહેલા ઈન્સાનનું નામ છે. આદમ અ.

હ.આદમ અ.સ.જન્નતમાં પૈદા થયા.આપની પત્ની જ.હવ્વા પણ જન્નતમાં પૈદા થઈ. બન્ને ખુશી ખુશી જન્નતમાં જીવન વિતાવી રહ્યા હતા.

અલ્લાહે જયારે હ.આદમને પૈદા કર્યા હતા ત્યારે ફરિશ્તાઓને હુકમ આપ્યો, કે આદમ અ.ને સજદો કરો.બધા ફરિશ્તાઓએ હ.આદમ અ.ને સજદો કર્યો. પરંતુ શૈતાને આપને સજદો કર્યો નહીં.

અલ્લાહ શૈતાનની આ હરકતથી નારાઝ થઈ ગયો.માટે શૈતાનને જન્નતથી કાઢી મુકયો.હવે શૈતાન દુનિયામાં છે, અને ઈન્સાનોને બહેકાવતો રહે છે.તે આપણને બુરી વાતો શીખવાડે છે.બુરા રસ્તા દેખાડે છે.જેનાથી અલ્લાહ આપણાથી પણ નારાઝ રહે.

હઝરત આદમ અને જ.હવ્વા ઘણા દિવસો સૂધી જન્નતમાં રહ્યા. અલ્લાહે તેઓને કહ્યું હતુ કે આરામથી જન્નતમાં રહો, પરંતુ તે સાથે તેઓને એક ખાસ ઝાડ પાસે જવાની મનાઈ કરેલ હતી. એક દિવસ હ.આદમે તે ઝાડનું ફળ ખાઈ લીધું જે ઝાડ પાસે જવાની અલ્લાહે મનાઈ કરેલ હતી. ત્યાર પછી અલ્લાહે હ.આદમ અ.ને દુનિયામાં મોકલી દિધા.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

સૌથી પહેલા હ.આદમ આ દુનિયામાં આવ્યા, અને તેજ ખુદાના સૌથી પહેલા નબી હતા.જયારે આપ દુનિયામાં આવ્યા, તો શું જોવે છે, કે દુનિયા એકદમ ઉજ્જડ અને સુનસાન છે. કોઈ આબાદી નથી. બસ જંગલ પહાડ અને સમુદ્ર છે. અને ત્યાર પછી સન્નાટો.

આપ દુનિયામાં રહેવા લાગ્યા. અલ્લાહે આપને ઘણા દિકરાઓ અતા કર્યા. આપના આ દિકરાઓની ઔલાદો થકી દુનિયા આબાદ થઈ ગઈ.

આજે આપણી દુનિયામાં કરોડો આદમી રહે છે. આ બધા આદમ અ.ની ઔલાદ છે. માટે બધા આપસમાં ભાઈ ભાઈ છે. આ બધા અલગ અલગ દેશોમાં રહેવાના કારણે અલગ અલગ ભાષા બોલવા લાગ્યા તેઓના રંગ રૂપ અલગ અલગ થઈ ગયા.

રીત રીવાજો પણ બદલાઈ ગયા. પરંતુ છે બધા એકજ મૉ-બાપની ઔલાદ.....આદમ અ. અને હવા અ.ના સંતાન. હ. આદમ અ. અલ્લાહના પહેલા નબી હતા. આપ અલ્લાહના બહુજ પ્યારા નબી હતા. આપને 'સફીયુલ્લાહ' કહેવામાં આવે છે.

'સફીયુલ્લાહ'નો અર્થ ચુંટી કાઢેલો, અલ્લાહે હ.આદમ અ.સ.ને પોતાની મોહબ્બત માટે ચૂંટી લીધા હતા. આપને બહુજ ઈઝ્ઝત આપી હતી. માટે આપને 'સફીયુલ્લાહ' કહેવામાં આવે છે.

## સવાલ

(૧) હ. આદમ અ. કેવી રીતે પૈદા થયા?
(૨) હ. આદમ અ. કેવી રીતે દુનિયામાં આવ્યા?
(૩) અલ્લાહે દુનિયાને કેવી રીતે આબાદ કરી?
(૪) હ. આદમનો લકબ શું છે? અને શા માટે છે?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 11

# આપણા છેલ્લા નબી

આમુલ્ફીલના પહેલા વરસમાં તા. ૧૭મી રબીઉલ અવ્વલના જુમ્આના રોજ સુબ્હ સાદિક વખતે આપણા નબી મક્કાએ મોઅઝ્ઝમામાં પૈદા થયા. આપણા નબીએ કરીમના માનવંતા માતૃશ્રીનું નામ જનાબે આમિના ખાતૂન છે. આપના નાનાબાપાનું નામ જનાબે વહબ હતું, જેઓ મદીનાના મોટા આબરૂદાર માણસ હતા. નબીએ કરીમની પૈદાઈશ પહેલા આપના પવિત્ર પિતાજી હ. અબ્દુલ્લાહની વફાત થઈ ગઈ હતી. જનાબે અબુતાલીબ (અ.) આપના કાકા થતા હતા. જ્યારે આપ પૈદા થયા ત્યારે ઝમીનથી આસમાન સુધી એક પ્રકાશ ફેલાઈ ગયો હતો. અનેક ફરીશ્તાઓના ટોળેટોળા આપના ઘર પર આવી રહ્યા હતા. શૈતાને ગભરાઈને મલાયકાને પૂછ્યું કે, શું કયામત આવી ગઈ ? મલાયકાએ જવાબ આપ્યો કે, છેલ્લા નબી હ. મોહમ્મદ મુસ્તુફા (સ.અ.વ.)ની પૈદાઈશ થઈ ગઈ છે. અમો આકાશમાંથી મુબારકબાદી પાઠવવા જઈ રહ્યા છીએ. શૈતાન ત્યારથી આપણા રસૂલ (સ.અ.વ.) અને તેની પાક આલ (પવિત્ર સંતાન)નો દુશ્મન બની ગયો. આપ જ્યારે ચાર વરસના થયા ત્યારે આપના માતૃશ્રી જ. આમિના ખાતૂન 'અબવા' નામની જગ્યાએ વફાત પામ્યા. જ્યારે આપની ઉમર આઠ વરસની થઈ ત્યારે આપના માયાળુ દાદા જ. અબ્દુલ મુત્તલિબ વફાત પામ્યા. દાદાની વફાત બાદ આપના સગા કાકા હ. અબુતાલિબે

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

આપનું પાલન પોષણ કર્યું. જનાબે અબુતાલિબ (અ.) મરણ પર્યંત આપના મદદગાર, રક્ષક તથા સહાયક બનીને રહ્યા હતા. આપની કાકીમા જ. ફાતેમા બિન્તે અસદ હતા. જેમણે આપની ઔલાદની જેમ પરવરીશ કરી. જ. ફાતેમા બિન્તે અસદ હઝરત અલી અલૈહિસ્સલામના માતૃશ્રી હતા. જનાબે રસૂલે ખુદા પણ તેણીને માતૃશ્રી કહેતા હતા.

જ્યારે આપ પચીસ વરસના થયા ત્યારે આપની શાદી અરબસ્તાનની મશહુર ખાતૂન જ. ખદીજા (અ.) સાથે થઈ. જ. ખદીજાએ પોતાની સઘળી દૌલત ઈસ્લામના પ્રચાર પાછળ ખરચી નાખી. જ. ખદીજાના ઈન્તેકાલ બાદ નબીયે કરીમે ઘણા લગ્ન કર્યા, પરંતુ આપ જનાબે ખદીજાને પોતાની વફાત સુધી બહુ જ યાદ કરતા હતા.

જ્યારે આપની ઉંમર ૪૦ વરસની થઈ ત્યારે તા. ૨૭ રજબના રોજ ખુદાએ આપને પૈગમ્બરી જાહેર કરવાનો હુકમ આપ્યો. ત્રણ વરસ સુધી આપે ગુપ્ત રીતે ઈસ્લામની તબ્લીગ કરી. ત્યાર પછી ખુલ્લંખુલ્લા તબ્લીગ કરવાનો હુકમ આવ્યો. જ્યારે આપની ઉંમર ૫૧ વરસની થઈ અને ઈસ્લામની જાહેરાતને ૧૧ વરસ થયા ત્યારે થોડાક માસને અંતરે જ. અબુતાલિબ (અ.) અને જ. ખદીજા એક પછી એક વફાત પામ્યા. આ બંનેની વફાતને લીધે આપ બહુ જ ગમગીન થયા અને જે વરસમાં આ બંનેની વફાત થઈ તે વરસને 'ગમનું વરસ' એવું નામ આપ્યું. જ્યારે આપની ઉંમર ૫૩ વરસની થઈ અને ઈસ્લામની જાહેરાતને ૧૩ વરસ થયા ત્યારે ખૂબ ખૂબ સંકટો વેઠીને ઈસ્લામનો પ્રચાર કર્યો. મક્કામાં અસહ્ય ત્રાસને લીધે

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

આપે મદીના હીજરત કરી.

હીજરતની રાતના આપના ઘરને દુશ્મનોએ ઘેરી લીધું હતું. અલ્લાહના હુકમ પ્રમાણે આપ ઘરની બહાર નીકળ્યા પણ દુશ્મનોની આંખે પડદા પડી ગયા. તેઓ આંધળા થઈ ગયા અને આપને દેખી શકયા નહીં. આપ પોતાના બીછાના પર હ. મૌલા અલી (અ.)ને સુવડાવી ગયા. પથારી ભરેલી છે તેમ સમજીને દુશ્મનો રાત આખી એમજ સમજતા રહ્યા કે, બીસ્તર પર રસૂલ જ સુતા છે. મૌલા અલી (અ.) દુશ્મનોની તલવારની છાયામાં આખી રાત નીરાંતે સુઈ રહ્યા. આ રીતે હીજરત બાદ મદીનામાં આપે દસ વરસ જીવન વીતાવ્યું. આપે જે વરસે મક્કાથી મદીના હીજરત કરી તે વરસથી હીજરી સન શરૂ કરવામાં આવી.

હીજરતને બે વરસ થયા ત્યારે આપે આંખનું નૂર-દીલનો ટૂકડો ઈસ્લામની શાહઝાદી જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની શાદી દીન દુનિયાના મૌલા હઝરત અલી (અ.)ની સાથે કરી આપી.

હીજરી સન ૧૦ હીજરતના દસમે વરસે આપે છેલ્લી હજ અદા કરી. હજ કરીને પાછા ફરતી વેળાએ તા. ૧૮મી ઝિલ્હજના દિવસે ગદીરે ખુમ નામની જગ્યાએ સવા લાખ હાજીઓના સમુહમાં બપોર પહેલાં ખુલ્લા મેદાનમાં અલ્લાહના હુકમ પ્રમાણે મૌલા અલી (અ.)ને પોતાના ખલીફા અને જાનશીન નક્કી કરી દીધા. મદીના પાછા ફર્યા બાદ આપ બે મહિના અને દસ દિવસ જીવતા રહ્યા. થોડાક દિવસની બીમારી ભોગવીને તા. ૨૮મી સફરના રોજ ૬૩ વરસની ઉંમરે વફાત પામ્યા. મૌલા અલી (અ.)એ આપણા છેલ્લા રસૂલને ગુસલ-કફન આપીને મદીનામાં દફન કર્યા.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# સવાલ

૧. આપણા રસૂલની જન્મ તારીખ તથા વફાતની તારીખ બતાવો. આપ કેટલા વરસ જીવતા રહ્યા તે જણાવો.

૨. બચપણમાં આપનું પાલનપોષણ કોણે કોણે કર્યું તે કહો.

૩. આપની માતૃશ્રી તથા કાકીમાના નામ આપો.

૪. પૈગમ્બરી જાહેર કરતી વેળાએ અને હીજરત વેળાએ આપની ઉંમર કેટલી હતી તે જણાવો.

૫. 'ગમનું વરસ' કયુ ? અને તે શા માટે કહેવામાં આવ્યું ?

૬. જ. ફાતેમા (સ.અ.)ની શાદી કયારે અને કોની સાથે થઈ તે જણાવો. આપની ઔલાદના નામ બતાવો.

૭. મૌલા અલી (અ.)ને કયારે અને કયાં ખલીફા બનાવ્યા તે કહો.

૮. રસૂલ ખુદાને કોણે દફન કર્યા ?

૯. અત્યારે કઈ હીજરી સન ચાલુ છે અને રસૂલને હીજરત કર્યા કેટલા વરસ થયા તે જણાવો.



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 12
# ઈમામત

ઈમામત પણ નબુવ્વતની જેમ ઉસુલે દીનમાં છે-ફુરૂએ દીનમાં નથી. એટલા માટે કે અલ્લાહ બંદાની હિદાયત માટે નબી પછી નબી મોકલતો રહ્યો છે, એ અલ્લાહ માટે જરૂરી છે કે નબુવ્વતના અંત થયા પછી કયામત સુધી પૈદા થનાર માણસો માટે હિદાયતનો બંદોબસ્ત ચાલુ રાખે. એટલે તેણે ખાતેમુલ્મુરસલીન હ. મોહમ્મદ મુસ્તુફા (સ.અ.વ.)ના બાદ ૧૨ ઈમામોને ઈન્સાનના રહેબરો તથા માર્ગદર્શકો નક્કી કર્યા છે. આ બાર ઈમામોની ઈમામત પૂરી થયા બાદ દુનિયા ખત્મ થઈ જશે અને કયામત આવી જશે.

ઈમામત ઉસુલે દીનનો મસઅલો (પ્રસંગ) છે. એને જે ન માને તે ઈમાન સાથે મરતો નથી અને મરણ બાદ જન્નતમાં પણ જઈ શકતો નથી. અલ્લાહનો કૌલ છે કે, "કયામતના દિવસે અમે હરેક ઈન્સાનને તેના ઈમામની સાથે બોલાવશું." આ વાતથી સાબિત થયું કે, કયામતના દિવસે ફકત એ જ સવાલો નહીં પૂછાય કે, "તમારો અલ્લાહ કોણ છે?" "તમારો રસૂલ કોણ છે?" "તમારી કિતાબ કઈ છે?" "તમારો કિબ્લો કયો છે?" "તમારો દીન કયો છે?" પરંતુ સૌથી મોટો સવાલ એ પણ હશે કે, "તમારા ઈમામ કોણ છે?" એટલા માટે ઈમામને જાણવા અને માનવા જરૂરી છે.

હઝરત રસૂલ (સ.અ.વ.)નો કૌલ છે, "જે માણસ પોતાના ઈમામને ઓળખ્યા વગર મરશે તેની મૌત ગુમરાહની અને કાફિરની

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

મૌત હશે. એટલે માલુમ થયું કે, ઈમામે ઝમાનાને માન્યા સિવાય કોઈ માણસ ઈસ્લામી મૌત મરતો નથી, જ્યારે ઈમામને માનવું એટલું બધું જરૂરી છે, તો પછી ઈમામોને પસંદ કરવા અને નબીયો મારફત તેમના નામની જાહેરાત કરાવવી, એ બધું અલ્લાહની જવાબદારીમાં આવી જાય છે. જ્યારે કયામત સુધી દીને ખુદા અને કુરઆને શરીફનું બાકી રહેવું જરૂરી છે, તો શરિઅત, કિતાબ અને સુન્નતની રખેવાળી કરવા માટે પણ કેટલાક રક્ષકો હોવા જોઈએ. બાર ઈમામોને એટલા માટે જ નક્કી કરવામાં આવ્યા છે કે તેઓ નબીના દીનને બાકી રાખે.

ઈમામ : એ નબીની જેમ મઅસૂમ હોય છે. દરેક જાતની ભૂલચૂક, ખતા વિગેરેથી પાક હોય છે.

ઈમામ : એ નબીની જેમ આલિમ (જ્ઞાની) પૈદા થાય છે અને જીવન પર્યંત કદી કોઈ નાની મોટી બાબતોમાં એમ કહી શકતા નથી કે, "હું આ વાત જાણતો નથી."

ઈમામ : નબીની જેમ મોઅજીઝો (ચમત્કાર) બતાવવાની શકિત ધરાવે છે. નબી અથવા ઈમામ જે મોઅજીઝા બતાવે છે, તેનો જવાબ લાવવો શકય નથી.

ઈમામ : તે નબીની જેમ પોતાના સમયના તમામ ઈન્સાનોમાં સર્વશ્રેષ્ઠ હોય છે.

ઈમામ : તે નબીની જેમ અંગત રીતે વ્યકિતગત, કૌટુંબીક, શારીરિક, આત્મીય, જાહેરી તથા છૂપા ખોડખાંપણ કે ખામી વિનાના હોય છે. દરેક ઐબથી પાક હોય છે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

ઈમામ : તે નબીની જેમ દરેક પ્રકારના કમાલના સંગ્રહ જેવા હોય છે.

ઈમામ : તે નબીની જેમ પોતાના સમયના સૌથી બહાદુર વ્યક્તિ હોય છે.


ઈમામ : તે નબીની જેમ દીન અને દુનિયાના સર્વાંગી રીતે હાકિમ હોય છે.

ઈમામ : તે હાશમી ખાનદાનમાંથી ઉતરી આવેલ હોય છે અને નબીની એહલેબૈતમાંથી હોય છે.

# સવાલ

૧. ઈમામમાં કઈ કઈ જાતની વિશેષતાઓ હોય છે તે જણાવો.

૨. ઈમામત ઉસુલે દીનમાં છે, તે બાબતની દલીલમાં એક આયત, એક હદીસ વર્ણવો.



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

પાઠ **13**

# ઈમામનું હોવું જરૂરી છે તે બાબતનો એક દીલચશ્પ વાર્તાલાપ

(એક રમુજી વાર્તાલાપ)

આ દુનિયા ઈમામ વગર બાકી રહી શકતી નથી તેમજ માણસોને પણ ઈમામ વિના હિદાયત મળી શકતી નથી. આ બાબતમાં એક રમુજી વાતચીત સંભળાવીએ છીએ.

હ. ઈમામ જાઅફર સાદિક (અ.)ના શિષ્ય અને સહાબી (સાથી) જ. હિશામ બીન હકમ હતા. એકવાર તેમણે વાત સાંભળી કે અમ્ર ઈબ્ને ઓબેદા નામનો એક માણસ બસરા નામના ગામમાં જુમ્આ મસ્જિદમાં માણસોની સામે મોટી મોટી ડમફાશો મારે છે અને જુઠા જુઠા દાવા કરે છે. એક વાર જુમ્આના દિવસે તેજ મસ્જિદમાં જ. હિશામ પહોંચી ગયા. ત્યાં તે જુએ છે કે, કેટલાક માણસો ભેગા મળીને તેને પ્રશ્નો પૂછી રહ્યા છે. જ. હિશામ પણ ગીરદીમાંથી માર્ગ કાઢી તેની નજીક પ્રહોંચી ગયા અને તેની સાથે વાતચીત શરૂ કરી.

હિશામ :- હું એક મુસાફીર છું, જો તમે રજા આપો તો હું કાંઈ પ્રશ્નો પૂછું ?

અમ્ર :- (ભય વગર) જે પૂછવું હોય તે પૂછો.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

હિશામ :- શું તમારે આંખો છે ?

અમ્ર :- શું આ તે કોઈ પ્રશ્ન છે ? આથી વધીને કોઈ મુર્ખાઈભર્યો પ્રશ્ન હોઈ શકે છે ?

હિશામ :- મારે તો એવું જ પૂછવું છે. જવાબ દેવામાં તમને શો વાંધો છે ?

અમ્ર :- અગર તમારે આવું જ પૂછવું હોય તો એમ પૂછો-ખફા ન થાઓ, ઝઘડો નહીં. હા, મારે આંખો છે.

હિશામ :- વારૂ ! તેના વડે તમે શું કામ લ્યો છો ?

અમ્ર :- અરે ભાઈ ! આ તો કોઈ પૂછવાનો પ્રશ્ન છે. એ તો જાહેર છે કે, આંખો વડે વસ્તુ નિહાળીયે છીએ અને તેના રંગ વિ. જોઈએ છીએ.

હિશામ :- શું તમારે નાક છે ?

અમ્ર :- હાં છે, પણ આમ પુછવાથી તમારો મતલબ શો ?

હિશામ :- મતલબ બતલબ કશું જ નહીં, ફકત એ બતાવો કે તેના વડે તમે શું કરો છો ?

અમ્ર :- નાક વડે દરેક પ્રકારની ગંધ જાણીએ છીએ અને શ્વાસ લઈએ છીએ.

હિશામ :- શું જીભ છે ?

અમ્ર :- વારૂ, આ પ્રશ્ન પણ ખરો. હાં જીભ છે ખરી.

હિશામ :- તેનાથી શું કામ લ્યો છો ?

અમ્ર :- જીભ વડે વાતો કરૂં છું, બોલું છું અને દરેક જાતનો

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

સ્વાદ જાણું છું. જેવાં કે મીઠા, કડવા, ખારા, ફીક્કા વિ. સ્વાદ.

હિશામ :- તમારે કાન છે ?

અમ્ર :- હાં ભાઈ છે.

હિશામ :- તે પણ કંઈ કામમાં આવે છે કે એમ જ (બેકાર) છે ?

અમ્ર :- કેટલું અજબ ! અરે ભાઈ, કાનથી સારી, નરસી-નજીકની, દૂરની વાતો સાંભળું છું.

હિશામ :- વારૂ હશે. અરે ભલા ? તમોને હાથ છે કે કેમ એ તો બતાવો ?

અમ્ર :- વાહ વાહ ! હાથ નથી તો શું હું ઠુઠો છું ? તમારો મતલબ કહોને !

હિશામ :- તેનાથી કાંઈ કામ થાય છે, કે બસ, ખાલી જોવા માટે છે ?

અમ્ર :- સુબ્હાનઅલ્લાહ ! અરે ભાઈ, હાથ વડે શરદી, ગરમી, સુકી, લીલી, નરમ, કઠણ, ચીકણી વિ. વસ્તુઓની જાણ થાય છે.

પછી આ રીતે એક એક અંગ બાબત પૂછતાં પૂછતાં છેલ્લે 'દિલ' બાબત સવાલ પૂછ્યો.

હિશામ :- શું તમારી પાસે દિલ છે કે, પછી દિલ વગર પૈદા થયા છો ?

અમ્ર :- માશાઅલ્લાહ ! જો દિલ ન હોય તો કામ કેમ ચાલે ? દિલ તમામ કામનો જવાબદાર છે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

હિશામ :- શું તેનાથી પણ કંઈ કામ લેવામાં આવે છે કે ?

અમ્ર :- શું કહેવું ! અરે ભાઈ, એ તો આખા શરીરનો બાદશાહ છે અને શરીરના સઘળા સામ્રાજ્યની દેખભાળ એજ રાખે છે.

હિશામ :- શું બીજા કોઈ અવયવો તેના મોહતાજ કે તાબેદાર છે ?

અમ્ર :- તેના સિવાય કોઈ કામ થઈ જ નથી શકતું.

હિશામ :- જ્યારે આ અવયવો ઠીકઠીક સહી અને સાલિમ (સુરક્ષિત) અને ઠીક કામ આપી રહ્યા છે, તો પછી તેમને દિલની મોહતાજી શા માટે છે ?

અમ્ર :- જ્યારે આ અવયવો કોઈ બાબતમાં શક કરે છે તો દિલ તરફ રજુ થાય છે અને દિલ પાસેથી રસ્તો-માર્ગદર્શન મેળવે છે અને તે પર અમલ કરે છે.

હિશામ :- શું ઈન્સાનના શરીરમાં દિલનું હોવું જરૂરી છે ? દિલ વિના આ બધા અવયવોને યકીન આવતું જ નથી ?

અમ્ર :- હાં, હાં, એના વિના કશું ચાલે જ નહીં.

હિશામ :- અંઈ અમ્ર ! જ્યારે ખુદાએ શરીરના કેટલાક ભાગને રહેબર અને માર્ગદર્શક વિના નથી છોડયા તો આ આખી દુનિયાના માણસોને ઈમામ વગરના રાખ્યા હોય અને તેમની હિદાયત માટે કશું કર્યું ન હોય; શું એ સંભવિત છે ?

(આ સાંભળીને અમ્રના હોશેહોશ ઉડી ગયા અને ગભરાઈને બોલી ઉઠ્યો)

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

અમ્ર :- મિયા ! શું તમે હિશામ છો ?

હિશામ :- નામથી શું કામ છે ?

અમ્ર :- તમે કયાંના રહેવાસી છો ?

હિશામ :- કુફાનો રહેવાસી છું.

અમ્ર :- બસ ! બસ ! તમે જરૂર હશ્શામ જ છો.

એમ કહીને તે જલ્દીથી ઉઠયો અને હિશામના ગળે વળગી પડચો અને આસન પર જગ્યા આપી અને પોતાની બાજુમાં બેસાડચા. જ્યાં સુધી હિશામ ત્યાં બેઠા રહ્યા ભયને લીધે તે ન હાલ્યો કે ચાલ્યો - કશું બોલી જ શકયો નહીં.

આ વાતથી સાબિત થયું કે, દરેક ઝમાનામાં એક ઈમામ જરૂર હોવા જોઇએ.

## સવાલ

૧. હિશામ કોણ હતા અને કોના સહાબી હતા ?

૨. તેમને અમ્ર ઈબ્ને ઓબેદા બસરા વાળાને કેવી રીતે ચૂપ કરી દીધો ?

૩. હિશામને આ જ્ઞાન કયાંથી મળ્યું હતું ?

૪. હિશામને અમ્ર કેવી રીતે ઓળખી ગયો ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 14
# ઈસ્મત

આપણે અજ્ઞાન જન્મીએ છીએ અને દુનિયાની ચીઝથી અભણ હોઈએ છીએ. પછી ધીરે ધીરે ઈલ્મ શીખીએ છીએ. જેટલું આપણું જ્ઞાન વધતું જાય તેટલી આપણી અજ્ઞાનતા ઓછી થઈ જાય છે. આમ છતાં પણ આપણું જ્ઞાન અધુરૂં જ રહે છે. આપણા મોટામાં મોટા આલિમ પણ ઓછું ઈલ્મ ધરાવે છે. આપણે જાણતા હોઈએ છતાં આપણાથી ભૂલ થઈ જાય છે અને ભૂલથી ગલતી કરી બેસીએ છીએ. આ ઉપરાંત આપણે જાણીબુઝીને ભૂલ અને ગુનાહ કરીએ છીએ.

અલ્લાહે આ જાતની ખામીઓ અને નબળાઈઓથી બચાવવા અને આપણા માર્ગદર્શન માટે નબી તથા ઈમામ મોકલ્યા છે.

નબી અને ઈમામનું આ બધી નબળાઈઓથી પાક હોવું જરૂરી છે, નહિતર તેઓ આપણને હિદાયત નહીં કરી શકે. અગર નબી અથવા ઈમામ આવી ભૂલચૂક કે ગલતી કરી બેસે તો તેને પણ અન્ય કોઈ માર્ગદર્શનની જરૂર પડશે. નબી અને ઈમામને માસૂમ બનાવવા માટે ખુદાએ તેને પોતાની એક વિશેષ મહેરબાની વડે એવા જ્ઞાની અને પવિત્ર સ્વભાવના બનાવી દીધા છે કે, જો પછી તે ન કદી કોઈ ગલતીનો ઈરાદો કરે છે, ન તેનાથી કોઈ ગુનાહ થાય છે. આ વિશેષ મહેરબાનીનું નામ છે 'ઈસ્મત' અને અલ્લાહ જેને પોતાની આ વિશેષ મહેરબાની અર્પણ કરે છે, તે માસૂમ થઈ

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

જાય છે.


ઈસ્મત એક છૂપી મહેરબાની છે, એટલે કે અલ્લાહ પોતાના ખાસ બંદાઓને તે અર્પણ કરે છે. એટલે અલ્લાહના બતાવ્યા સિવાય કોઈનું માસૂમ હોવું આપણી જાણની બહાર છે.. નબીયે કરીમ (અ.), બાર ઈમામ (અ.) અને જ. ફાતેમા (સ.અ.) માટે ખુદાએ જણાવ્યું છે કે, આ બધા 'માસૂમ' છે. નબી અને ઈમામને અલ્લાહ પોતે જ નક્કી કરે છે. કારણ કે તેઓનું માસૂમ હોવું જરૂરી છે. તેઓ માસૂમ છે એ વાત ફક્ત અલ્લાહ જ જાણતો હોવાથી નબી અને ઈમામ એ જ હોઈ શકે છે, જેને અલ્લાહ નક્કી કરે અથવા જેની અલ્લાહે ખબર આપી હોય.

## સવાલ

૧. ઈમામની 'ઈસ્મત' એટલે શું ?

૨. 'ઈસ્મત' કેવી રીતે જાણવા મળે છે ?

૩. શું 'ઈસ્મત' બાદ ઈન્સાન મજબૂર થઈ જાય છે કે ગુનાહ ન કરી શકે ?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 15

# ચૌદ મઅસૂમ

૧. **આપણા રસૂલ (સ.અ.વ.)**

આપના પિતા-જ. અબ્દુલ્લાહ (અ.); આપના દાદા-જ. અબ્દુલ મુત્તાલિબ (અ.); આપની 'માતા-જ. આમેના (અ.); આપનું જન્મસ્થળ-મક્કા-એ-મોઅઝ્ઝમા અને આપનું વફાત સ્થળ-મદીન-યે-મુનવ્વરામાં છે.

૨. **જનાબે ફાતેમા (સ.અ.)**

આપના પિતા-આપણા રસૂલ હ. મોહમ્મદ (સ.) અને માતૃશ્રી જ. ખદીજા (અ.) હતા. આપના લગ્ન મૌલા અલી (અ.)ની સાથે થયેલ છે. આપ મક્કામાં પૈદા થયેલ અને મદીનામાં શહીદ થયેલ છે.

૩. **હઝરત અલી (અ.)**

આપના પિતા-હ.અબુતાલિબ (અ.); દાદા-હ. અબ્દુલ મુત્તાલિબ (અ.) અને માતૃશ્રી જ. ફાતેમા બિન્તે અસદ હતા. આપનો જન્મ ખાન-એ-કઅબામાં થયેલ છે. અને મસ્જીદે કુફામાં આપ શહીદ થયા છે.

૪. **હ. ઈમામ હસન (અ.)**

આપના પિતા હ. અલી (અ.) અને માતા જ. ફાતેમા (સ.) છે. મદીનામાં જ જન્મ થયો અને મદીનામાં જ શહીદ થયા.

૫. **હ. ઈમામ હુસૈન (અ.)**

આપના પિતા હ. અલી (અ.) અને માતા જનાબે ફાતેમા

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

(સ.અ.) હતા. મદીનામાં પૈદા થયા અને કરબલામાં શહીદ થયા.

### ૬. હ. ઈ. ઝૈનુલ આબેદીન (અ.)

આપનું નામ હ. અલી (અ.) છે. આપ હ. ઈમામે હુસૈન (અ.)ના મોટા પુત્ર હતા. આપના માતૃશ્રીનું નામ જ. શહરબાનો હતું. મદીનામાં જ પૈદા થયા અને મદીનામાં જ શહીદ થયા.

### ૭. હ. ઈ. મોહમ્મદ બાકિર (અ.)

આપનું નામ મોહમ્મદ હતું. આપના પિતાજી હ. ઝયનુલ આબેદીન (અ.) છે. તથા ઈમામ હસન (અ.)ના દીકરી જ. ફાતેમા આપની માતૃશ્રી હતા. મદીનામાં પૈદા થયા અને મદીનામાં જ શહીદ થયા.

### ૮. હ. ઈ. જાફરે સાદિક (અ.)

આપનું નામ જાફર (અ.) હતું. પિતાજીનું નામ હ. મોહમ્મદ બાકિર (અ.) તથા માતાનું નામ ઉમ્મે ફરવાહ હતું. આપ મદીનામાં પૈદા થયા અને મદીનામાં શહીદ થયા.

### ૯. હ. ઈ. મૂસા કાઝિમ (અ.)

આપનું નામ જનાબે મૂસા (અ.) હતું. પિતાનું નામ હ. જાફર સાદિક (અ.) હતું. માનું નામ હમીદહ હતું. આપનો જન્મ અબ્વામાં થયો અને આપ બગદાદમાં શહીદ થયા.

### ૧૦. હ. ઈમામ અલીરઝા (અ.)

આપનું નામ હ. અલી (અ.) હતું. આપ હ. ઈ. મૂસા કાઝિમ (અ.)ના પુત્ર હતા. આપની માતાનું નામ નજમા ખાતૂન હતું. આપ મદીનામાં પૈદા થયા અને ખુરાસાનમાં શહીદ થયા.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

### ૧૧. હ. ઈમામ મોહમ્મદ તકી (અ.)

આપનું નામ મોહમ્મદ તથા પિતાનું નામ ઈ. રઝા (અ.) હતું. માતાનું નામ સબીકા હતું. આપ મદીનામાં જન્મ્યા અને કાઝમૈનમાં શહીદ થયા.

### ૧૨. હ. ઈમામ અલી નકી (અ.)

આપનું નામ અલી (અ.) તથા પિતાનું નામ ઈ. મોહમ્મદ તકી (અ.) અને માતૃશ્રીનું નામ સમાના ખાતૂન હતું. આપ મદીનામાં પૈદા થયા અને સામરાહમાં શહીદ થયા.

### ૧૩. હ. ઈમામ હસન અસ્કરી (અ.)

આપનું નામ હસન (અ.) હતું. માતાનું નામ હદીસા ખાતૂન અને પિતાનું નામ ઈમામ અલીય્યુન નકી (અ.) હતું. આપ મદીનામાં પૈદા થયા અને સામરાહમાં શહીદ થયા.

### ૧૪. હ. ઈમામ મહદી (અ.)

આપનું નામ મોહમ્મદ છે. પિતાનું નામ ઈ. હસન અસ્કરી (અ.) તથા માતાનું નામ નરજીસ ખાતૂન હતું. આપનો જન્મ સામરાહમાં થયો અને અલ્લાહના હુકમથી હયાત છે.

આપના અલ્કાબ મહેદી, ઈમામે ઝમાના, વલીય્યુલ અસ્ર, હુજ્જતુલ્લાહ, સાહેબુલ અસ્ર વિ. વિ. છે.

આપને નામથી નહીં બોલાવવા, પરંતુ આપને આપના અલ્કાબથી આલેખવાના છે.

## સવાલ

૧. દસમા ઈમામ કયાં પૈદા થયા ? આપની માતાનું શું નામ હતું ?
૨. બારમા ઈમામને કેવી રીતે યાદ કરવા જોઈએ ?
૩. ચૌદ મઅસૂમની વિલાદતની જગ્યા, પિતાનું તથા માતાનું નામ બતાવો.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 16

# હ.મોહમ્મદ મુસ્તફા સ.અ.વ.

વિલાદત :- ૧૭ રબ્બીઉલ અવ્વલ સન ૧ આમુલ ફીલ    વફાત :- ૨૮ સફર સન ૧૧ હીજરી
જન્મ સ્થળ :- મક્કએ મોઅઝ્ઝમાં    આપનો રોઝો :- મદીનએ મુનવ્વરા
પિતાનું નામ :- હ.અબ્દુલ્લાહ    માતાનું નામ :- જ.આમેના

નબીઓ અને રસૂલોના સરદાર, દીન દુનિયાના માલિક, કયામતના દિવસે ગુનેહગારોને બક્ષાવનાર, અલ્લાહના પ્યારા, ઈન્સાનોના મદદગાર હઝરત મોહમ્મદ.અ.વ.આજથી આશરે સાડા ચૌદસો વર્ષ પહેલા મક્કામાં પૈદા થયા હતા.

આપની વિલાદતની તારીખ ૧૭ રબીઉલ અવ્વલ સન ૧ આમુલફીલ છે.

આપ એટલા સાચા અને ઈમાનદાર હતા કે આપના દુશ્મન પણ આપને સાદિક(સાચા) અને અમીન (અમાનતદાર) કહેતા હતા. ચાલીશ વર્ષની ઉમ્રે અલ્લાહે આપને હુકમ આપ્યો, કે લોકોને અલલાહનો પૈગામ સંભળાવી દયો. ભટકી રહેલા ગુમરાહ ઈન્સાનોને ઈસ્લામનો સાચો અને સીધો માર્ગ બતાવો.

આપે અલ્લાહના હુકમથી ઈસ્લામ ફેલાવવો શરૂ કર્યો, તો મક્કાના લોકો આપના દુશ્મન બની ગયા.અને અલગ અલગ રીતે આપને સતાવવા લાગ્યા. પરંતુ જયારે જોયું કે રસૂલ સ.અ.વ. પોતાની હાર નથી માનતા. અને અલ્લાહનો પૈગામ પહોંચાડવામાં જરા પણ સંકોચ નથી કરતા તો કાફિરોએ આપને કત્લ કરવાનો નિર્ણય લીધો. એક રાત્રીના ઘણા બધા લોકોએ મળીને આપના મકાનને ઘેરી લીધું. અને તેઓ ચાહતા હતા કે આપને કત્લ કરી નાખે. અલ્લાહે આપને હુકમ આપ્યો, કે પોતાની પથારીમાં હ.અલી અ.સ.ને સુવડાવી અને તેજ રાતે મક્કાથી મદીના ચાલ્યા જાઓ. આપે અલ્લાહના હુકમ પ્રમાણે અમલ કરી, ઘરની બહાર એવી રીતે નીકળ્યા કે દુશ્મનો આપને જોઈ પણ ન શકયા.અને આપ મદીના રવાના થઈ ગયા.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

આ વાકેઆને હિજરતનો વાકેઓ કહેવામાં આવે છે. આપણુ ઈસ્લામી વર્ષ આજ વાકેઆથી શરૂ થાય છે. માટે આપણે તેને હિજરીનું વર્ષ કહીએ છીએ.

મદીનામાં પણ આપને આરામથી રહેવા ન મળ્યું . અરબો અને યહુદીઓથી આપની ઘણી લડાઈ થઈ. જેમાં બદર, ઓહદ, અહઝાબ, ખૈબર અને હુનૈનની લડાઈ મશ્હૂર છે. આપને આ બધી લડાઈઓમાં વિજય મળ્યો. અને આખા અરબસ્તાન પર આપનો કબ્ઝો થઈ ગયો.

છેલ્લે મક્કા પર પણ વિજય મળી ગયો. મક્કાવાળાઓએ આપને બહુજ સતાવ્યા હતા. આપથી બહુજ લડાઈઓ કરી હતી. પરંતુ જયારે મક્કા ફત્હ થઈ ગયું, તો આપે તેઓથી બદલો ન લીધો. આપે પોતાન બધા દુશ્મનોને માફ કરી દિધા.

અલ્લાહે આપને કુર્આને શરીફ અતા કર્યુ. જે અલ્લાહની આખરી કીતાબ છે. આપની પછી અલ્લાહે ઈન્સાનોની હિદાયત માટે બાર ઈમામો મુકર્રર કર્યા. જેમાંથી બારમાં ઈમામ હજી સૂધી જીવતા છે. આપણા નબીએ કરીમ સ.અ.વ.એ પોતાની હયાતીમાં બધા ઈમામોના નામ બતાવી દિધા હતા.

આપ સ.અ.વ.એ અલ્લાહના સારા અને સાચા દીનનો ઝંડો એ શાનથી બલંદ કર્યો કે આજ સૂધી દુનિયાના કરોડો આદમીઓ અલ્લાહની વહેદાનિયત પર ઈમાન રાખે છે.

આપે ૬૩ વર્ષની ઉમ્ર મેળવી હતી. ૨૮ સફર સન ૧૧ હિજરીમાં આપની વફાત થઈ. આપની કબ્ર મદીનએ મુનવ્વરામાં છે.

અલ્લાહે આપને ઘણા મોઅજીઝા અતા કર્યા હતા. આપ સ. જે સુકા ઝાડ નીચે બેસી જાતા તો તે લીલું છમ બની જતું. જે સુકાએલા કુવામાં થુકી પણ દેતા તો તે પાણીવાળો બની જતો. કાંકરાને હાથમાં ઉઠાવી લેતા તો તે તસ્બીહ પઢવા લાગતા.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

એક વખત દુશ્મનો આપ સ.થી કહેવા લાગ્યા કે અગર તમે અલ્લાહના સાચા નબી છો, તો ચાંદના બે ટુકડા કરી બતાવો. આપે ચાંદ તરફ ઈશારો કર્યો તો ચાંદના બે ટુકડા થઈ ગયા. આ બન્ને ટુકડાઓ થોડી વાર સૂધી અલગ અલગ રહ્યા. અને પછી ફરી આપસમાં મળી ગયા. આપનો સૌથી મહાન મોઅજીઝો કુર્આને મજીદ છે. જે આજે પણ આપણી સામે મૌજુદ છે. જેનો જવાબ આજ સૂધી કોઈ નથી લાવી શકયું.

આપ સ.અ.વ.નો બહુજ મોટો એહસાન છે, કે આપ સ.એ અમોને ઈસ્લામની નેઅમત આપી. હઝારો દુરૂદો સલામ થાય આપના પર અને આપના એહલેબૈત અ.સ.પર.

## સવાલ

(૧) આપણા નબી સ.અ.વ.કયારે પૈદા થયા? અને કયારે વફાત પામ્યા? અને તે જગ્યાઓનું નામ બતાવો.

(૨) હિજરતનો વાકેઓ શું છે?

(૩) ઈસ્લામી તારીખના વર્ષોને હિજરીના વર્ષો શા માટે કહેવામાં આવે છે?

(૪) આપના મોઅજીઝા કયા કયા છે?

(૫) મક્કા પર વિજય મેળવ્યા પછી કાફિરો સાથે આપે કેવો વર્તાવ કર્યો?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 17

# મેઅરાજ

વહ ચલા બુરાક પે જિસ ઘડી, તો ઝમીં કે બઅદ હુવામે થા,
રહી પીછે થક કે હવા ઈધર, વહ હુવાસે આગે ફ઼િઝામે થા,
હુઈ દમઝદનમેં ફ઼ીઝાભી તે, વહ ફ઼િઝાસે બઢ કર સમામે થા,
કશિશ ઔર બઢ ગઈ ઈશ્કકી, વહ સમાસે કુરબે ખુદામેથા,

તો મલક પુકારે કે મુસ્તફ઼ા , <u>બલગલ ઉલા બે કમાલેહિ.</u>

હુઈ અર્શો ફ઼ર્શકી જબ બિના તો ઝમાના તીરઓતાર થા,
ન કમરકી ચાંદનીકા નિશાઁ, ન પતા થા પરતવે મેહરકા,
તો હિજાબે રાઝસે દકઅતન યહી નૂરે પાક ચમક ઉઠા,
તો ફ઼ીઝામે શોરે દુરૂદ થા, કે જહાંકા રંગ બદલ ગયા,

ગઈ તીરગી હુઈ રૌશની, <u>કશફ઼દદુજા બે જમાલેહિ.</u>

યે વહ ઝાત હૈ, જિસે હક્કને રખ્ખા જલાલતોંકે હેજાબમેં,
ઈસી બરકે હુસનકા ઘર કભી, થા તજલ્લિયોં કે સહાબમેં,
યે વહ નૂર હૈ કભી જિસ કા સાયા ,નઝર ન આ સકા ખ્વાબમેં,
ઉસે લાખો ગોતે દિએ ગએ હૈં, ફઝીલતો કે ગુલાબમેં,

ઉસે ઐસા પાક બનાદીયા, <u>હસોનત જમીઓ ખેસાલેહિ.</u>

વહ નબીકા હુસ્નો જમાલ થા, કે દુરૂદ ભેજતાથા ખુદા,
યહી શોરે 'સલ્લે અલન્નબી' કા, મલાએકા મે સદા રહા,
શબો રોઝ શામો સહર હમેંશા વહ રહમતોં મે ઘિરા રહા
મગર ઉસકી ઉમ્મતે ખાસકા, જો ઉદાસ ચેહરા નઝર પડા,

તો ખુદાને ઈઝ્ન યે દે દિયા, <u>સલ્લુ અલૈહે વ આલેહિ.</u>

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 18

# જનાબે ફાતેમા ઝહેરા સ.અ.

વિલાદત :- ૨૦ જમાદીઉસ્સાની બેઅસતના પાંચમાં વર્ષે    શહાદત :- ૩ જમાદીઉસ્સાની હિ.સ.૧૧
જન્મ સ્થળ :- મક્કએ મુકર્રમા    આપની કબ્ર :- જન્નતુલ બકીઅ
પિતાનું નામ :- હ.મોહમ્મદ મુસ્તફા સ.અ.વ.    માતાનું નામ :- જ.ખદીજતુલ કુબરા સ.અ.

ઈસ્લામની શહેઝાદી હ.ફાતેમાં સ.અ. બેઅસતના પાંચમાં વર્ષે એટલે કે હિજરતથી આઠ વર્ષ પહેલા ૨૦ જમાદીઉસ્સાનીના રોજ પૈદા થયા. તે વર્ષે ખાનએ કાઅબાની બે વખત તઅમીર થઈ.

બેઅસતના સાતમાં વર્ષે અલ્લાહના આખરી રસૂલ હ. મોહમ્મદ મુસ્તફા સ.અ.વ.ને જયારે તેમના સાથીઓ સાથે શેઅબે અબૂતાલિબમાં મક્કાના કાફિરોએ કૈદ કરી લીધા. તો આપ પોતાના માઁ-બાપ સાથે શેઅબે અબૂતાલબિમાં મૌજુદ હતા.અને કૈદની બધી મૂસીબતો વેઠી હતી.અને બેઅસતના નવમાં વર્ષે જયારે કૈદમાંથી આઝાદી મળ્યા પછી થોડાક દિવસોમાં આપની માં જ.ખદીજા સ.અ.ની વફાત થઈ ગઈ.અને હવે બાપના પ્યાર સાથે રસૂલે ખુદા સ.અ.વ. આપને માઁનો પ્યાર પણ આપતા હતા.અને જયારે રસૂલે ખુદા સ.કાફિરોના હાથે ઝખમી થઈને આવતા તો ફાતેમા સ.અ. પોતાના પિતાને ઝખ્મી જોઈ રોઈ પડતા. અને મરહમ પટ્ટી કરતા.જ.ફાતેમાં સ.અ.એ ઘણી વખત પોતાના પિતાની ગરદનથી કાફિરોએ ફેંકેલ હોજરી ઓની ગાંઠો ખોલી અને આપની ઉપર નાખેલ ઊંટની ગંદગીને સાફ કરતા હતા.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

જયારે આપ સ.અ.વ.એ મદીના તરફ હિજરત કરી તો આપ સ. પોતાની દિકરી ફાતેમાં સ.અ.ને સાથેન લઈ જઈ શકયા. પરંતુ આપ ફાતેમાં બિન્તે અસદ તેમજ બીજી ઔરતો અને હ.અલી અ.સ.સાથે મકકા તરફ હિજરત કરી અને કુબા નામની જગ્યાએ આપે પોતાના પિતા સાથે મુલાકાત કરી.

મદીના પહોંચી રસૂલે ખુદા સ.અ.વ.એ અલ્લાહના હુકમથી પોતાની એકની એક લાડકી દિકરીની શાદી પોતાના કાકેરા ભાઈ હ.અલી અ.સ.સાથે કરી આપી. શાદી પણ એવી સાદગીથી થઈ જે ઈસ્લામની શાન મુજબ છે.દહેજમાં વાસણ,લોટ દળવા માટેની હાથ ઘંટી અને ખજુરીના પાંદડાથી બનેલ ગાદલા અને તકીયા દેવામાં આવ્યા. માલિકે કાએનાતની એક લાડકી દિકરીનો આ જ દહેજ હતો. જે હ.અલી અ.સ.એ આપેલ મહેરની રકમથી ખરીદવામાં આવ્યો હતો.

નજરાનના ઈસાઈઓનો મુકાબલામાં ખુદાના રસૂલ સ.અ.વ. જયારે મુબાહેલા માટે ગયા તો અલ્લાહના હુકમથી સાથે પોતાની એક લાડકી દિકરી જ.ફાતેમાં સ.અ.ને પણ લઈ ગયા હતા.

આયતે તત્હીર પણ આપના ઘરે ત્યારેજ ઉતરી જયારે પંજેતન આપની ચાદરમાં ભેગા થઈ ગયા.આપની પાંચ ઔલાદો હતી હ.હસન અ.સ.અને હ.હુસૈન અ.સ. જે બન્ને ઈમામ હતા.જ.ઝૈનબ અ.સ. અને જ.ઉમ્મે કુલસૂમ અ.સ.આપની દિકરીઓ હતી, જેણે કરબલાના વાકેઆમાં ઘણા કામો કર્યા છે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

આપના છેલ્લા દિકરાનું નામ રસૂલે ખુદા સ.અ.વ.એ જન્મ પહેલાજ મોહ્સિન રાખ્યું હતું.જ.મોહ્સિનનો જન્મ થવા પહેલાજ તેમને માઁના પેટમાં શહીદ કરી દેવામાં આવ્યા.અને જ.ફાતેમાં સ.અ. તેજ બિમારી અને ઝખ્મના કારણે શહીદ થયા, જે ઝખ્મ અને બિમારી દુશ્મનોના હાથે આપ સૂધી પહોંચી હતી.

## સવાલ

(૧) જ.ફાતેમાં સ.અ. કંઈ જગ્યા એ પૈદા થયા? અને આપને શેઅબે અબૂતાલીબમાં શા માટે જવું પડયું?

(૨) રસૂલે ખુદા સ.અ.વ.ના ઝખ્મ જોઈને જ.ફાતેમાં સ.અ. શું કરતા હતા?

(૩) આયતે તત્હીર કયારે નાઝીલ થઈ?

(૪) આપની અને આપના દિકરા જ.મોહ્સિનની શહાદત કયારે અને કેવી રીતે વાકેઅ થઈ?

(૫) આપ મક્કાથી મદીના કોની સાથે ગયા હતા?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 19

# માદરે અઈમ્મા

નબીકી બેટી, અલીકી ઝૌજા, કનીઝે હક, માદરે અઈમ્મા,
જહાઁ મે કોઈ ન ઐસી બેટી, ન ઐસી માદર, ન ઐસી ઝૌજા.

કિએ હૈં દુનિયામે કામ જૈસે, ખુદાને બખશે હૈં નામ વૈસે
બુતૂલ, સિદ્દીકા, ઝહરા, અઝરા, મોહદદેસા, તાહેરા, ઝકીય્યા.

લિબાસ સાદા, મકાન સાદા, મિજાઝ દીની, કલામ શીરીં
ઝબાંપે તસ્બીહ, લબપે કુરઆં, ઝમીંપે બિસ્તર, ખુદાપે તકિયા.

નમાઝકી શાન અલ્લાહ અલ્લાહ, હૈ દીન કી જાન અલ્લાહ અલ્લાહ,
ઝમીંપે મહવે નમાઝ ઝહરા, ફલકપે નૂરેજબીં કા જલવા.

યે બસ્તિયા સબ હૈં ફાતેમાં કી, નજફ, ખુરાસાન, મક્કા, ખઝરા,
દમિશ્ક, સામર્રા, કરબલા, કુમ, મદીનાઓ કાઝમૈનો કૂફા.

ઉન્હી કે ઈસાર ઓર કરમ કે બંશરભી શાહિદ મલક ભી શાહિદ,
નબીભી શાહિદ, ખુદાભી શાહિદ, ગવાહ હૈ "હલ અતા" કા સુરા.

જેહાદે શબ્બીર, સુલ્હે શબ્બર વકારે કુલસૂમ, અઝમે ઝૈનબ,
હર એક કિરદાર બે બદલ હૈ હર એક મે હૈ ફાતેમાં કા જલવા.

સબક ઝમાનેકી ઓરતોંને હયાવો ગૈરત કા ઉનસે સીખા,
ઉન્હી કા એહસાન હૈ કે અબ તક જહાન મે હૈ રિવાજે પરદા.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

મુસીબતોકે પહાડ ટુટે, મગર થા શુક્રે ખુદા ઝબાન પર,
હસી ખુશી ઝિંદગી બસર કી,લબો પે આયા કભી ન શીકવા.

કભી કોઈ ખાલી હાથ પલટા ન દુખ્તર મુસ્તફા કે ઘર સે,
હર એક સાએલ કી જોલી ભરદી,ગુઝર ગયા અપને ઘરમે ફાકા.

યે માલેકા હે વો ખાદેમા હૈ મગર શરફ હૈં યે તરબિયત કા,
કે શાહઝાદી કે નામ કે સાથ, લે રહા હું મે નામે ફિઝ્ઝા.

કનીઝ હૈ યે મગર ઉસીસે, હદીસો કુરઆં કી બાત પૂછો,
યે ફૈઝે તાલીમે ફાતેમાં હૈ,કે ખાક સે બન ગઈ હે ફિઝ્ઝા

## સવાલ

(૧) હ.ફાતેમાં ઝહેરા સ.અ.ના ઈલાકાઓનું નામ બતાવો ?

(૨) જ.ફાતેમાં સ.અ.ના કનીઝ કોણ હતા? અને તેમના સાથેના જ.ફાતેમાં સ.અ.નો વ્યવહાર કેવો હતો?

(૩) મુસીબતો પર સબ્ર કરી જ.ફાતમાં સ.અ.એ કેવી રીતે ઝીંદગી પસાર કરી ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 20

# હ્ઝરત અલી અ.સ.

વિલાદત :- ૧૩ રજબ સન 30 આમુલફીલ
જન્મ સ્થળ :- ખાનએ કાઅબા
પિતાનું નામ :- હ.અબુતાલિબ ઈમરાન અ.
શહાદત :- ૨૧ રમઝાન હિ.સ. ૪૦
આપનો રોઝો :-નજફે અશરફ
માતાનું નામ :- જ.ફાતેમાં બિન્તે અસદ

આપણા પહેલા ઈમામ હ.અલી અ.સ. ૧૩ રજબના દિવસે ખાનએ કાઅબામાં પૈદા થયા.નબીએ કરીમ હ.મોહમ્મદ મુસ્તફા .સ.અ.વ. એં આપને પોતાની ઔલાદની જેમ પરવરીશ કરી.આ એ વખત હતો કે પૂરા અરબસ્તાનમાં મુર્તી પુજા ફેલાએલી હતી પરંતુ આપ પૈદાઈશના વખતથીજ આલિમ અને માસૂમ હતા.

જયારે આપ દસ વર્ષના થયા તો આપણા નબી હ.મોહમ્મદ મુસ્તફા સ.અ.વ.એ પોતાની નબુવ્વતનું એલાન કર્યુ.આ એલાન સાથેજ હ.અલી અ.સ.એ પોતાની દીને ઈસ્લામ પર ફિદાકારીનું એલાન કર્યુ.

મક્કામાં અલ્લાહના પાક નબી પર જેટલા ઝુલ્મ થતા હતા, તેટલા ઝુલ્મ આપના પર પણ થયા હતા.પરંતુ આપ નાના હોવાં છતાં ફક્ત અલ્લાહ અને ઈસ્લામ માટે આ બધા ઝુલ્મ ચુપચાપ સહન કરતા રહ્યા.છેવટે એ દિવસ પણ આવ્યો જયારે આપણા નબી મક્કાથી મદીના તરફ હિજરત કરી. હિજરતની રાત્રે રસૂલે ખુદા સ.અ.વ.નું મકાન કાફિરોએ ઘેરી લીધું હતું. રસૂલે ખુદા સ.અ.વ.ની જાન બચાવવા માટે હ.અલી અ.સ.રસૂલે ખુદા સ.અ.વ.ની જગ્યા પર સુઈ ગયા. કાફિરો એમ સમજી મુત્મઈન રહ્યા, કે રસૂલ સ.અ.વ.સુઈ રહ્યા છે.અને અલ્લાહના નબી આરામથી મદીના ચાલ્યા ગયા. આ રીતે હ.અલી અ.સ.એ પોતાની જાન જોખમમાં નાંખી રસૂલે ખુદા સ.અ.વ.ની જાન બચાવી લીધી.

હિજરત પછી હ.અલી અ.સ.મદીના ચાલ્યા ગયા.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

દુશ્મનોએ ઈસ્લામ અને અલ્લાહનું નામ મિટાવવા માટે ઘણી વખત મુસલમાનો પર હુમલો કર્યો. બદ્ર, ઓહદ, ખૈબર, અને અહઝાબ વિગેરે લડાઈઓ મુસલમાનો અને કાફિરો વચ્ચે થઈ હતી. જેમા હ.અલી અ.સ.એ ખાસ ભાગ લીધો હતો. અને દરેક વખતે મુસલમાનોને હ.અલી અ.સ.ના કારણે જ કાફિરો પર વિજય મળ્યો.

અલલાહના રસૂલ સ.અ.વ.એ પોતાની દિકરી હ.ફાતેમા ઝહેરા સ.અ.ની શાદી આપની સાથે કરી હતી. અલ્લાહે આપને બે દિકરાઓ ઈ.હસન અ.સ. અને ઈ.હુસૈન અ.સ. નસીબ કર્યા હતા. તે ઉપરાંત આપને ત્યાં બે દિકરીઓ જ.ઝૈનબ સ.અ. અને જ.ઉમ્મે કુલસુમ સ.અ. નો જન્મ થયો હતો. જ.મોહસિન માંના પેટમાં શહીદ થઈ ગયા હતા.

રસૂલે ખુદા સ.અ.વ.આ બધા બચ્ચાઓને જાનથી પણ વધારે ચાહતા હતા. રસૂલે ખુદા સ.અ.વ.ના ઈન્તેકાલ પછી હ.અલી અ.સ.એ કુર્આને પાક ભેગુ કર્યુ અને મુસલમાનોમાં તબલિગ અને હિદાયત કરતા રહ્યા. કુર્આન, હદીસ અને તારીખની રોશનીમાં આપજ રસૂલે ખુદા સ.અ.વ.ના પહેલા ખલીફા છે.

હિ.સ.૩૫ માં તમામ મુસલમાનોએ આપને પોતાના હાકિમ માની લીધા. તે ઝમાનમાં આપને ત્રણ મોટી લડાઈ લડવી પડી, જે જમલ. સિફ્ફીન અને નહેરવાનના નામે મશ્હૂર છે.

૧૯ રમઝાન હિ.સન ૪૦ માં જયારે આપ મસ્જીદમાં નમાઝ પઢી રહ્યા હતા ત્યારે સિજદાની હાલતમાં અબ્દુર રહમાન ઈબ્ને મુલજીમે આપને તલવાર મારી ઝખમી કર્યા અને ૨૧ રમઝાન હિ.સ. ૪૦માં આપની શહાદત થઈ.

હઝરત અલી અ.સ.બહુજ મોટા આલિમ હતા.અને મોટા બહાદુર હતા.ખુબજ સખી હતા.અને બહુજ ઈબાદત કરનારા હતા.ગરીબો સાથે ખુબજ હમદર્દી કરતા હતા.પોતે ભુખ્યા રહીને પણ બીજાનું પેટ ભરતા હતા.જયારે આપ આખી ઈસ્લામી દુનિયાના બાદશાહ હતા, ત્યારે પણ થીગડા વાળા કપડા પહેરતા અને સુકી રોટલી ખાતા હતા.આપની ઝિદંગી સાદા જીવનનો ઉત્તમ નમુનો હતી.પોતાની રોઝી માટે બાગોમાં મઝદુરી કરતા. અને તે માં કોઈ જાતની શરમ રાખતા ન હતા. અને આ મઝદુરી કરી જે થોડાક પૈસા હાથે લાગતા તેને પણ અલલાહની રાહમાં ખર્ચ કરી નાખતા.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

આપ રસૂલે ખુદા સ.અ.વ.ના પહેલા ખલીફા અને જાનશીન હતા. અલ્લાહની નઝરમાં આપનો બહુજ મોટો મર્તબો છે. કયામતના દિવસે આપના હાથેજ જન્નત અને જહન્નમની વહેંચણી કરવામાં આવશે. આપના હાથેજ હૌઝે કૌસરનું પાણી પીવરાવવામાં આવશે. આપના દોસ્તો જન્નતમાં જશે. અને આપના દુશ્મનો જન્નતની સુગંધ પણ નહી સુંઘી શકે.

અલ્લાહની નઝરમાં આપનો મોટો મર્તબો એટલા માટે છે, કે આપ જીવ્યા તો અલ્લાહ માટે, અને શહીદ થયા તો પણ અલ્લાહ માટે. આપે મોહબ્બત કરી તો અલ્લાહ માટે, અને લડાઈ કરીતો પણ અલ્લાહ માટે, અલ્લાહે આપને એ બદલો આપ્યો કે દુનિયામાં આપ ઈમાનદાર લોકોનો સરદાર બન્યા. અને આખેરતના ઈનાંમમાં શું કહેવું ? આપની શું આપના ગુલામનોની મીલકિયત જન્નત થઈ ગઈ!!!

આ છે અલ્લાહના દરબારમાં ઈસ્લામ અને ઈમાનની શાન અને ઈસ્લામની ખિદમતનો બદલો.

ખુદા આપણને પણ આપની પૈરવીમાં એક સાચો મુસલમાન બનવાની તૌફીક અતા કરે આમીન.

## સવાલ

(૧) હ.અલી અ.સ.અને જ.ફાતેમાં સ.અ.ની ઔલાદના નામ બતાવો?
(૨) હ.અલી અ.સ.ના અમુક ફઝાએલ લખો.
(૩) આપને આ બધા ફઝાએલ કેવી રીતે નસીબ થયા ?
(૪) આપને ઝાહિરી ખિલાફત દરમ્યાન કંઈ કઈ જંગો લડવી પડી ?
(૫) હ.અલી અ.સ.પોતાની રોઝી રોટી કેવી રીતે કમાતા અને તેને કયાં ખર્ચ કરતા ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

પાઠ 21

# હુબ્બે હૈદર હી મેઅયારે ઈમાન હૈ

હર બલંદી ખિરદ ઔર કમાલાત કી,
હૈ નબી કે લિયે યા અલી કે લિયે,
ચુન લિયા ઈસ લિયે મૈને બાબે અલી,
અપને અફકાર કી બરતરી કે લિયે.

હુકમ તો મિલ ગયા બંદગી કા મગર,
બંદગી જીસકી થી થા બઈદે નઝર,
ખાનએ હક કી દીવાર ને ટુટ કર,
એક વસીલા દિયા બંદગી કે લિએ.

હુબ્બે હૈદર હી મેઅયારે ઈમાન હૈ,
બહરે તસ્દીક બૂઝર હૈ સલમાન હૈ,
સબસે બઢક કર મોહમ્મદ કા ફરમાન હૈ,
ઔર કયા ચાહીએ આગહી કે લિયે.

મેરે મૌલા કે કબ્ઝે મેં લૌહો કલમ,
મેરા મૌલા મદારે વજૂદો અદમ,
મેરે મૌલા કે દોશે નબી પર કદમ,
હૌસલા ચાહિયે હમસરી કે લિએ.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

મેરી બાલી પે ભી હોગા નૂરે અલી,
મેરી મરકદ મેં ભી હોગા નૂરે અલી,
તુમને હૈદર સે કયું દુશ્મની મોલ લી,
અબ તરસ્તે રહો રૌશની કે લિયે.

આપ સજદોં પે સજદે કિયે જાઈયે,
આપ કુર્આન ધો કર પિએ જાઈયે,
જો ભી આએ સમજ મે કિએ જાઈયે,
શર્ત કુછ ઔર હૈ બંદગી કે લિયે.

વો અલી જો દો આલમ કા મુખ્તાર હૈ,
વો અલી જો મશિય્યત કી તલવાર હૈ,
ઉસ્કો મન્ઝૂર ઉમ્મત કા હર વાર હૈ,
સિર્ફ ઈસ્લામ કી ઝિંદગી કે લિએ.

## સવાલ

(૧) પરવરદિગારનો શું હુકમ હતો? અને તે કેવી રીતે આસાન બન્યો ?

(૨) ઈમાનનો પાયો શું છે? અને તે કેવી રીતે જાણવા મળે છે?

(૩) હ.અલી અ.સ.ને શા માટે ઉમ્મતના ઝુલ્મ કબૂલ છે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 22

# ઈમામ હસન અ.સ.

વિલાદત :- ૧૫ રમઝાન હિ.સ. ૩ શહાદત :- ૨૮ સફર હિ.સ.૫૦

જન્મ સ્થળ :- મદીનએ મુનવ્વરા મઝારે અકદસ :- જન્નતુલ બકીઅ

પિતાનું નામ :- હ. અલી અ.સ. માતાનું નામ :- હ.ફાતેમાં ઝહેરા સ.અ.

ઈમામ હસન અ.સ. આપણા બીજા ઈમામ છે. આપ રસૂલે ખુદા સ.અ.વ.ના નવાસા હતા. અને નબીએ કરીમ સ.અ.વ.આપને બહુજ ચાહતા હતા. અલ્લાહની નઝદીક આપનો બહુજ બલંદ મરતબો છે. આપ જન્નતના જવાનોના સરદાર છો. અને આપની મોહબ્બત ખુદ અલ્લાહે તમામ મુસલમાનો પર વાજીબ કરી દીધી છે.

આપ માથાથી છાતી સૂધી બિલકુલ રસૂલે ખુદા સ.અ.વ. ની તસ્વીર હતા.

આપ બહુજ સાબિર (સબ્ર કરનાર) ઈમામ હતા. અગર કોઈ દુશ્મન પણ આપને બુરૂ-ભલું કહી દેતો તો આપ ચૂપ રહેતા, એટલુંજ નહીં પરંતુ તેની ખિદમત પણ કરતા, તેના પર એહસાન કરતા. આ રીતે ઈમામ પોતાના દુશ્મનનું દિલ જીતી લેતા.

હ.અલી અ.સ.ની શહાદત પછી આપને પૂરી ઈસ્લામી દુનિયાની બાદશાહત મળી ગઈ. ઈરાક, અરબ, ઈરાન, યમન, મિસ્રની બાદશાહત! પરંતુ તે ઝમાનામાં ઈસ્લામના દુશ્મનોએ માથું ઉચું કર્યુ હતું. અને તેઓ ચાહતા હતા કે ઈસ્લામને નાબૂદ કરી નાખે. અલ્લાહની ઝમીનમાંથી અલ્લાહનું નામ મિટાવી નાખે. આપે ઈસ્લામના રક્ષક તરીકે ફકત ઈસ્લામને બચાવવા ખાતર આટલી મોટી બાદશાહતને ઠોકર મારી અને ઈસ્લામની તબ્લીગનું કામ સંભાળી લીધુ. આપે દૌલત, હુકૂમત અને ખઝાનો બધુજ છોડા દીધું જેથા. ઈસ્લામ ને બચાવી શકે અને

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

આપની આ અઝીમ કુરબાનીનું પરીણામ એ આવ્યું, કે દુશ્મન મજબુર થઈ ગયા. અને આજે અલ્લાહનો સારો અને સાચો દીન દુનિયામાં બાકી છે. આપ બહુજ બહાદુર પણ હતા. એક વખત સિફ્ફીનની લડાઈમાં આપે દુશ્મનો પર આક્રમણ કર્યુ. દુશ્મન પાસે એક લાખથી વધારે સિપાહી હતા. પરંતુ આપ જરા પણ ડર્યા નહીં અને એવો હુમલો કર્યો કે દુશ્મનોમાં ભાગ-દોડ થઈ ગઈ અને આપ દુશમનોના ખૈમા(તંબુઓ) સૂધી પહોંચી ગયા. મોટા મોટા પહેલાવાનોને આ મૌકા પર આપની બહાદુરીને માનવી પડી.

આપ બહુજ સખી પણ હતા. ઘણી વખત આપે પોતાનો બધોજ સામન અલ્લાહની રાહમાં તકસીમ કરી દીધો. આપનો દરવાજો હંમેશા ગરીબો માટે ખુલ્લો રહેતો હતો. જે આવતો તે માલા માલ થઈને જતો. આખો દિવસ ભર ગરીબો અને મુસાફીરોની દાવતનો સિલસિલો શરૂ રહેતો. અને આપના દરવાજાથી કોઈ ખાલી હાથે પાછો ન ફરતો.

આપે ૨૫ હજ ચાલીને કર્યા હતા.

આપે અલ્લાહ અને ઈસ્લામ માટે એટલું જ નહીં કે પોતાની બાદશાહત છોડી દીધી હોય, પરંતુ અલ્લાહની રાહમાં આપે પોતાની જાન પણ કુર્બાન કરી દીધી. આપને ઝહેર આપી શહીદ કરવામાં આવ્યા હતા.

ઈમામ હસન અ.સ.એ આપણને બતાવ્યું છે કે એક સાચા મુસલમાનને ન જાન પ્યારી હોય છે, ન માલ પ્યારો હોય છે. તેને બસ અલ્લાહ અને ઈસ્લામથી પ્યાર હોય છે. અલ્લાહનું નામ ઉંચુ રાખવા તથા ઈસ્લામને જીવંત રાખવા માટે તે પોતાનું બધુજ કુર્બાન કરવા માટે તૈયાર હોય છે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

અલ્લાહે પણ આપની કુર્બાનીઓની બહુ કદર કરી. આપે અલ્લાહ માટે દુનિયાની બાદશાહત છોડી દીધી તો અલ્લાહે આપને જન્નતની બાદશાહત અતા કરી દીધી. આપે અલ્લાહ માટે પોતાની જાન કુર્બાન કરી દીધી તો અલ્લાહે આપની મોહબ્બતને ઈમાનનો એક ભાગ બનાવી દીધો. આ છે, અલ્લાહના દરબારમાં એક સાચા ઈસ્લામના રક્ષકનો બદલો.

મદીનામાં એક કબ્રસ્તાન છે જેને જન્નતુલ બકીઅ કહેવામાં આવે છે. આપની કબ્ર તેજ કબ્રસ્તાનમાં છે. ત્યાં આપની માતા જ.ફાતેમાં ઝહેરા સ.અ.ની કબ્ર પણ છે. સાચા મુસલમાન મદીના જાય છે,ત્યારે રસૂલે ખુદા સ.અ.વ.ની ઝિયારત કર્યા પછી આપની કબ્રની ઝિયારત કરવા માટે પણ જરૂર હાજર થાય છે.

## સવાલ

(૧) ઈમામ હસન અ.સ.એ શા માટે સુલ્હ કરી લીધી?

(૨) આપની બહાદુરીનો વાકેઓ લખો.

(૩) આપની કબ્ર કયાં છે?

(૪) અલ્લાહે આપને કંઈ ફઝીલતો આપી છે?

(૫) આપ પોતાના દુશ્મનો સાથે કેવી રીતે પેશ આવતા હતા?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 23
# ઈમામ હુસૈન અ.સ.

વિલાદત :- 3 શાબાન હિ.સ. ૪
શહાદત :- ૧0 મોહરમ હિ.સ.૬૧
જન્મ સ્થળ :- મદીનએ મુનવ્વરા
મઝારે અકદસ :- કરબલાએ મોઅલ્લા
પિતાનું નામ :- હ.અલી અ.સ.
મતાનું નામ :- હ.ફાતેમાં ઝહેરા સ.અ.

ઈમામ હુસૈન અ.સ. આપણા નબીએ પાક સ.ના નવાસા હતા.અને હ.અલી અ.સ.ના ફરઝંદ હતા.આપ ઈમામ હસન અ.સ.ના નાના ભાઈ હતા.આપ પણ ઈમામ હસન અ.સ.ની જેમ જન્નતના સરદાર અને મુસલમાનોના અમીર છો.આપના શરીરનો છાતીની નીચેથી પગ સૂધીનો ભાગ રસૂલે ખુદા સ.અ.વ.ના જીસ્મથી બહુજ મળતો આવે છે.

નાના રસૂલે ખુદા સ.અ.વ. પોતાના બન્ને નવાસાઓથી બહુજ મોહબ્બત કરતા હતા.અલ્લાહ પણ આ બન્નેથી બહુજ મોહબ્બત કરે છે. માટે આ બન્નેની મોહબ્બતને જ ઈમાન કહેવામાં આવે છે.

ઈમામ હુસૈન અ.સ.ની ઝિદંગીમાં એક મૌકો એવો આવી ગયો કે દુશ્મનોએ ઈસ્લામને મિટાવી દેવાનો નિર્ણય લીધો.ઈમામ તે વખતે મદીનામાં હતા. ઈમામે જયારે આ હાલત જોઈ તો એક સાચા ઈમામ હોવાની હૈસિયતથી આ ફેંસલો કર્યો, કે હું મરી જઈશ પરંતુ ઈસ્લામને મરવા નહીં દઉં. ભલે પછી મારી જાન કેમન ચાલી જાય? પરંતુ અલ્લાહના નામને નાબૂદ થવા નહીં દઉં. માટે ઈમામ અ.સ.એ પોતાન બચ્ચાઓ,અઝીઝો અને દોસ્તોને સાથે લઈ મદીના છોડી ઈરાક રવાના થઈ ગયા. કરબલામાં દુશ્મનોએ આપને ચારેય તરફથી ઘેરી લીધા. આપના લશ્કરમાં બચ્ચાઓ,જવાનો અને બુઢાઓ બધા મળીને કુલ બોતેર માણસો હતા. અને દુશ્મનો ત્રીશ હજાર હતા. પરંતુ આપે હિંમત ન હારી અને ઈસ્લામ માટે જાન કુર્બાન કરવા માટે તૈયાર થઈ ગયા.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

મોહર્રમની ચોથી તારીખથી આપ લોકો માટે પાણી બંધ કરી દેવામાં આવ્યું.સાતમી તારીખથી આપના ખૈમાઓમાં પાણી ખલાસ થઈ ગયું. બચ્ચાઓ પ્યાથી તડપવા લાગયા. પરંતુ અલ્લાહ અને ઈસ્લામ માટે આ મુસીબત પણ આપે ખુશી ખુશી સહન કરી લીધી. અને મોહર્રમની દસમીં તારીખે સરઝમીને કરબલામાં અલ્લાહ અને ઈસ્લામ માટે આપે ઈન્સાની તારીખની સૌથી મોટી કુર્બાની પેશ કરી.

આપના જાંનિસાર સાથીઓ ત્રણ દિવસના ભુખ્યા,તરસ્યા બહુજ બહાદુરી સાથે લડતા લડતા ઈસ્લામ પર કુર્બાન થઈ ગયા.આપના ભાઈ હ.અબ્બાસના હાથ કપાઈ ગયા. આપના ભત્રીજા કાસિમનો જનાઝો ઘોડાના પગો નીચે કચરી નાખવામાં આવ્યો. આપના જવાન દિકરા હ.અલીઅકબરની છાતી બરછીથી વિંધાઈ ગઈ. તેમ છતો આપે અલ્લાહની મોહબ્બત અને દીનને બાકી રાખવા માટે બધી તકલીફો સહન કરી લીધી. છેવટે અસ્રના વખતે ખુદ આપને પણ સજદાની હાલતમાં ભુખ્યા,તરસ્યા કત્લ કરી નાખવામાં આવ્યા. આપનો માલ સામાન લુંટી લેવામાં આવ્યો. આપના ખૈમાને સળગાવી દેવામાં આવ્યા. આપના ઘરની ઔરતોના માથા પરથી ચાદરો છિનવી લેવામાં આવી. આપના બીમાર દિકરા ઝૈનુલ આબેદીન અ.સ. અને ઘરની ઔરતોને કૈદ કરી, કરબલાથી કુફા અને કુફાથી શામ લઈ જવામાં આવ્યા. આપની ઉપર દરેક જાતની મુસીબતો પડી પરંતુ આપે અલ્લાહ અને ઈસ્લામ માટે બધુજ સહન કર્યું. આજે અગર દુનિયામાં ઈસ્લામ જીવતો છે, તો આ આપની કુરબાનીનો સદકો છે.

ઈમામ હુસૈન અ.સ. એટલા બહાદુર હતા કે ત્રણ દિવસના ભુખ્યા-તરસ્યા હોવા છતા હજારોના લશ્કર સાથે એકલા લડયા. આપ એવા નમાઝી હતા, કે આપનું સર પણ સજદાની હાલતમાં તનથી જુદુ કરવામાં આવ્યું. આપ અલ્લાહના એવા ચાહવાવાળા હતા, કે આપે પોતાની અને પોતાની ઔલાદની જાન પણ ઈસ્લામ પર કુર્બાન કરી દીધી.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

ઈમામ હુસૈન અ.સ. કરબલા જઈ રહ્યા હતા. ત્યારે રસ્તામાં એક હજાર દુશ્મનોએ આપનો રસ્તો રોકયો. આ દુશ્મનો તરસ્યા હતા અને તેઓ પાસે પાણી પણ ન હતું. આપે ન ફકત તે હજારો આદમીઓના લશ્કરને પાણી પીવરાવી દીધું બલ્કે તેઓના જાનવરોને પણ સૈરાબ કરી દિધા. આપ જાણતા હતા કે આગળ જઈ પાણી નહીં મળે, અને આપને તેમજ આપના બાલ-બચ્ચાઓને પણ તરસ્યા રહેવું પડશે. તેમ છતાં આપે પોતાની પ્યાસ કબૂલ કરી, પરંતુ પોતાના દુશ્મનની તરસ બુજાવી દીધી. આ હતી સાચી ઈન્સાનિયત જેની તાલીમ આપણા ઈમામોએ આપણને આપી છે. ખુદ દુઃખ સહન કરીને બીજાઓની મદદ કરવી એજ સાચી ઈન્સાનિયત છે. અને આપણા બધા ઈમામ આ તાલિમ દેતા રહ્યા છે.

અલ્લાહ આપણને પણ સાચી ઈન્સાની હમદર્દીની તૌફીક અતા કરે.

## સવાલ

(૧) ઈમામ હુસૈન અ.સ.ની સિફતો બયાન કરો.

(૨) કરબલામાં આપની સાથે કોણ કોણ હતું?

(૩) કરબલામાં આપ ઉપર કઈ કઈ મુસીબતો આવી હતી?

(૪) ઈમામ હુસૈન અ.સ.એ શા માટે મુસીબતો બરદાશ્ત કરી?

(૫) કરબલાથી આપણને શું બોધપાઠ મળે છે?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 24

# ઈમામ ઝૈનુલ આબેદીન અ.સ.

વિલાદત :- ૧૫ જમાદીઉલ અવ્વલ હિ.સ. ૩૮ શહાદત :- ૨૫ મોહરમ હિ.સ.૯૫
જન્મ સ્થળ :- મદીનએ મુનવ્વરા મઝારે અકદસ :- જન્નતુલ બકીઅ

અલ્લાહે ઈન્સાનને ઈબાદત માટે પૈદા કર્યા છે, માટે અલ્લાહનો દરેક સારો અને સાચો બંદો અલ્લાહની ઈબાદત કરવાને પોતાની ફરજ સમજે છે. ઈબાદતથી ઈન્સાનનો દરજ્જો બલંદ થાય છે. તેની રૂહાનિયત તરક્કી કરે છે. અને અલ્લાહ તેનાથી ખુશ થાય છે.

અંબીયા અને અઈમ્મા અ.સ.ની ઈબાદતનું તો શું કહેવું? તેઓ ઈબાદતમાં કમાલ રાખતા હતા. પરંતુ ઈબાદતની ખુસુસિય્યતથી તેઓ આપણા ચોથા ઈમામ ઝૈનુલ આબેદીન અ.સ.કહવાય છે. આપનું અસલ નામ અલી અ.સ. હતું. આપ ઈમામ હુસૈન અ.સ.ના દિકરા હતા. આપની માતા જ.શહેરબાનું ઈરાનની શાહઝાદી હતા. આપ દુનિયામાં ઝૈનુલ આબેદીન અને સય્યદે સજ્જાદ ના લકબથી મશહૂર છે. ઝૈનુલ આબેદીન અ.સ.નો અર્થ ઈબાદત ગુઝારોની શોભા, અને સજ્જાદનો અર્થ બહુજ વધારે સજદા કરવાવાળો આપ એટલી ઈબાદતો કરતા હતા કે આજ સૂધી દુનિયા આપને ઝૈનુલઆબેદીન અને સય્યદે સજ્જાદના લકબથી યાદ કરે છે.

એક વખત આપ નમાઝ પઢી રહ્યા હતા, કે મકાનમાં આગ લાગી ગઈ. આપ તે જ સળગતા મકાનમાં ઈતમિનાનથી નમાઝ પઢતા રહ્યા. પાડોશીઓએ ચીખવા ચિલ્લાવાનું શરૂ કર્યુ. પરંતુ આપે તેઓ તરફ કોઈ ધ્યાન ન આપ્યું. અને આરામથી નમાઝ પૂરી કરી એટલી વારમાં આગને બુજાવી દેવામાં આવી હતી. અને આપ હજી મુસલ્લા પરજ હતા લોકોએ પુછયુ: "અય ઈમામ! એ કંઈ વસ્તુ હતી જેણે આપને સળગતા મકાનમાં પણ નમાઝ શરૂ રાખવા દીધી."

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

આપે ફરમાવ્યુઃ "જહન્નમની આગ"

ઈમામ અ.સ.ના દરવાઝા પર એક સાએલ આવ્યો અને તેણે સવાલ કર્યો. ઈમામે તરતજ બહાર આવ્યા. અને તેના હાથમાં એક થેલી રાખી દીધી. અને ફરમાવ્યુંઃ જયારે કોઈ ગરીબ તમારાથી સવાલ કરે છે તો તેના હાથ પર અલ્લાહનો હાથ હોય છે. માટે તેને હલકો ન સમજો.

ગરીબોની મદદની કેટલી સુંદર અને પ્યારી તાલીમ છે આયે !અલ્લાહ આપણને પણ ગરીબોની મદદ કરવાનો હોસલો અઈમામ ઝૈનુલ આબેદીન અ.સ.વલીદના હુકમ અને હેશામ ઈબ્ને અબ્દુલ મલીક દવારા ઝહેરથી શહીદ કરી દેવામાં આવ્યા.આપને પોતાના કાકા હ.ઈ.હસન અ.સ. પાસે જન્નતુલ બકીઅમાં દફન કરવામાં આવ્યા.

## સવાલ

(૧) આપણા ચોથા ઈમામને ઝૈનુલ આબેદીન અ.સ. શા માટે કહેવામાં આવે છે?

(૨) આપની માતા કોણ હતા?

(૩) આપે સળગતા મકાનમાં નમાઝ શા માટે ન તોડી?

(૪) સજ્જાદનો અર્થ શું થાય છે?

(૫) ઈમામે સાએલના સવાલને શા માટે તરતજ પુરો કર્યો?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 25

# ઈમામ મોહમ્મદ બાકિર અ.સ.

વિલાદત :- ૧ રજબ હિ.સ. ૫૭
જન્મ સ્થળ :- મદીનએ મુનવ્વરા
શહાદત :- ૭ ઝિલહજ હિ.સ.૧૧
મઝારે અકદસ :- જન્નતુલ બકીઅ

ઈમામ મોહમ્મદ બાકિર અ.સ.ઈમામે ઝૈનુલ આબેદીન અ.સ.ના દિકરા હતા. આપની માતાનું નામ ફાતેમા બિન્તે ઈમામ હસન અ.સ.હતુ. આપ ઈમામ હુસૈન અ.સ.ના પોત્રા અને ઈમામ હસન અ.સ.ના નવાસા હતા.

ઈમામ અ.સ.નો લકબ બાકિર છે જેનો અર્થ છુપાએલા ઈલ્મોને ઝાહિર કરવાવાળા. કારણ કે ઈમામ અ.સ.એ દુનિયામાં દીન અને શરીઅતના ઈલ્મને બહોળા પ્રમાણમાં ફેલાવ્યું હતું એટલા માટે આપને બાકિર કહેવામાં આવે છે.

એક વખત લોકોએ જોયું કે ઈમામ બાકિર અ.સ.પોતાના ઝઈફીમાં સખત ગરમી અને તડકા વખતે બપોરના સમયે કોઈ પણ જાતની પરવાહ કર્યા વગર ખેતીના કામોમાં મશ્ગૂલ છે. તેમાંથી એક શખ્સને બહુજ અજબ લાગ્યું. અને તેણે ઈમામથી કહ્યું: કે "મૌલા તમે બહુજ બુઢા થઈ ગયા છો. અને આ સખત ગરમીમાં પણ દુનિયાના કામોમાં મશ્ગૂલ છો. અગર તમને આ હાલતમાં મોત આવી ગઈ તો શું થશે"?

આપે જવાબમાં ફરમાવ્યુ: "અગર અત્યારે મને મૌત આવી જાય, તો હું એવી હાલતમાં મરીશ જયારે કે હું અલ્લાહનો એક હુકમ અંજામ આપવામાં મશ્ગૂલ છું. હું એક એવું કામ કરી રહ્યો છું જેમાંથી હું અને મારા બચ્ચાઓ રીઝક મેળવુછું. અને અમોને જે કંઈ મળશે તે અલ્લાહથી મળશે. આ હાલતમાં મને મૌતથી શેનો ડર હોય? પરંતુ મારે એ વખતે મૌતથી ડરવું જોઈએ જયારે અગર હું કોઈ ગુનાહ કરી રહ્યો હોવ."

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

આપણી રોઝી કમાવવી અને મહેનત સાથે કારોબાર કરવું અલ્લાહનો હુકમ છે, અને ઈમામ અ.સ.એ આ હુકમ પર અમલ કરી આપણને મહેનત કરવાની હિદાયત આપી છે. આપે બતાવ્યું છે, કે અગર ઈમાનદારી સાથે ખેતી કરતી વેળાએ પણ મૌત આવી જાય તો આ મૌત ઈબાદતની હાલતમાં મૌત થઈ ગણાશે.

ઈમામે અ.સ.એ મહેનત અને ખેતીની કેટલી સારી અમલી તાલીમ આપી છે!!!

ઈમામ મોહમ્મદ બાકિર અ.સ. હિશામ બીન અબ્દુલ મલીકના હુકમથી ઝહેરથી શહીદ કરી દેવામાં આવ્યા. અને જન્નતુલ બકીઅમાં આપને દફન કરવામાં આવેલ છે.

## સવાલ

(૧) ઈમામ બાકિર અ.સ.ની નસ્લની ખાસીયત શું છે?

(૨) આપને બાકિર શા માટે કહેવામાં આવે છે?

(૩) મહેનત કરતી વેળાએ મોત આપની નઝરમાં કેવી છે?

(૪) આપ કેવી રીતે મહેનત કરતા હતા?

(૫) આપણે મૌતથી કયારે ડરવું જોઈએ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 26
# ઈમામ જાફર સાદિક અ.સ.

વિલાદત :- ૧૭ રબીઉલ અવ્વલ હિ.સ. ૮૩ | શહાદત :- ૧૫ શવ્વાલ હિ.સ.૧૪૮
જન્મ સ્થળ :- મદીનએ મુનવ્વરા | મઝારે અકદસ :- જન્નતુલ બકીઅ

ઈમામ જાફરે સાદિક અ.સ.એ ઈસ્લામની બહુજ મોટી ખિદમત અંજામ આપેલી છે. આપે ઈસ્લામની શરીઅત બહુજ ફેલાવી છે. માટે આપણી શરીઅતને 'શરીઅતે જાફરી' કહેવામાં આવે છે.

એક વખત જયારે મદીનામાં દુષ્કાળ પડયો ત્યારે આપની પાસે ઘણું અનાજ મૌજુદ હતું. આપે હુકમ આપ્યો કે "આ અનાજને ઓછી કીંમતે વેચી નાખો." લોકો કહેવા લાગ્યા "અત્યારે અનાજ વેચવું બરાબર નથી અગર અનાજ ખત્મ થઈ ગયું તો શું કરશું ? અને પછી આપણે ભુખ્યા રહેવું પડશે અથવા તો મોંઘા ભાવે અનાજ ખરીદવું પડશે." ઈમામે ફરમાવ્યું "એ વસ્તુ શક્ય નથી કે આપણી પાસે અનાજ મૌજુદ હોય અને મુસલમાન ભુખ્યા મરે અને ગરીબોને અનાજ મોંઘા ભાવે ખરીદવું પડે." માટે બધું અનાજ સસ્તા ભાવે વહેંચવામાં આવ્યુ. જેનુાથી દષ્કાળની પરેશુાની દર થઈ ગઈ.

ઈમામ અ.સ.ના એક દિકરાનું નામ ઈસ્માઈલ હતું. જયારે તે બીમાર પડયા ત્યારે ઈમામ બહુજ પરેશાન અને ગમગીન દેખાતા હતા. અને તેજ બીમારીની હાલતમાં ઈસ્માઈલનું ઈન્તેકાલ થઈ ગયુ. હવે પછી લોકો શું જોવે છે કે ઈમામ આરામ અને શાંત દેખાતા હતા. લોકોએ પુછયું મૌલા! "જયારે ઈસ્માઈલ બીમાર હતા ત્યારે તમે ગમગીન અને પરેશાન હતા. અને હવે જયારે ઈસ્માઈલની વફાત થઈ ગઈ છે તો તમે મુતમઈન દેખાવ છો આમ શા માટે છે?"

આપે જવાબમાં ફરમાવ્યું: "અમો આલે મોહમ્મદ અ.સ. એ વખતે તો પરેશાન થઈ એ છીએ જયારે કોઈ મુસીબત નઝર આવે છે પરંતુ જયારે મુસીબત આવી જાય છે ત્યારે તેના પર સબ્ર કરીએ છીએ.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

એક વખત ઈમામ જમવાનું જમી રહ્યા હતા, એટલામાં એક કનીઝ સુપનો પ્યાલો લઈને આવી રહી હતી. અચાનક તેનો પગ લપસ્યો અને સુપ ઈમામ પર પડી ગયો. કનીઝ ગભરાઈ ગઈ પરંતુ ઈમામે તેને કશુ ન કહ્યું અને તેને આઝાદ કરી દીધી.

ઈમામ અ.સ.ને પોતાના એક મોટા કુટુંબની પરવરિશ કરવી પડતી હતી. એક વખત એવું બન્યું કે આપના પિતા હ.મોહમ્મદે બાકિર અ.સ. પાસે પૈસા ન રહ્યા. ત્યારે આપને બોલાવીને પુછ્યું કે ઘરમાં કેટલી રકમ બાકી છે? આપે જવાબ આપ્યો કે સત્તર દીરહમ. ઈમામ બાકિર અ.સ. એ હુકમ આપ્યો કે "બધી દૌલત અલ્લાહની રાહમાં ખેરાત કરી નાખો."

બધા લોકો હૈરાન હતા, કે થોડી ઘણી રકમ હતી, તે પણ રાહે ખુદામાં ખર્ચ કરી નાખવામાં આવી છે. હવે આટલા બધા માણસોનો જમવાનો બંદોબસ્ત કેવી રીતે થશે? બે ચાર દિવસ થયા કે એક આદમી આવ્યો અને ઈમામ બાકિર અ.સ.ની ખિદમતમાં સાતસો અશરફી પેશ કરી. ઈમામ બાકિર અ.સ.એ આપને બોલવ્યા અને કહ્યું કે "જુઓ તમે અલ્લાહની રાહમાં સત્તર દિરહમ આપ્યા હતા. અલ્લાહે તેના બદલામાં કેટલા ગણું વધારે આપ્યું છે."

ઈમામ સાદિક અ.સ. ફરમાવતા હતા, કે મારા પિતા હ.મોહમ્મદ બાકિર અ.સ.ફરમાવે છે કે "અલ્લાહથી વ્યાપાર કરો, જે કંઈ અલ્લાહની રાહમાં ખર્ચ કરશો અલ્લાહ તેના બદલામાં તમોને કેટલાય ગણું વધારે આપશે."

ઈમામ સાદિક અ.સ.ને મનસૂરે અબ્બાસીએ ઝહેર આપી શહીદ કર્યા. અને જન્નતુલ બકીઅ મદીનામાં આપને દફન કરવામાં આવ્યા.

## સવાલ

(૧) ઈમામ કેવી રીતે સખાવત કરતા હતા?
(૨) ઈમામને ખુદા પર કેટલો ભરોસો હતો?
(૩) અલ્લાહથી વ્યાપારનો શું મતલબ થાય છે?
(૪) આપે ખતાકાર કનીઝ સાથે કેવો વ્યવહાર કર્યો હતો?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 27

## ઈમામ મુસા કાઝિમ અ.સ.

વિલાદત :- ૭ સફર હિ.સ. ૧૨૮ શહાદત :- ૨૫ રજબ હિ.સ. ૧૮૩
જન્મ સ્થળ :- અબવા મઝારે અકદસ :- સામર્રા

ઈમામે મુસા કાઝિમ અ.સ. આપણા સાતમાં ઈમામ છે.આપને કાઝિમ કહેવમાં આવે છે કારણ કે કાઝિમનો અર્થ "ગુસ્સાને પીય જનાર" થાય છે. ઈમામ સાબિર અને નરમાશવાળા હતા. દુશ્મનો પર પણ ગુસ્સો નહોતા કરતા. માટે દુનિયા આપને 'કાઝિમ'ના લકબથી યાદ કરે છે. આપના ઝમાનામાં એક બાદશાહ હતો જેનું નામ હારૂને રશીદ હતું જેણે આપને ચૌદ વર્ષ જેલમાં રાખ્યા અને છેવટે આપને ઝહેર આપી શહીદ કરી દિધા.

એક વખત એક માણસ આપની પાસે આવ્યો અને કહ્યું કે ફલાણો માણસ તમારી બુરાઈ કરે છે અને તમારો દુશ્મન છે. આપે તરતજ તે માણસને એક હઝાર રૂપીયાની થેલી મોકલી દીધી. તેણે જયારે બુરાઈનો બદલો નેકીથી જોયો તો બહુજ શરમાઈ ગયો. અને ત્યાર પછી ઈમામની બુરાઈ કરવી બંધ કરી દીધી.

ઈમામ અ.સ.સ્પષ્ટ અને હક વાત કરનારા હતા. એક વખત હારૂને આપને કૈદખાનામાંથી બોલાવ્યા. જયારે આપ તશરીફ લાવ્યા તો બાદશાહે કહ્યું શા માટે તમે મારી મુલાકાત માટે નથી આવતા ? આપે જવાબમાં ફરમાવ્યું કે "મને તારી પાસે આવવાથી બે ચીઝ રોકે છે, પહેલી તારી બાદશાહત અને બીજું તારી દુનિયાથી મોહબ્બત!" જયારે બાદશાહે આ સાંભળયુ તો બહુજ શરમાઈ ગયો.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

એક વખત હારૂને ઈમામ અ.સ.થી કહ્યું કે હું બાદશાહ છું! આપે કહ્યું "હાં! તું બાદશાહ છો અને તલવારની તાકતથી લોકોના સર તારા સામે જુકે છે. પરંતુ હું ઈમામ છું અને લોકોના દિલ મારા સામે જુકે છે."

હારૂન રશીદ બાદશાહ હતો. પરંતુ ઈમામ કોઈ દિવસ તેનાથી નથી ડર્યા,આપ કૈદમાં રહ્યા. દુઃખ દર્દ સહન કરતા રહ્યા. અને જયારે પણ બાદશાહ સાથે વાતચીત થએલ ત્યારે આપે બહાદુરી સાથે હક વાત કહી.સાચા મુસલમાનની શાન એજ છે, કે કયારેય પણ કોઈથી ન ડરે અને હંમેશા સાચી વાત કહે.

હારૂન રશીદે આપને કૈદખાનામાંજ ઝહેર આપી શહીદ કર્યા. આપનો રૌઝો કાઝમૈનમાં છે.


## સવાલ

(૧) કાઝિમનો મતલબ શું થાય છે?

(૨) ઈમામે બાદશાહની પરવાહ શા માટે ન કરી?

(૩) આપ શા માટે બાદશાહ પાસે નહોતા જતા અનશાહને તેનું શું કારણ બતાવ્યું?

(૪) સાચા મુસલમાનની શાન શું હોય છે?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 28
# ઈમામ અલી રઝા અ.સ.

વિલાદત :- ૧૧ ઝીકઅદહ હિ.સ. ૧૫૩
જન્મ સ્થળ :- મદીના
શહાદત :- ૨૩ ઝીકઅદહ હિ.સ. ૨૦૩
મઝારે અકદસ :- મશહદે મુકદસ

તે ઝમાનાના બાદશાહ મામુને આપને પોતાના વલીયે અહદ બનાવ્યા હતા.(મામુનના મરવા પછી બાદશાહત ઈમામ અલી રઝા અ.સ.ને મળે) મામૂને પોતાની દિકરી ઉમ્મે હબીબની શાદી ઈમામ રઝા અ.સ.સાથે કરી હતી. અને રહેવા માટે આપને એક આલીશાન મકાન આપેલ હતું. મકાનના દરવાઝા પર આલીશાન પરદા લટકાવેલ હતા. અને મકાનમાં ઘણી સુંદર અને કીંમતી વસ્તુઓ હતી. સોના ચાંદીના વાસણો મકાનમાં ચમકતા જોવા મળતા હતા. લાખો રૂપિયાનો માલ સામના મકાનમાં મૌજુદ હતો. જયારે ઈમામ અ.સ.એ આ બધી વસ્તુઓ જોઈ તો હુકમ આપ્યો કે આ બધો સામના ગરીબોમાં વહેંચી દેવામાં આવે.આપના હુકમ પ્રમાણે બધો માલ ગરીબોમાં વહેંચી દેવામાં આવ્યો. ત્યાર પછી ઈમામ પોતાનું બિસ્તર લઈ મકાનની બહાર બેસી ગયા. લોકોએ સવાલ કર્યો કે આપ શા માટે બહાર બેઠા છો ? મહેલની અંદર રહો આપે જવાબ આપ્યો કે "આ શાહી મહેલમાં ચારે તરફ ચોકીદારો મોજુદ છે.તેના ડરથી ગરીબ મુસલમાનો મારી પાસે નહીં આવી શકે."

"અગર કોઈ મુસલમાનને અર્ધી રાતે કોઈ શરઈ મસઅલો પુંછવા માટે મારી પાસે આવવું હોય તો આ ચોકીદારો તેને મારી પાસે નહીં આવવા દયે અને સવાર થવા પહેલા તે માણસ આ દુનિયાથી વફાત પામી ગયો અને મસઅલો ન પુછી શકયો તો અલ્લાહની બારગાહમાં તેનો જવાબદાર કોણ બનશે"?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

જ્યારે બાદશાહને આ વાત મળી તો ચોકીદારો હરાવી લેવામાં આવ્યા. આપ શાહી મહેલમાં જરૂર રહેતા પરંતુ આપના ઘરનો દરવાજો દરેક મુસલમાન માટે હંમેશા ખુલ્લો રહેતો હતો. આપ એક મોટી હુકૂમતના વલીયે અહદ કહેવાતા. પરંતુ સાદા કપડા પહેરતા અને સાદુ જમણ જમતા. અને આખો દિવસ ઈલ્મે દીન ફેલાવવામાં વીતાવતા હતા. જયારે આપ જમવા બેસતા તો બધા નોકર ચાકરને સાથે જમવા બેસાડતા હતા. કારણ કે આપ બધા મુસલમાનોને સરખા સમજતા હતા.

આપ હંમેશા ચોખ્ખી વાત કરતા હતા. અને બાદશાહને પણ ભર્યા દરબારમાં તેની ગલતીઓ પર ટોકી દેતા હતા. આપને મામૂને ઝહેર આપી શહીદ કરી દિધા.

## સવાલ

(૧) ઈમામ અ.સ. એ ઘરની તમામ કિંમતી વસ્તુઓનું શું કર્યુ?
(૨) ઈમામ અ.સ. શા માટે મહેલની બહાર આવીને બેસી ગયા હતા?
(૩) ઈમામ અ.સ. પોતાનો સમય કંઈ વસ્તુમાં વિતાવતા હતા?
(૪) વલીયે અહદ એટલે શું?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 29

# ઈમામ મોહમ્મદ તકી અ.સ.

વિલાદત :- ૧૦ રજબ હિ.સ. ૧૯૫ શહાદત :- ૨૯ ઝીકઅદહ હિ.સ. ૨૨૦

જન્મ સ્થળ :- મદીના મઝારે અકદસ :- કાઝમૈન

ઈમામ રઝા અ.સ.ની શહાદત વખતે આપની ઉમ્ર બહુજ નાની હતી.તેમ છતાં આપ બહુજ મોટા આલિમ હતા.આ નાની વયમાં ઘણા મોટા મોટા આલિમોએ આપની પરિક્ષા કરી અને તેઓને માની લેવું પડયું,કે આપનો મુકાબલો કોઈ નથી કરી શકતું.મામૂન રશીદ જે તે વખતનો બાદશાહ હતો, તેણે આપના ઈલ્મો કમાલને જોઈ પોતાની એક દિકરીની શાદી આપની સાથે કરી દીધી. આપ એક બાદશાહના જમાઈ હતા. આપ ચાહત તો એક આલીશાન મહેલમાં રહી શકત. પરંતુ આપે એક સામાન્ય ઘર ભાડે રાખ્યું. અને ત્યાંજ સાદાઈથી પોતાનું જીવન જીવતા હતા. પુરો દિવસ લોકો આપની પાસે આવતા અને ઈસ્લામની તાલીમ હાંસિલ કરતા. એક દિવસમાં આપ હઝારો મસઅલાઓના જવાબ આપતા હતા.

ઈમામ અ.સ.ને જવાદ પણ કહેવામાં આવે છે. કારણકે આપ બહુજ સખી હતા. અને ગરીબોની દિલ ખોલીને મદદ કરતા હતા.

એક માણસ આપની પાસે આવ્યો. તે કહેવા લાગ્યો કે "મૌલા આપ બાદશાહના જમાઈ છો. માટે આપે સારા કપડા પહેરવા જોઈએ".ઈમામે જવાબ આપ્યો કે "મારી ઈઝ્ઝત કપડાથી નથી. બલ્કે ઈલ્મથી છે તો હું શા માટે કપડા પાછળ ખોટો ખર્ચ કરૂ!"

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

સાચી હકીકત એ છે કે દુનિયામાં ઈન્સાનની ઈઝ્ઝત સારા કપડા અને સારા મકાનથી નથી હોતી. સાચી ઈઝ્ઝત ઈલ્મ અને અખલાકથી મળે છે. આપણા બધા ઈમામો અ.સ.થીગડાવાળા કપડા પહેરતા. તેમ છતાં આખી દુનિયા તેમની ઈઝ્ઝત કરતી. કારણ કે તેમની પાસે ઈલ્મ હતું. તેઓનો અખ્લાક બલંદ હતો. અને તેઓ દીન અને શરીઅતના રક્ષક હતા. ઈમામ અ.સ.ને મોઅતસિમ નામી બાદશાહે ઝહેરથી શહીદ કરાવી દિધા.

## સવાલ

(૧) ઈમામે મોહમ્મદ તકી અ.સ.ના ઈલ્મની કેવી હાલત હતી?

(૨) આપ સુંદર અને કીમતી લિબાસ શા માટે નહોતા પહેરતા?

(૩) ઈન્સાનને દુનિયામાં ઈઝ્ઝત કેવી રીતે મળે છે?

(૪) આપનું ઘર કેવું હતું?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 30

# ઈમામ અલી નકી અ.સ.

વિલાદત :- ૫ રજબ હિ.સ. ૨૧૪ શહાદત :- ૩ રજબ હિ.સ. ૨૫૪

જન્મ સ્થળ :- મદીના મઝારે અકદસ :- સામર્રા

ઈમામ અલી નકી અ.સ.એ દીને ઈસ્લામની બહુજ ખિદમત કરી છે. મુતવક્કીલ બાદશાહે આપને કૈદ કરી લીધા હતા. જેના કારણે આપને વરસો કૈદમાં રહેવું પડયું. અને ઘણી બધી મુસીબતો સહન કરવી પડી. પરંતુ આપે કોઈ દિવસ તેની ફરીયાદ નથી કરી. હંમેશા સબ્રથી કામ લેતા હતા. વરસો પછી બાદશાહે આપને પોતાના મહેલમાં રહેવાની રજા આપી. પરંતુ ત્યાં પણ આપની પર ઘણી પાબંદીઓ હતી. જેના કારણે ઈમામને ઘણી પરેશાનીઓનો સામનો કરવો પડતો. તેમ છતાં આપ ચુપચાપ ઈસ્લામની ખિદમત અંજામ આપતા હતા.

એક વખત મુતવકીલે આપને જંગલી જાનવરો સિંહ, ચિત્તા, વરૂ વગેરેના પિજરામાં મોકલી દિધા. આપ શાંતિથી તે પિંજરમાં ગયા. જાનવરોએ આપને જોયા તો આપની પાસે ભેગા થઈ ગયા. અને આપના કદમોમાં પોતાનું માથું નાખી દીધું. આપ તે બધા જાનવરોના માથા પર હાથ ફેરવવા લાગ્યા. થોડી વાર પછી આપ ત્યાંથી પાછા આવી ગયા, જાનવરોએ આપને કોઈ નુકશાન ન પહોંચાડયું.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

આપ જે મકાનમાં રહેતા હતા તે મકાનમાં આપે એક કબ્ર તૈયાર કરી હતી. અને હંમેશા તે કબ્રના કીનારે બેસી ખુદાને યાદ કરતા હતા. આપ આ વસ્તુ એટલા માટે કરતા હતા કે લોકો આપને જોઈને યાદ રાખે કે આ ઝિંદગી થોડાક દિવસોની છે. અને તેના પછી કબ્રની મંઝિલ છે.માટે ઈન્સાને આ દુનિયામાં સારા કામ કરવા જોઈએ જે તેને કબ્રમાં કામ આવે. મૌતની યાદ આપણા દિલમાં અલ્લાહનો ડર અને નેકી કરવાનો શોખ પૈદા કરે છે. અને ઈમામ અ.સ.પોતાના આ કાર્યથી આપણા દિલમાં આ વાત બેસાડવા ચાહતા હતા.

ઈમામ અ.સ.ને મોઅતઝ બિલ્લાહ બાદશાહે ઝહેર આપી શહીદ કરી દિધા.આપનો રોઝો સામર્રામાં છે.

## સવાલ

(૧) જંગલી જાનવરોએ ઈમામ અ.સ.સાથે કેવો વર્તાવ કર્યો?

(૨) કબ્રની ઝિયારત કરવામાં શું ફા યેદો છે?

(૩) ઈમામ અ.સ. શા માટે કબ્ર પાસે બેસી અલ્લાહની ઈબાદત કરતા હતા?

(૪) આપની ઝિંદગી કેવી રીતે ગુઝરી?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 31

# ઈમામ હસન અસ્કરી અ.સ.

વિલાદત :- ૧૦ રબીઉસ્સાની હિ.સ. ૨૩૨ શહાદત :- ૮ રબીઉલ અવ્વલ હિ.સ. ૨૬૦જન્મ સ્થળ :- મદીના મઝારે અકદસ :- સામર્રા

આપણા અગિયારમાં ઈમામ હસન અસ્કરી અ.સ.ના પિતાનાં ઈન્તેકાલ વખતે આપની ઉમ્ર બાવિશ વર્ષની હતી. અને અઠયાવીશ વર્ષની ઉમ્રમાંજ આપને ઝહેરથી શહીદ કરી દેવામાં આવ્યા. આપની વધારે ઉમ્ર કૈદખાનોમાં ગુઝરી હતી. તેમ છતાં આપે ઈસ્લામ અને મુસલમાનોની બહુજ મોટી ખિદમત કરી હતી.

એક વખત ઈરાકમાં બહુજ મોટો દુષ્કાળ પડયો. એક ટીપું પાણી પણ ન વરસ્યું. લોકો બહુજ પરેશાન હતા. તે ઝમાનામાં એક ઈસાઈ પાદરી કયાંકથી આવી ગયો. આ પાદરી જયારે દુઆ માટે હાથ ઉઠાવતો ત્યારે વરસાદ વરસવા લાગતો. મુસલમાનો દુઆ માંગતા તો કશુંજ થતુ નહીં. જેનું પરિણામ એ આવ્યુ કે લોકોને શક થવા લાગ્યો અને ઈસાઈ મઝહબને ઈસ્લામ મઝહબ કરતા સારો સમજવા લાગ્યા. મુસલમાનોમાં પણ મોટા મોટા આલિમો હતા. તેઓ પણ આ શકને દુર ન કરી શક્યા. છેવટે બાદશાહે ઈમામ અ.સ.ને કૈદખાનાથી આઝાદ કર્યા અને કહ્યું હવે તમેજ આ ઈસ્લામને બચાવી શકો છો.

ઈમામ અ.સ.એ બધા લોકોને એક મૈદાનમાં જમા કર્યા અને તે ઈસાઈ પાદરીને પણ બોલાવ્યો. તે પાદરીએ જેવા દુઆ માટે હાથ ઉઠાવ્યા તો વરસાદના વાદળાઓ ઘેરાઈ ગયા. ઈમામે એક માણસને હુકમ આપ્યો કે પાદરીના હાથ પકડી લ્યો અને તેના હાથમાં જે કંઈ પણ હોય તે લઈ લ્યો.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

ઈમામના આ હુકમને પુરો કરવામાં આવ્યો, તો પાદરીના હાથમાંથી એક હાડકુ મળ્યુ. જેને ઈમામ અ.સ.એ લઈ લીધુ. તો વાદળાઓ વિખરાય ગયા,અને તડકો નીકળી આવ્યો. હવે ઈમામ અ.સ.એ પાદરીને કહ્યું કે દુઆ કર હવે જયારે રાહીબે દુઆ કરી તો કોઈ અસર થયો નહીં.

ઈમામ અ.સ.એ લોકોને બતાવ્યું કે આ બધી કરામત હાડકાની હતી. જે કોઈ નબી અ.સ.નુ છે.જયારે પાદરી આ હાડકાને આસમાન સામે લાવતો તો વાદળાઓ ઘેરાઈ જતા. ત્યાર પછી ઈમામ અ.સ.બે રકાત નમાઝ પઢી અને દુઆ કરી તો ખુબજ વરસાદ વરસ્યો. અને લોકોને યકીન થઈ ગયું કે ઈસ્લામજ સાચો દીન છે. અને આપ અ.સ.જ સાચા ઈમામ અ.સ.છે .

આપને મોઅતસિમ અબ્બાસીએ ઝહેર આપીને શહીદ કર્યા આપનો રોઝો સામર્રામાં છે.

<u>સવાલ</u>

(૧) ઈમામ હસન અસકરી અ.સ.ની ઉમ્ર તેમના પિતાની શહાદત વખતે કેટલી હતી ?

(૨) ઈસાંઈ પાદરી શા માટે લોકોને ગુમરાહ કરવા ચાહતો હતો ?

(૩) ઈસાઈ પાદરીની દુઆ કરવાથી શા માટે વરસાદ વરસતો હતો ?

(૪) ઈમામ અ.સ.એ ઈસ્લામને કેવી રીતે બચાવ્યો ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 32

# ઈમામ મહ્દી આખેરૂઝ ઝમાન અ.સ.

વિલાદત :- ૧૫ શાબાન હિ.સ. ૨૫૬ જન્મ સ્થળ :- સામર્રા

ગાયબ થવાનું સ્થળ :- સરદાબ સામર્રા

ઈમામ મહ્દી અ.સ.૧૫ શાબાન હિ.સન ૨૫૬ ના પૈદા થયા અને આજ સૂધી જીવતા છે અને અલ્લાહ્ના હુકમથી ગાએબ છે.જયારે અલ્લાહ્ ચાહ્શે ત્યારે ઝાહિર થશે અને આખી દુનિયાને મુસલામાન બનાવી દેશે.

ઈમામ અ.સ. મક્કાથી ઝાહિર થશે. અને જયારે આપના ઝુહૂરની ખબર ફેલાશે ત્યારે 313 મોમિનો આપની પાસે પહોંચી જશે. ઈમામ અ.સ.આ લોકોને લઈ કાફિરો સાથે લડાઈ કરશે. અને ઈમામ અ.સ.આ લડાઈમાં કામયાબ થશે અને દજ્જાલ આપના હાથેજ કત્લ થશે.

બધા લોકો નેકી ભલાઈ અને સુકુનની ઝિંદગી પસાર કરશે. દુનિયામાંથી દુઃખ અને તકલીફનો અંત થઈ જશે. અને ઈન્સાન સાચા અર્થમાં,મેળવશે.

આપનું આખી દુનિયા પર રાજ હશે. અને આપ થકીજ રંગ,વંશ, ભાષા,દેશ વિગેરેના ભેદભાવ દુર થશે અને આપજ બધાને સંપીને ભાઈ-ભાઈ બનીને રહેતા શીખવાડશો.

આપ જયારે પૈદા થયા ત્યારેજ દુશ્મનો આપને કત્લ કરી નાખવા ચાહ્તા હતા.પરંતુ આપ સામાન્ય રીતે ગાયબજ રહેતા હતા. માટે આપને કોઈ શોધી ન શકયું. આપના પિતાની શહાદત વખતે આપની ઉમ્ર ફકત પાંચવ ર્ષની હતી. આપે તેજ નાની વયમાં ઈમામતની ઝિમ્મેદારી સંભાળી લીધી. આપ ગૈબતે સુગરામાં ૭૨ વર્ષો સૂધી ગાયબ રહ્યા, અને ઈમામતની ઝીમ્મેદારીઓ પૂરી કરતા રહ્યા.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

તે ઝમાનામાં આપના ચાર નાયબ હતા. જેઓ આપની મુલાકાત કરી શકતા અને લોકો સૂધી આપના હુકમો પહોંચાડતા હતા. ૭૨ વર્ષ પછી અલ્લાહના હુકમથી આપે આ સિલસિલો બંધ કરી દીધો, અને બિલકુલ ગાયબ થઈ ગયા. ત્યારથી આજ સૂધી આપની ગૈબત શરૂ છે જેને 'ગૈબતે કુબરા' કહેવામાં આવે છે.

આ ઝમાનામાં પણ ઈમામ અ.સ.નો એહસાન આપણા પર જારી છે. અગર આપનું અસ્તિત્વ ન હોત તો દુનિયા ફના થઈ જાત. જયારે આપણને કંઈ ઝરૂરત પડે છે, ત્યારે ઈમામ અ.સ. આપણી મદદ કરે છે.


## સવાલ

(૧) ગૈબતના કેટલા પ્રકાર છે? અને કયા કયા?

(૨) ઈમામ અ.સ. સાથે કેટલા મોમિનો હશે? અને તેને સાથે રાખી ઈમામ શું કરશે?

(૩) ગૈબતે સુગરાની મુદ્દત કેટલી હતી?

(૪) ઈમામ અ.સ.ના ઝુહૂર પછી લોકો કેવી રીતે જીવન જીવશે?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 33

# દુનિયાનો આખરી અંજામ

અગાઉ આ દુનિયા નહોતી અને પાછળથી પૈદા થઈ. એક દિવસ એવો પણ આવશે, જ્યારે આ દુનિયા રહેશે નહીં અને કયામત આવી જશે. કયામત આવશે ત્યારે હ. ઈસરાફીલ નામનો એક ફરીશ્તો અલ્લાહના હુકમથી એક સૂર લઈને ઝમીન પર આવશે. સૂરના ઉપરના ભાગમાં બે ખુણા હશે. એક ખુણાનું મોઢું દુનિયા તરફ હશે અને બીજા ખુણાનું મોં આકાશ તરફ હશે. પ્રથમ ઝમીન તરફના ભાગમાં સૂર ફૂંકવામાં આવશે. જ્યારે ઝમીનવાળા તમામ મરણ પામશે ત્યાર બાદ આકાશ તરફના ભાગમાંથી સૂર ફૂંકવામાં આવશે. જેથી તમામ આકાશી વસાહતીઓ મરણ પામશે. હઝરત ઈસરાફીલ સિવાય સર્વે મૌતને આધિન થઈ જશે. કોઈ બાકી રહેશે નહીં. ત્યારબાદ અલ્લાહના હુકમથી હ. ઈસરાફીલ પણ મરી જશે અને અલ્લાહ તઆલા સિવાય કોઈ બાકી રહેશે નહીં.

ત્યાર પછી અલ્લાહની મરજી હશે એટલે પહેલા આસમાનવાળાને અને પછી ઝમીનવાળાને જીવતા કરવામાં આવશે અને બધાનો હિસાબ કિતાબ થશે અને પોતપોતાના આમાલ પ્રમાણે કોઈ જન્નતમાં યા કોઈ જહન્નમમાં જશે.

**કયામતની નિશાનીઓ :-**

કયામત આવતા પહેલા કેટલીક બાબતો જાહેર થશે. જેનાથી જાણવા મળશે કે કયામત આવવાવાળી છે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

૧. યાજૂજ માજૂજ :- આ લોકોએ મોટો ત્રાસ ફેલાવ્યો હતો અને મોટી બરબાદી કરી દીધી હતી, ખુનાખરાબી કરતા હતા. સિકંદર ઝુલ્કરનૈને એક મોટી દિવાલ બનાવી હતી, જેના લીધે આ યાજૂજ માજૂજના ત્રાસથી દુનિયાએ મુક્તિ મેળવી હતી. જ્યારે કયામત નજીક આવશે ત્યારે આ દિવાલ પડી જશે અને યાજૂજ માજૂજ બહાર નિકળી આવશે અને મોટી બરબાદી ફેલાવી દેશે.

૨. જ્યારે કયામત આવવાની થંશે ત્યારે સૂરજ પશ્ચિમમાંથી નિકળશે.


૩. કયામત આવવા પહેલા આખી દુનિયામાં ધુમાડો ફેલાઇ જશે.

# સવાલ

૧. કયામત કયારે આવશે ?

૨. હ. ઇસરાફીલ કોણ છે ?

૩. કયામત પહેલા કયા કયા બનાવો બનશે ?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 34

# નમાઝ

આપણી ફરજ : અલ્લાહે આપણને જીવન આપ્યું, એજ આપણને રોઝી આપે છે. અલ્લાહે જ આપણને મા-બાપ, ભાઈ-બહેન દીધા છે. એજ આપણને જ્ઞાન તથા પ્રગતિ આપવાવાળો છે. એજ આપણને માલ, દૌલત, ઈઝ્ઝત, આબરૂ દે છે. એ જ આપણા માલમાં વધારો કરે છે. અર્થાત આપણને જે કાંઈ મળે છે, તે અલ્લાહ પાસેથી જ મળે છે.

અલ્લાહ આપણા મા-બાપ કરતાં વધારે હેત રાખવાવાળો છે. આપણે પણ એવા હેતવાળા અલ્લાહની સાથે મોહબ્બત કરવી જોઈએ. અલ્લાહ સાથે મોહબ્બત કરવાનો સૌથી સારો તરીકો એ છે કે, આપણે દરરોજ અલ્લાહને ખુશ રાખવો. અલ્લાહને ખુશ રાખવો એનું નામ 'ઈબાદત' છે. એટલા માટે ઈબાદત કરવી આપણી ફરજ છે અને સૌથી મોટી ઈબાદત 'નમાઝ' છે.

નમાઝ :- નમાઝમાં દીન અને દુનિયાના ઘણા ફાયદા છે. નમાઝ પઢવાથી આપણને સમયની પાબંદીનો શોખ પૈદા થાય છે. નમાઝ પઢનારનું શરીર અને દિલ પાક રહે છે. નમાઝથી ઈલ્મ, ઈમાન અને દૌલતમાં અલ્લાહ બરકત આપે છે. નમાઝ પઢનારને દરેક આદમી ઈઝ્ઝતની નઝરથી જુએ છે. નમાઝ પઢનારથી અલ્લાહ પણ ખુશ રહે છે, રસૂલ પણ ખુશ રહે છે, ઈમામો પણ ખુશ રહે છે અને ઈમાનદાર લોકો પણ ખુશ રહે છે. નમાઝથી ઈન્સાનની

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

રૂહમાં પવિત્રતા પૈદા થાય છે. નમાઝ આપણને બુરા કામથી રોકે છે. નમાઝ આખેરતમાં મુક્તિની પૂંજી છે. જેની નમાઝ કબુલ થાય છે તેના દરેક નેક આમાલ કબુલ થાય છે અને જેની નમાઝ કબુલ થતી નથી તેના કોઈ કામ અલ્લાહ કબુલ રાખતો નથી. નમાઝથી બલાઓ દૂર થાય છે, આદમીની મુશ્કેલીઓ ખતમ થંઈ જાય છે. જે માણસ નમાઝ છોડે છે તે ફાસિક છે અને ફાસિક માણસને અલ્લાહના દરબારમાં સખત સઝા થશે. જે માણસ નમાઝને તુચ્છ, નજીવી, હલકી અને બેકાર સમજે છે તે માણસ કાફિર છે. જેણે નમાઝનો ઈન્કાર કર્યો તેણે અલ્લાહનો ઈન્કાર કર્યો અને જેણે અલ્લાહનો ઈન્કાર કર્યો તે મુસલમાન નથી. નમાઝ પઢવાવાળો અલ્લાહથી ડરે છે એટલે તે બુરા કામથી પણ દૂર રહે છે. નમાઝ પઢવાવાળો અલ્લાહનો શુક્ર અદા કરે છે. નમાઝથી અલ્લાહની નેઅમતો મળે છે. જમાઅતથી નમાઝ પઢવાથી સંપ અને આપસમાં ભાઈચારો પૈદા થાય છે.

નમાઝ પઢવાનો એક કાયદો મુકર્રર છે. બધા એ કાયદા પ્રમાણે નમાઝ પઢે છે, એમાં કોઈ ફેરફાર થઈ શકતો નથી. જીવનના બીજા કામોમાં પણ આવી રીતો અને આવા કાનૂન રાખવામાં આવે તો દરેક કામમાં ચોક્કસ સફળતા મળે છે:

## સ્વાલ

૧. ઈબાદત કઈ વસ્તુનું નામ છે ? સર્વેથી મોટી ઈબાદત કઈ છે ?

૨. નમાઝને બેકાર સમજનારને શું કહેશો ?

૩. જમાઅત નમાઝથી શું ફાયદો થાય છે ?

૪. નમાઝના કોઈ પણ ત્રણ ફાયદા બતાવો.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 35

# મઅસુમ (અ.)ની નમાઝો

**નબી (અ.)ની નમાઝ :** આપણા નબી (સ.અ.વ.) આખી રાત ઈબાદત કર્યા કરતા હતા. આ કરવાથી તેમના પગ સૂઝી ગયા હતા. છેવટે અલ્લાહને કહેવું પડ્યું, "અય, ધાબળી ઓઢનાર દોસ્ત ! રાતના જરા આરામ પણ કરતા રહો !"

**પહેલા ઈમામ (અ.)ની નમાઝ :** આપણા પહેલા ઈમામ હઝરત અલી (અ.) દીન દુનિયાના બાદશાહ હતા. એકવાર આપ લડાઈ માટે ગયા. લડાઈ જોરશોરથી ચાલી રહી હતી. દુશ્મનો આપને ચારો તરફથી ઘેરી રહ્યા હતા અને આપને કત્લ કરવાની કોશીશ કરી રહ્યા હતા. એટલામાં નમાઝનો સમય થઈ ગયો. દુશ્મન મને ઘેરી રહ્યા છે, તે બાબતનો કશો વિચાર કર્યા વિના, આપ ઘોડા પરથી નીચે ઉતરી નમાઝ પઢવા લાગ્યા. જ્યારે નમાઝ પઢી રહ્યા ત્યારે એક સાથીએ આપને પુછ્યું : "મૌલા, આ લડવાની હાલતમાં નમાઝ પઢવાનો કયો મૌકો હતો ?" આપે જવાબ આપ્યો, "અમો આ નમાઝને કાયમ કરવા માટે તો જેહાદ કરી રહ્યા છીએ."

**ત્રીજા ઈમામ (અ.)ની નમાઝ :** આપણા ત્રીજા ઈમામ હ. હુસૈન (અ.)ને હજારો શત્રુઓએ કરબલાના મૈદાનમાં ઘેરી લીધા હતા-આપને કત્લ કરવા મથી રહ્યા હતા. મોહર્રમ તા. ૧૦મીના રોજ જ્યારે ઝોહરનો વખત થઈ ગયો, તો આપે પોતાના બે સાથીઓને સાથે ઉભા કરી દીધા, કે જેથી દુશ્મનના દરેક હુમલાને

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

તેઓ પોતા પર રોકી રાખે અને પોતે નમાઝ પઢવામાં મશ્ગુલ થઇ ગયા. આપને ન હતો દુશ્મનોનો ડર કે ન હતો તીરના વરસાદનો ભય, ન હતી મૌતની બીક કે ન હતો ઘાયલ થવાનો ખૌફ. આપે તીરોની વર્ષામાં આપની નમાઝ પૂરી કરી. દુશ્મનોએ અસ્રના વખતે તો આપને શહીદ કરી નાખ્યા. અસ્રના વખતે જ્યારે આપ શહીદ થયા ત્યારે આપનું સર સજદામાં હતું. આપે સજદામાં માથું કપાવીને આપણને બોધપાઠ આપ્યો કે, "જાન ભલે ચાલી જાય, પણ બંદગી કદી છોડાતી નથી, ભૂલાતી નથી."

**ચોથા ઈમામ (અ.)ની નમાઝ :** હઝરત ઈમામ ઝૈનુલ્આબેદીન (અ.) આપણા ચોથા ઈમામ છે. દિવસ-રાત આપ અલ્લાહની ઈબાદતમાં મશ્ગુલ રહેતા હતા. નમાઝની હાલતમાં આપને અલ્લાહનો એવો ડર લાગતો હતો કે, લોકો એમ સમજતા હતા કે ઈમામ વફાત પામ્યા છે. એક વખત આપ નમાઝ અદા કરી રહ્યા હતા, શૈતાને આપની કસોટી કરવાનો ઈરાદો કર્યો, એટલે તેણે સાંપનું રૂપ ધારણ કર્યું. તે હઝરતના મુસલ્લા પાસે આવ્યો અને આપના પગના અંગુઠાને કરડવાનું શરૂ કર્યું. આપ નમાઝમાં એટલા બધા લીન હતા કે સાંપ અંગુઠો ચાવતો રહ્યો પણ આપને તેની કશી જાણ ન થઈ. આ જોઈને શૈતાન બહુજ નવાઈ પામ્યો.

નમાઝ પૂરી થઈ કે એક ગૈબી અવાઝ આવ્યો, "બેશક તું ઝૈનુલ્આબેદીન છે," આપનો મશહુર લકબ પણ ઝૈનુલ્આબેદીન છે.

**નમાઝની શાન :** નમાઝમાં ફકત અલ્લાહને યાદ કરવાનો હોય છે. કોઈપણ જાતના આડા-અવળા વિચારો કે સારા-નરસા વિચારો

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

દિલમાં ન પૈદા થવા જોઈએ. અગર કોઈ ચિંતા કે પરેશાની હોય તો નમાઝ પઢયા બાદ દુઆ કરવી જોઈએ. તે તેવા ખ્યાલને દૂર કરી દેશે. નમાઝમાં ફકત અલ્લાહ તરફ ધ્યાન રાખવું જોઈએ; એજ નમાઝની શાન છે. બીજી વાતો માટે વિચાર કરવાનો આપણી પાસે ઘણો સમય છે. આજ કારણ છે કે, સાચો મુસલમાન નમાઝ દરમિયાન ફકત અલ્લાહથી જ લવ લગાડે છે, બીજા કોઈ ખ્યાલ દિલમાં પૈદા જ થવા દેતો નથી. એકવાર મૌલા અલી (અ.)ને એક લડાઈમાં તીર વાગી ગયું હતું. તીર ખેંચતા આપને ઘણી તકલીફ થતી હતી. રસૂલે ખુદા (સ.અ.વ.)એ એક ઉપાય બતાવ્યો. જ્યારે હઝરત અલી (અ.) નમાઝ પઢતા હોય ત્યારે તીર ખેંચી લેવું. આપની સલાહ પ્રમાણે જ્યારે મૌલા અલી (અ.) નમાઝ પઢતા હતા ત્યારે તીર ખેંચી લેવામાં આવ્યું અને મૌલાને એ સંબંધમાં કશી ખબર પણ ન રહી.

અગર જો આપણે ઈમામ (અ.)ના ખરા માનવાવાળા હોઈએ તો આપણે કદી પણ નમાઝ છોડવી ન જોઈએ, અને નમાઝ દરમિયાન આપણા દિલમાં બીજા કોઈપણ વિચાર ન આવવા જોઈએ.

## સવાલ

૧. ઈબાદતનો અર્થ બતાવો.

૨. નમાઝથી થતા ફાયદાઓમાંથી ત્રણ ફાયદા બતાવો.

૩. કોઈ ઈમામના નમાઝને લગતો બનાવ વર્ણવો.

૪. નમાઝની શાન શી હોવી જોઈએ ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 36

# વાજિબ નમાઝો

આપણા બારમાં ઈમામ (અ.)ની ગૈબતના સમયમાં છ જાતની નમાઝ વાજિબ છે :

(૧) પાંચ સમયની નમાઝ - જેમ કે, સુબ્હ, ઝોહર, અસ્ર, મગરીબ, ઈશા.

(૨) નમાઝે આયાત, એટલે કે ચંદ્રગ્રહણ, સૂર્યગ્રહણ, ધરતીકંપ વિ.ની નમાઝો.

(૩) મય્યતની નમાઝ

(૪) વાજિબ તવાફની નમાઝ

(૫) મા-બાપની કઝા નમાઝ

(૬) ઈજારાની નમાઝ, નઝર, અહદ વિ.ની નમાઝ

નમાઝે જુમ્આની ગણતરી પાંચ વખતની નમાઝમાં થાય છે. આ નમાઝ જુમ્આને દિવસે ઝોહરને બદલે વાજિબે તખીરી છે. પરંતુ શર્તની સાથે જો થઈ રહી હોય તો શામીલ થવું એહતિયાત સાથે જરૂરી છે.

<u>**નમાઝની શરતો :**</u>

નમાઝ પહેલા છ બાબતો વાજિબ છે :

(૧) **નજાસત દૂર કરવી** (ઈઝાલયે નજાસત), પાક કપડાં પહેરવાં.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

(૨) વુઝૂ અથવા ગુસ્લ અથવા તયમ્મુમ કરવું (તહારત)

(૩) **સત્ર**-એટલે કે મરદ પોતાની આગળ-પાછળની શરમની જગ્યા છુપાવે અને ઔરત મોઢું અને હથેળીઓ સિવાય પુરૂં અંગ છુપાવે. (કોઈ જુએ કે ન જુએ, તો પણ આ બધું છુપાવવું.)

(૪) **વક્ત**-એટલે કે દરેક **નમાઝ** તેના સમય પર પઢવી.


(૫) **ઈબાહતે મકાન**-એટલે કે નમાઝની જગ્યા જાએઝ હોય-ગસ્બી (છીનવેલી) ન હોય.

(૬) **ઈસ્તીકબાલે કિબ્લા**-એટલે કે કિબ્લા તરફ ઊભા રહીને નમાઝ પઢવી. મરદો માટે રેશમી કપડા અથવા સોના જડીત કપડાં પહેરીને નમાઝ પઢવી જાએઝ નથી.

# સવાલ

૧. ઈમામે ઝમાનાની ગૈબત દરમિયાન કઈ કઈ નમાઝો વાજિબ છે ?

૨. નમાઝ પહેલાં જે બાબતો વાજિબ હોય તે વર્ણવો.



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 37

# કિબ્લો

કિબ્લો એ જગ્યા છે, જ્યાં ખાન-એ-કઅબા આવેલું છે.

ખાન-એ-કઅબાની આસપાસ રહેવાવાળા માણસને કિબ્લો જાણવો બહુ જ સરળ છે, તેના પર વાજિબ છે કે, એ કઅબાની સામે ઉભા રહીને નમાઝ પઢે. પણ જે કઅબાથી દૂર હોય તેને માટે કઅબાવાળી દિશા તરફ ઊભા રહીને નમાંઝ પંઢવી જોઈએ.

કિબ્લો જાણવાના ઘણા સાધનો છે.

દા.ત. એ જુએ કે એ જગ્યાની મસ્જિદ કઈ તરફ બનેલી છે. મસ્જિદ ન હોય તો એ જાણવા કોશીશ કરે કે, એ જગ્યાના મુસલમાનો કઈ તરફ મોઢું રાખીને નમાઝ પઢે છે. અથવા તો મુસલમાનોની કબ્ર તરફ જુએ કે, એ કઈ દિશા તરફ બનેલી છે. અથવા બીજા સાધનો કે જેના વડે કિબ્લો જાણી શકીએ. દા.ત. ધ્રુવ કાંટો કે સ્થાનિક માણસો પાસેથી માહિતી લઈને, આ પ્રકારે કોઈપણ રીતે કિબ્લો જાણી શકાય છે.

જો કોઈ પણ રીતે કિબ્લાની જાણ ન થઈ શકે તો કિબ્લા સામે ઉભા રહેવાનું વાજિબ નથી. ફક્ત કોઈ એક દિશા તરફ ઉભા રહીને નમાઝ પઢી લેવી જોઈએ, પરંતુ બહેતર એ છે કે, એક નમાઝ ચારેય દિશામાં પઢે.

## સવાલ

૧. કિબ્લો શું છે ?

૨. કિબ્લાની નજીક રહેવાવાળા માટે શું હુકમ છે ?

૩. કઅબાથી દૂર રહેવાવાળા માટે શું હુકમ છે ?

૪. જો કિબ્લાની જાણ ન થાય તો શું કરે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 38

# નમાઝીનો લિબાસ

નમાઝની હાલતમાં મરદો માટે આગળ પાછળની શરમની જગ્યાઓ છુપાવવી વાજિબ છે. ઔરતો માટે આખું શરીર છુપાવવું વાજિબ છે, એટલે સુધી કે વાળ પણ છુપાવવા જોઈએ. ફકત એટલો ચહેરો ખુલ્લો રાખે કે જે વુઝૂની હાલતમાં ધોવામાં આવતો હોય અને કાંડા સુધીના હાથ, ઘુંટી સુધીનો પગનો ભાગ, કોઈ જોવાવાળો ન હોય તો ખુલ્લો રાખી શકે છે.

નમાઝીના લિબાસ બાબત કેટલીક શરતો પાળવી પડે છે :

(૧) કપડા શરીરને છુપાવી શકે તેવા હોવા જોઈએ. નાયલોન અથવા ઝીણા મલમલના કપડા પહેરીને ઔરતો માટે નમાઝ પઢવી જાએઝ નથી. આવા કપડા ઉપર અલગથી ચાદર વિગેરે ઓઢીને નમાઝ પઢવી જોઈએ. આ બાબતમાં કોઈ જોવાવાળો હોય અથવા ન હોય તો પણ ઉપર જણાવ્યા પ્રમાણે શરીર છુપાવીને જ નમાઝ પઢવી જોઈએ.

(૨) નમાઝીના કપડા પાક હોવા જોઈએ. નજિસ કપડા પહેરીને નમાઝ પઢવી જાએઝ નથી. આ બાબતમાં જો કપડા પાક કરવાનો અવકાશ ન હોય અને નમાઝનો સમય ઓછો હોય તો પછી એવી હાલતમાં નમાઝ પઢી શકે છે.

(૩) કપડા મુબાહ હોય, એટલે કપડા પોતાની માલિકીના હોય અથવા માલીકની રજા મળેલ હોય. ખૂમ્સ, ઝકાત કાઢ્યા

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

સિવાયના પૈસાથી કપડા ખરીદેલ હોય તો તેવા કપડાથી નમાઝ પઢી શકાશે નહીં-તે નમાઝ બાતિલ ગણાશે. અથવા કોઈ એવા માણસનો વારસો મળ્યો હોય કે જેની ઉપર ખૂમ્સ, ઝકાત અદા કરવાનું વાજિબ હોય અને તે અદા ન કર્યું હોય તો તેવા વારસાના નાણામાંથી કપડા ખરીદેલ હોય તો તેવા કપડામાંની નમાઝ બાતિલ ગણાશે.

(૪) મુડદાના ચામડાના કપડા ન હોવા જોઈએ. એનાથી બચવા માટે કોઈ મુસલમાન પાસેથી ચામડું ખરીદેલું હોય તો પહેરવાવાળા માટે એટલું કાફી છે. ગૈર મુસ્લીમ પાસેથી ખરીદેલ ચામડાના કપડામાં નમાઝ સહીહ નથી, એટલે સુધી કે તે ચામડું શરિઅત પ્રમાણે ઝબ્હ થયેલ જાનવરનું છે કે કેમ, એ બાબતની ખબર ન હોય.

(૫) હરામ જાનવરોના ચામડાનો કોઈ ભાગ શરીર પર ન હોવો જોઈએ. તેનો નજીવો ભાગ પણ લિબાસ પર હોય તો નમાઝ સહીહ રહેશે નહીં. એટલા માટે કહેવામાં આવેલ છે કે, નમાઝીના લિબાસ પર જો કુતરાનો અથવા બિલાડીનો કોઈ વાળ પણ પડ્યો હશે તો પણ નમાઝ બાતિલ થશે.

(૬) મરદો માટે શુદ્ધ રેશમના કપડા પહેરવા જાએઝ નથી. ભલે પછી તે નમાઝની હાલતમાં પહેર્યા હોય અથવા નમાઝ સિવાય અન્ય વખતે પણ પહેર્યા હોય. અગર તેમાં એટલું સૂતર નાખવામાં આવે કે, જેથી કરીને તે શુદ્ધ રેશમ ન કહેવાય, તો કાંઈ વાંધો નથી.

(૭) મરદો માટે સોનાના શણગાર વિ. પણ હરામ છે. જેવાં

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

કે, સોનાની વીંટી, સોનાની ચેઈન (હાર), ચશ્માની ફ્રેમ, આગળના દાંત, બટન વિ. સોનાના હોય તો તે જાએઝ નથી-હરામ છે. પરંતુ ઔરતો માટે આ બધી વસ્તુનો ઉપયોગ જાએઝ છે, હરામ નથી.

નમાઝવાળી હાલતમાં અથવા નમાઝ સિવાયની હાલતમાં સોનાનો વપરાશ જાએઝ નથી-હરામ છે. સાથે સાથે આપણે યાદ રાખવું કે, શુધ્ધ સોનું હોય અથવા મિશ્ર સોનું હોય તો પણ તેનો વપરાશ જાએઝ નથી. અગર સોનામાં ત્રાંબુ કે બીજી ધાતુ એટલા પ્રમાણમાં ભેળવવામાં આવે કે, તે સોનું ન કહેવાય તો પછી તેનો વપરાશ જાએઝ હશે, નહિતર નહીં.

# સવાલ

૧. નમાઝમાં મરદ અને ઔરત માટે શરીરનો કેટલો ભાગ છુપાવવો વાજિબ છે ?

૨. નમાઝીના લિબાસની ત્રણ શરતો વર્ણવો.

૩. નાયલોનના કપડામાં નમાઝ શા માટે નાજાએઝ છે ?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 39
# મકાન

નમાઝ પઢવાની જગ્યાનો અર્થ એ કે, જે જગ્યાએ ઉભો રહીને નમાઝી નમાઝ પઢતો હોય, આવી જગ્યા માટે પાક હોવાનું કોઈ બંધન નથી. આવી જગ્યા નજિસ પેણ હોઈ શકે છે. પણ તેવી જગ્યા એટલી બધી ભીની ન હોવી જોઈએ કે, જેના સ્પર્શથી કપડું કે શરીર નજિસ થઈ જાય. ઉપર લખ્યા પ્રમાણે નમાઝની જગ્યા પાક હોય કે નજિસ, પરંતુ સજદો કરવાની જગ્યા તો પાક હોવી જ જોઈએ. નમાઝના સ્થળ માટે નીચેની શરતોની પાબંદી જરૂરી છે :

(૧) નમાઝની જગ્યા મુબાહ અને જાએઝ હોવી જોઈએ. બીજાની ઝમીન પર અથવા ભાગીદારીની બાબતમાં માલિક અને ભાગીદારની રજા વિના નમાઝ બાતિલ છે. જાહેર જગ્યાઓમાં એટલે કે મસ્જિદ વિ.માં જે પહેલેથી જગ્યા રોકી લે તેને તેની જગ્યાએથી હટાવી શકાય નહીં. આમ કોઈને હટાવી નમાઝ પઢીએ તો એ નમાઝ બાતિલ થઈ જાય છે. રજા બાબત કોઈ મંજુરીની જરૂરત નથી. પરંતુ વિશ્વાસ આવી જાય કે, આ બાબતમાં માલિક રાજી છે.

(૨) નમાઝ પઢતી વેળાએ માઅસૂમ (અ.)ની કબરની આગળ ઉભા ન રહેવું. પણ પાછળ ઉભા રહી નમાઝ પઢે અથવા બહુબહુ તો બરાબર ઉભો રહે. આગળ ઉભું રહેવું એ અદબની વિરૂદ્ધ છે. અગર જો ઘણો બધો ફાસલો પડી જાય અથવા વચ્ચે કશી અરકાયત

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

કે આડું આવી જતું હોય તો કોઈ વાંધો નથી.

(૩) નમાઝની જગ્યા સ્થિર હોવી જોઈએ, ચાલતી ગાડીમાં એ વખત સુધી નમાઝ પઢવી જાએઝ નથી, જ્યારે છેલ્લા વખત સુધી ઉતરીને અથવા ઉભી રહેલી ગાડીમાં નમાઝ પઢવી સંભવિત હોય. આમ તો નમાઝ પઢવા માટે કોઈ જગ્યા નક્કી હોતી નથી. પરંતુ બીજી જગ્યાએ નમાઝ પઢવા કરતાં મસ્જિદમાં નમાઝ પઢવી વધારે શ્રેષ્ઠ છે. ભલે પછી ત્યાં નમાઝે જમાઅત થતી હોય કે ન હોય. નમાઝ જમાઅતથી થવી સવાબવાળું અને બરકતનું કારણ છે.

મસ્જિદની વિશિષ્ટતા એ છે કે, તેમાં એક નમાઝ પઢવી પચ્ચીસ નમાઝની બરાબર છે અને જામેઅ મસ્જિદમાં નમાઝ પઢવી એકસો નમાઝ બરાબર છે. મસ્જિદ બાબતમાં એક રિવાયત એવી છે કે, મસ્જિદના પડોશમાં રહેનારની નમાઝ મસ્જિદ સિવાય કબુલ થતી નથી. આમાં કોઈ મજબુરી હોય તો વાત જુદી છે. બીજી રિવાયત એ છે કે, મસ્જિદ રોઝે-કયામત એવા નમાઝીઓથી ફરિયાદ કરશે, જે માણસો નમાઝ તો પઢતા હતા પણ મસ્જિદમાં નહોતા પઢતા.

## સવાલ

૧. શું નજિસ જગ્યાએ નમાઝ પઢી શકાય છે ?
૨. રેલવેમાં નમાઝ કઈ રીતે પઢી શકાશે ?
૩. માઅસુમ (અ.)ની કબ્રની આગળ નમાઝ પઢવી કેમ છે ?
૪. ઘરની નમાઝ અને મસ્જિદમાં નમાઝ પઢવામાં શું ફર્ક છે ?
૫. મસ્જિદ અને જુમ્આ મસ્જિદની નમાઝમાં શું ફર્ક છે ?
૬. ચાલતી ગાડીમાં નમાઝ જાએઝ છે કે નહીં ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 40

# અઝાન તથા એકામત

મરદ અને ઔરત બંને માટે મુસ્તહબ છે કે પોતાની રોજની દરેક વાજિબ નમાઝ પહેલા અઝાન અને એકામત કહે. બીજી વાજિબ નમાઝો કે મુસ્તહબ નમાઝો માટે શરીઅતમાં હુકમ આવ્યો નથી. પણ ઈદે ફીત્ર અને ઈદે અઝહાની નમાઝ જો જમાઅતથી પઢાતી હોય, તો નમાઝ પહેલા ત્રણ વાર "અસ્સલાત" કહેવું મુસ્તહબ છે.

અઝાન તથા એકામતમાં નીચેની બાબતોનો ખ્યાલ રાખવો જરૂરી છે :

૧. **નિય્યત** : અઝાન તથા એકામતમાં અલ્લાહની ખુશીની નિય્યત રાખવી જોઈએ. કારણ કે કોઈ પણ ઈબાદત અલ્લાહની ખુશી સિવાયની હોય તો સવાબ મળતો નથી.

૨. **અક્કલ** : દિવાનાની અઝાન તથા એકામતનો કોઈ ભરોસો નથી.

૩. **બુલૂગ** : નાબાલિગની અઝાન તથા એકામત બેકાર છે.

૪. **જાતિયતા** : ઔરતની અઝાન તથા એકામત પુરૂષ માટે બેકાર છે. હા, ઔરતો માટે ઔરત અઝાન આપે તો તે કાફી છે.

૫. **ક્રમ** : અઝાન તથા એકામતમાં પહેલા અઝાન દેવાની, ત્યારબાદ એકામત આપવી.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

૬. ત્વરિત ક્રમ : (મવાલાત) અઝાન બાદ તુરત જ એકામત અને એકામત બાદ તુરત જ નમાઝ પઢવી જોઈએ. સંબંધ તૂટી જવાથી અઝાન તથા એકામત બેકાર બની જાય છે.

૭. અરબી ભાષા : ઉર્દુમાં અથવા ખોટી અરબીમાં અઝાન તથા એકામત સહીહ નથી.

૮. સમય : નમાઝના સમય પહેલા અઝાન-એકામત અદા કરવી ગલત છે. અલબત્ત જો કઝા નમાઝ હોય તો વાંધો નથી, કારણ કે કઝા નમાઝનો સમય હર ઘડી હોય છે.

અઝાન માટે તહારત-કયામ (સીધા ઉભું રહેવું) કિબ્લા તરફ મોઢું કરી ઉભું રહેવું સુન્નત છે. પરંતુ એકામત માટે તહારત અને કયામ જરૂરી છે. ફુરાદા નમાઝ પઢીએ ત્યારે એકામત કહેતા કહેતા કદ-કામતિસ્સલાહ કહેતી વેળાએ ઉભા થવું તદ્દન અયોગ્ય છે. આમ કરવાથી એકામતનો સવાબ મળી શકતો નથી.

અઝાન અને એકામત બંનેમાં ઝિકરે રસૂલ (સ.અ.વ.)ના પછી ઝિકરે મૌલા અલી (અ.) ઈબ્ને અબુતાલિબ (અ.) હોવો જોઈએ. જો કે આ વાકય અઝાનનો ભાગ નથી પણ રસૂલે અકરમ (સ.)ના હુકમ પ્રમાણે મુસ્તહબ છે. જો કોઈ શખ્સ અઝાન તથા એકામત બંને ભૂલી જાય ને નમાઝની શરૂઆત કરી દે તો રૂકૂઅમાં જવા પહેલા તેણે નમાઝ તોડી નાખવી અને અઝાન તથા એકામત કહીને, નમાઝ ફરીથી શરૂ કરવી... પણ... તે જો ફકત એકામત જ ભૂલી ગયો હોય તો સૂરએ હમ્દ શરૂ કર્યા બાદ નમાઝ તોડી નહીં શકે; પણ જો સૂરએ હમ્દ શરૂ ન કરી હોય તો નમાઝ તોડી શકે છે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

ફકત અઝાન ભૂલી જવાથી નમાઝ નહીં તોડી શકાય. આ પ્રમાણે કોઈપણ એકને જાણીબુઝીને છોડી દેવાથી નમાઝ તોડવી તદ્દન હરામ છે.

# સવાલ

૧. શું નાબાલિગની અઝાન તથા એકામત કાફી છે ?
૨. એકામત અને નમાઝની વચ્ચે અંતર પડી જાય તો શું થાય ?
૩. અગર નમાઝ પઢનાર અઝાન તથા એકામત બંને ભૂલીને નમાઝ પઢવા માંડે તો તેને માટે શું હુકમ છે ?
૪. એકામત માટે કઈ ત્રણ શરતો છે તે બતાવો.
૫. અઝાન અને એકામતમાં જે વાતો તરફ ધ્યાન આપવું જરૂરી છે તે કેટલી છે ?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 41

# વાજિબાતે નમાઝ

નમાઝમાં અગિયાર બાબતો વાજિબ છે. આ અગિયાર ચીઝના સંગ્રહને નમાઝ કહેવામાં આવે છે.

(૧) નિય્યત (૨) તકબીરતુલ્એહરામ (૩) કયામ (૪) કિરઅત (૫) ઝિક્ર (૬) રૂકૂઅ (૭) સુજૂદ (૮) તશહહુદ (૯) સલામ (૧૦) તરતીબ (૧૧) મવાલાત. આ ૧૧માંથી પાંચ બાબતો વાજિબ છે. તેને વાજિબે રૂકની કહેવામાં આવે છે. તે અગર ભૂલથી પણ અદા ન થાય તો નમાઝ બાતિલ થઈ જાય છે.

(૧) નિય્યત (૨) કયામ (૩) તકબીરતુલ્એહરામ (૪) રૂકૂઅ (૫) બંને સજદા. બાકીની બાબતો ગૈર રૂકની છે, એટલે કે ભૂલથી છોડાઈ જાય તો નમાઝ બાતિલ થતી નથી પણ તેની કઝા કરવી પડે છે. પણ જાણી જોઈને છોડી દેવામાં આવે તો નમાઝ બાતિલ થઈ જાય છે.

**(૧) નિય્યત :** રૂકન છે. નિય્યત હંમેશા દિલમાં હોવી જોઈએ, મોઢેથી બોલવાની જરૂરત નથી, પરંતુ એક નમાઝ એવી છે કે જેને નમાઝે એહતેયાત કહેવામાં આવે છે. તે નમાઝ પઢતી વેળા નિય્યત ઝબાનથી અદા કરવા જતાં નમાઝ બાતિલ થઈ જાય છે.

**(૨) કયામ :** નમાઝ પઢતી વેળાએ ઉભા રહેવું જોઈએ. ઈન્સાને પોતાથી બની શકે તેવી રીતે ઉભા રહીને નમાઝ પઢવી જોઈએ. અગર તે બિમાર હોય અથવા કમઝોર હોય તો જેટલો સમય ઉભા રહી શકાય તેટલો સમય ઉભો રહે, નહિતર બેસીને

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

નમાઝ પઢે, પણ જો શકિત આવી જાય તો ફરી ઉભો થઈ જાય અને નમાઝ પૂરી કરે.

જો તે બેસી પણ ન શકે તો સૂઈ જાય. જમણે પડખે અથવા ડાબે પડખે યા ચત્તાની હાલતમાં નમાઝ પઢે. આ બધી હાલતમાં એક શરત એ છે કે કિબ્લાની તરફ ચહેરો હોવો જોઈએ. નમાઝમાં 'અલ્લાહો અકબર' કહેતી વખતે તથા સૂરએ હમ્દ પઢતી વેળાએ હર મૌકા પર ઉભા રહેવું 'કયામ' વાજિબ છે, પણ તકબીર વખતે રૂકન છે. એ પ્રમાણે ઠહેરીને પછી રૂકૂઅમાં જવું જોઈએ. આ કયામને 'કયામે મુત્તાસિલ બરૂકૂઅ' એટલે કે રૂકૂઅ સાથે જોડાયેલું કયામ કહેવામાં આવે છે. આ રીતે કયામથી ફાયદો એ છે કે, ઈન્સાન બંને સૂરા પઢયા બાદ એકદમ ભૂલથી સજદો કરવા ઝુકવા લાગે તો તે દરમિયાન તેને યાદ આવી જાય કે રૂકૂઅ કર્યો નથી તો તરત જ ત્યાંથી રૂકૂઅમાં નહીં જઈ શકે, નહિતર નમાઝ બાતિલ થઈ જશે. એટલા માટે બંને સૂરા પઢયા બાદ જરા ઠહેરે, ઉભો રહે અને પછી રૂકૂઅમાં જાય.

(૩) **તકબીરતુલ્એહરામ** : નિય્યત કર્યા બાદ 'અલ્લાહો અકબર' કહેવું રૂકને નમાઝ છે. આખી નમાઝમાં આવી એક જ તકબીર વાજિબ છે. બાકીની બધી તકબીરો સુન્નત છે.

(૪) **કિરઅત** : કિરઅત એટલે નિય્યત બાદ 'અલ્લાહો અકબર' કહ્યા પછી જો બે રકાત નમાઝ પઢવા માગતા હોય તો સૂરએ હમ્દ અને ત્યાર બાદ બીજા કોઈ એક સૂરા પઢવી વાજિબ છે. વાજિબ સીજદાવાળી સૂરા પઢવાની નથી અથવા તો નમાઝનો સમય પૂરો થઈ જાય તેવી લાંબી સૂરા પણ ન પઢે. જમાઅતની નમાઝમાં

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

પહેલા નમાઝની પાછળ નમાઝ પઢનારા આ બે સૂરા પઢતા નથી, બાકીની બધી બાબતો તેણે પઢવી પડે છે. નમાઝમાં નમાઝીને છેલ્લી બે રકાતમાં સૂરએ હમ્દ અથવા તસ્બીહાતે અરબા -બે પૈકી એક પઢવાનો અધિકાર છે. તે ચાહે તો સૂરએ હમ્દ પઢે અથવા ચાહે તો એકવાર તસ્બીહાતે અરબા પઢે. આ તસ્બીહાતે અરબા છે, "સુબ્હાનલ્લાહે વલ્હમ્દો લિલ્લાહે વલાઈલાહા ઈલ્લલ્લાહો વલ્લાહો અકબર". આ તસ્બીહાતે અરબા અગર ત્રણ વાર પઢે તો બહેતર છે.

(૫) રૂકૂઅ : આ એક નમાઝનું રૂકન છે. અગર રૂકૂઅ ચુકી જાય અથવા બે થઈ જાય તો નમાઝ બાતિલ થઈ જાય છે. રૂકૂઅમાં એટલું ઝુકવું જોઈએ કે, હથેળીઓ ઘુંટણ સુધી આવી જાય. ઘુંટણ પર હથેળી રાખવી વાજિબ નથી. રૂકૂઅમાં એક વખત, સુબ્હાન રબ્બેયલ અઝીમે વ બેહમ્દેહ અથવા ત્રણ વાર 'સુબ્હાનલ્લાહ' કહેવું જરૂરી છે. અગર વાકયને વારંવાર પઢે તો શ્રેષ્ઠ છે અને સુન્નત છે. રૂકૂઅ પુરૂં કર્યા પછી ટટ્ટાર ઉભા રહેવું જોઈએ અને ત્યારબાદ સજદામાં જવું જોઈએ. કારણ કે આ 'કયામ' પણ વાજિબ છે. ઉભા થયા બાદ 'સમેઅલ્લાહો લેમન હમેદહ અલ્લાહો અકબર' કહેવું સુન્નત છે. પરંતુ આ ઝિક્ર રૂકૂઅમાંથી ઉભા થતાં ન પઢવો જોઈએ.

(૬) **સજદા** : આ પણ નમાઝનું રૂકન છે. સજદાથી મતલબ, બંને સજદા ગણવાના છે. અગર બેના ચાર થઈ જાય અથવા અચાનક કોઈ રકાતમાં એક પણ સજદો ન થાય તો નમાઝ બાતિલ થાય છે. સજદો કરવામાં શરીરના સાત ભાગ ઝમીન પર

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

અડવા જોઈએ. કપાળ, બંને હાથની હથેળીઓ, બંને પગના ઘુંટણો તથા બંને પગના અંગુઠાઓ—એમ કુલ્લે મળીને ૭ ભાગ ઝમીન પર અડવા જોઈએ. **સજદામાં** 'સુબ્હાન અલ્લાહ' ત્રણ વખત અથવા 'સુબ્હાન રબ્બેયલ્આ અલા વ બેહમ્દેહ' એક વખત પઢવું.

સજદો માટી પર થાય છે અથવા તો જે ચીઝ ઝમીનમાંથી ઉગેલી હોય અને ખાનપાનમાં કામ ન આવતી હોય, તેવી ચીઝ પર સજદો કરી શકાય છે. કરબલાની માટી પર સજદો કરવો વધારે બહેતર છે અને વધારે સવાબવાળો છે. કારણ કે આ માટી ઈસ્લામી કુરબાનીઓની યાદ દેવડાવે છે અને મુસલમાનોમાં અકીદતના જુસ્સાને (શ્રદ્ધાનો ઉલ્હાસ) વધારનારી છે. ફકત કરબલાની માટી પર જ સજદો જાએઝ છે એવું પણ નથી. સજદો તો તેની શરતોની સાથે ઝાડપાન તથા પાક માટી પર પણ થઈ શકે છે.

**(૭) તશહ્હુદ :** બીજી અને છેલ્લી રકાતના બંને **સજદા** પછી તશહ્હુદ પઢવું વાજિબ છે; જે આ પ્રમાણે છે-"અશ્હદો અલ્લાઈલાહા ઈલ્લલ્લાહો વહદહૂ લાશરીક લહુ વ અશ્હદો અન્ન મોહમ્મદન અબ્દોહુ વરસૂલોહ અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદ વ આલે મોહમ્મદ" અગર કોઈ તશહ્હુદ ભૂલી જાય અને ભૂલમાં ઉભો થઈ જાય તો એકદમ બેસી જાય અને તશહ્હુદ પઢી લે. ત્યારબાદ નમાઝ પૂરી થયા પછી બે સજદાએ સહવ બજાવી લાવે.

**(૮) સલામ :** નમાઝના અંતમાં એક સલામ વાજિબ છે. ચાહે 'અસ્સલામો અલયના વ અલા એબાદિલ્લા હિસ્સાલેહીન' કહે અથવા 'અસ્સલામો અલૈકુમ વ રહમતુલ્લાહે વ બરકાતોહ'

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

કહે. આ બે સિવાય એક ત્રીજી સલામ આ છે—"અસ્સલામો અલયક અય્યોહન્નબીયો વ રહમતુલ્લાહે વ બરકાતોહ'' જો કે એ સુન્નત છે. સલામ પણ નમાઝનો એક ભાગ છે.

**(૯) તરતીબ :** નમાઝને તેના ખરા ક્રમમાં જ પઢવી જોઈએ. દા.ત. પહેલે નિય્યત, પછી તકબીર. પછી સૂરએ હમ્દ તથા બીજો સૂરો, ત્યારબાદ રૂકૂઅ, રૂકૂઅમાંથી ઉભા થઈને **સજદા** અને પછી બીજો **સજદા** અદા કરે અને પછી આવી રીતે બીજી રકાત પઢે. જો બે રકાત પઢવાની હોય તો બીજી રકાતના બંને સજદા પછી તશહ્હુદ અને સલામ પઢીને નમાઝ પૂરી કરે, નહીં તો બાકીની નમાઝ પણ આ ક્રમ પ્રમાણે અદા કરે-તેને 'તરતીબ' કહેવામાં આવે છે.

**(૧૦) મવાલાત :** નમાઝના દરેક ભાગ એક પછી એક એકી સાથે અદા થવા જોઈએ. વચ્ચે કોઈ અંતર ન રહે અથવા એવી 'ખામોશી' (શાંતિ) ન થઈ જાય કે,. જેથી નમાઝની હાલત જ ન રહે.

**(૧૧) ઝિક્ર :** રૂકુઅમાં "સુબ્હાન રબ્બિયલ્આલા વ બેહમ્દેહ" અને સજદામાં "સુબ્હાન રબ્બિયલ અઝીમે વબેહમ્દેહ" -પઢાય છે તેને ઝીક્ર કહે છે.

## સવાલ

૧. નમાઝ કેટલી છે અને તેનો શું હુકમ છે ?

૨. કયો કયામ રૂક્ન છે અને કયામે મુત્તાસીલ બ રૂકૂઅનો શું અર્થ છે ?

૩. વાજિબાતે નમાઝ કેટલી છે ?

૪. મવાલાત કોને કહે છે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 42

# નમાઝ બાતિલ કરનારી બાબતો

૧૨ બાબતો એવી છે કે, જે નમાઝને તોડે છે અને તેને બીજી વાર અદા કરવી પડે છે.

(૧) નમાઝ દરમ્યાન નમાઝ સહીહ હોવાની કોઈપણ શરત જો બાકી ન રહેવા પામે, જેમકે નમાઝમાં ખબર પડે કે કપડાથી એણે પોતાની શરમગાહ છુપાવી છે એ ગસ્બી છે, તો નમાઝ બાતિલ છે.

(૨) કોઈ એવું હદસ જાહેર થાય કે, જેનાથી વુઝૂ બાતિલ થઈ જાય છે, અથવા ગુસ્લ વાજિબ થઈ જાય છે. કારણ કે, આ બાબતથી તહારત જતી રહે છે અને તહારત વિના નમાઝ અદા થઈ શકતી નથી.

(૩) તકફીર : નમાઝની હાલતમાં હાથ બાંધવા ઈસ્લામી શરીઅતના કાયદા પ્રમાણે નાજાએઝ છે.

(૪) નમાઝ પઢતી વેળાએ સૂરએ હમ્દ પૂરા થયા પછી 'આમીન' નામનો શબ્દ બોલવો પણ આલે મોહમ્મદની ફિકહ પ્રમાણે નાજાએઝ છે અને નમાઝને બાતિલ કરે છે. અચાનક બોલાઈ જવાય તો કશો વાંધો નથી. ઉપરની વાતો મુજબ નમાઝ ખુદબખુદ આપોઆપ બાતિલ થઈ જાય છે, પણ આ સિવાય જરૂરત વગર નમાઝ તોડવી નાજાએઝ છે. હાં ! જરૂરત વેળાએ એમ થઈ શકે

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

છે, ભલે પછી એ જરૂરત દીની હોય અથવા દુન્યવી હોય. કેટલાક સંજોગો એવા છે કે, જેમાં જાનમાલ, ઈઝ્ઝત-આબરૂનો ભય હોય તો નમાઝ તોડવી વાજિબ થઈ જાય છે.

આવા સંજોગોમાં જ્યારે નમાઝ તોડવી પડે, ત્યારે તોડતી વેળાએ એક સલામ પઢે.

(૫) આખું શરીર કિબ્લાથી ફરી જાય તો, નમાઝ બાતિલ થાય છે. આખો ચહેરો એવી રીતે ફરી જાય કે, પીઠ પાછળની કોઈ વસ્તુ જોઈ શકાય તો પણ નમાઝ રદ થાય છે. જમણી-ડાબી બાજુ જરા મોઢું ફરી જવાથી નમાઝ બાતિલ થતી નથી.

(૬) કલામ : નમાઝની હાલતમાં દોઆ અને ઝિક્રે ઈલાહી સિવાય બીજા અર્થવાળા (સાર્થ) શબ્દ બોલવાથી નમાઝ બાતિલ થઈ જાય છે. દોઆ વિ. અલ્લાહ તઆલાને સંબોધીને હોવી જોઈએ. કોઈ માણસને સંબોધન કરીને તેને દોઆ-આશિષ દેવી નાજાએઝ છે. જે માણસ નમાઝ પઢતો હોય તેણે સલામની શરૂઆત ન કરવી જોઈએ. પરંતુ કોઈ માણસ સલામ કરી બેસે તો તુરત જ તેને 'સલામુન અલયકુમ' કરીને જવાબ દેવો જોઈએ. 'અલયકુમ સલામ' કહેવું વ્યાજબી નથી. અગર પૂરી જમાઅતને-પૂરા મજમાને સલામ કરવામાં આવે તો એક માણસ જવાબ આપે તો તે કાફી છે, અગર કોઈ જવાબ નહીં આપે તો બધા માણસો ગુનેહગાર ઠરશે.

હિન્દુસ્તાનમાં સલામ કરવાના જે રિવાજ છે-જેવાં કે, 'આદાબ અર્ઝ', 'તસ્લીમાત' વિ. શબ્દોથી સલામ કરવામાં આવે તો તેનો જવાબ દેવો વાજિબ નથી. નમાઝની હાલતમાં એવા શબ્દો બોલવા

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

પણ જાએઝ નથી.

(૭) ખડખડાટ હસવું : નમાઝની હાલતમાં અવાઝથી હસવું અથવા એવી શીઘ્રતાથી હસવું કે જેના વડે આખો ચહેરો લાલ થઈ જાય, નમાઝ બાતિલ કરી નાખશે. અવાઝથી હસ્યા સિવાય પણ ચહેરા પર લાલાશ આવી જાય તો પણ નમાઝ બાતિલ થઈ જાય છે. પણ અગર મામુલી ધીમું હાસ્ય કરવામાં અથવા મોઢું મલકાવવામાં કોઈ વાંધો નથી. અગર હસતાં હસતાં મોં લાલ થઈ જાય તો એહતેયાત (સાવચેતી) એ છે કે, નમાઝ પૂરી કરે અને ફરીથી બીજીવાર નમાઝ પઢે.

(૮) ગિર્યા-બુકા (રૂદન-વિલાપ) : નમાઝની હાલતમાં સંસારિક ગમના લીધે રડવાથી નમાઝ બાતિલ થઈ જાય છે. આ બાબતમાં ત્યાં સુધી હુકમ છે કે, અગર અચાનક આપોઆપ દુન્યવી રૂદન આવી જાય અને તે રોકી પણ ન શકે તો પણ નમાઝ બાતિલ થઈ જશે. હાં સૈય્યદુશ્શોહદા હ.ઈ. હુસૈન (અ.)ના ગમમાં અલ્લાહની ખુશનુદી માટે રોવું જાએઝ છે.

(૯) નમાઝની હાલતમાં એવા કામ કરવા કે, જે નાજાએઝ હોય અથવા જેને બજાવી લાવવાથી નમાઝની હાલત બાકી રહે નહીં. જેવા કે-નાચવું, ગાવું, સીવવું, પરોવવું વિ. આ સિવાય હાથ હલાવવા, કોઈ જરૂરત માટે જુકવું, એક-બે ડગલા આગળ-પાછળ, જમણું-ડાબું ચાલવું, ભયમાં સાપ વિંછીને મારી નાખવું, બાળકને ખોળામાં લઈ લેવું અથવા આ પ્રમાણે મામુલી કાર્યોથી નમાઝ બાતિલ થતી નથી. શરત એ છે કે, હલન-ચલનની હાલતમાં તે ચૂપ રહે-કંઈ વાતચીત ન કરે અને કિબ્લાનો ખાસ ખ્યાલ રાખે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

જરૂરત વગર આ વાત યોગ્ય નથી.

(૧૦) ખાવું-પીવું : નમાઝની હાલતમાં કોઈપણ પ્રમાણમાં ખાવું-પીવું નાજાએઝ છે અને તે નમાઝને તોડી નાખે છે. હાં-અગર મોઢામાં સાકર વિ.ના કોઈ કણ રહી જાય અને તે પીગળીને મોઢામાં ચાલ્યો જાય તો એનાથી નમાઝ પર કોઈ અસર પડતી નથી. કોઈ માણસ ભૂલથી નમાઝની વચ્ચે ખાનપાનમાં મશ્ગુલ થઈ ગયો તો તેની નમાઝ બાતિલ થશે નહીં; પણ શરત એ છે કે, નમાઝી મુસલ્લા પર હોવો જોઈએ, સુફ્રા પર નહીં. આમાં એક અપવાદ એ છે કે, કોઈ માણસ નમાઝે વિત્ર (નમાઝે શબમાં પઢાતી) પઢી રહ્યો હોય અને સવારના તેને રોઝો રાખવો હોય તો તેને નમાઝની હાલતમાં પાણી પીવાની છૂટ છે, પણ ખાવાની રજા નથી. આ બાબતમાં તેણે કિબ્લા સામે ઉભા રહેવાનો સંપૂર્ણ ખ્યાલ રાખવો પડશે.

(૧૧) અગર કોઈને બે રકાતવાળી નમાઝ, ત્રણ રકાતવાળી નમાઝ, અને ચાર રકાતવાળી નમાઝની પહેલી બે રકાતોમાં રકાતની સંખ્યા બારામાં શક થાય, અને એ શક દૂર ન થાય, તો નમાઝ બાતિલ છે.

(૧૨) અગર કોઈ શખ્સ વાજિબે રૂકની અમલ જાણીજોઈને યા ભૂલી જવાથી ન બજાવી લાવે, યા જે વાજિબે રૂકની નથી તેને જાણીજોઈને મૂકી આપે, યા નમાઝમાં જાણીજોઈને કાંઈ વધારો કરે તો નમાઝ બાતિલ થશે, એવી જ રીતે અગર વાજિબે રૂકની અમલમાં ભુલથી વધારો કરે, એટલે કે એક રકાતના રૂકુઅ કે બે સજદામાં ભૂલથી ઉમેરો કરે, તો એહતિયાતે વાજિબની રૂએ તેની

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

નમાઝ બાતિલ છે. પણ ભૂલથી અગર કોઈ તકબીરતુલ એહરામ વધુ બજાવી લાવે તો નમાઝ બાતિલ નહીં થાય.

**ચેતવણી :** દૈનિક નમાઝમાં સુબ્હ, મગરિબ અને ઈશાની પહેલી બે રકાતો આવાઝથી પઢવી જોઈએ. ઝોહર-અસ્ર આખી અને મગરિબ ઈશાની છેલ્લી રકાતો ધીમેથી પઢવી જોઈએ. સૂરે હમ્દ અને બીજી એક સૂરા સિવાય બાંકીની બાબતો ધીમા અવાઝે અથવા મોટે અવાઝે પઢવાની છૂટ છે. હમ્દ-સૂરા તથા બીજી દોઆ વિ. પઢવામાં અરબી ભાષાના કાયદાનું બરાબર ધ્યાન રાખવું જરૂરી છે.

# સવાલ

૧. નમાઝની હાલતમાં સાંપ અથવા વીંછી મારવા કેમ છે? નમાઝ સહીહ રહેશે કે બાતિલ ?

૨. મુસ્કુરાહટ (સ્મિત)થી નમાઝ બાતિલ થશે કે કેમ ?

૩. નમાઝમાં પાણી પીવું કેમ છે ?

૪. તકફીરનો અર્થ શું છે ?

૫. મુબ્તેલાતે નમાઝ બતાવો.

૬. શું નમાઝની હાલતમાં આદાબ અર્ઝ કે તસ્લીમાત કહેવામાં આવે તો નમાઝ સહીહ રહેશે ?

૭. કઈ કઈ બાબતો એવી છે જેનાથી નમાઝ બાતિલ થાય છે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

પાઠ 43

# ઝિક્ર તથા કિરઅતના નિયમો

(૧) કેટલાક લોકો નિય્યત કરતી વખતે 'કુરબતન ઈલલ્લાહ'ને બદલે 'કુરબતન ઈલ્લલ્લાહ' પઢે છે તે ભૂલ છે. માટે તેનો બરાબર ખ્યાલ રાખી 'કુરબતન ઈલલ્લાહ' પઢે.

(૨) સલવાત પઢતી વખતે 'અલ્લાહુમ્મ સલ્લે'માં સ્વાદ પઢવાને બદલે સીન પઢે છે; તે ગંભીર ભૂલ છે. 'સીન'થી પઢવાથી હુઝુરે અકરમ માટે બદદોઆ બની જાય છે. માટે 'અલ્લાહુમ્મ સલ્લે'માં સ્વાદ પઢવો જોઈએ.

(૩) 'અશહદો અલ્લાઈલાહ ઈલ્લલ્લાહ'માં 'અન્લાઈલાહ'ને બદલે 'અલ્લાઈલાહ' પઢવું જોઈએ.

(૪) સલવાત પઢવામાં 'અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદ વ આલે મોહમ્મદ' પઢવામાં આવે છે, તેને બદલે નીચે પ્રમાણે પઢવું જોઈએ :

'અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદીંવ્વ આલે મોહમ્મદ'

(૫) 'કોફોવન અહદ'માં 'કોફોવન'ને કોફોવન, કુફૂવન, કોફોઅન અને કુફૂઅન એમ ચારી રીતે પઢી શકાય છે. ત્રીજી રીતે પઢવું વધારે સારૂ છે.

(૬) 'હય્યા અલસ્સલાત' અથવા 'કદકામતિસ્સલાત' કહેવામાં પણ ભૂલ છે. સલાતમાં છેલ્લે જે 'તે' આવે છે તે ગોલ 'તે' છે અને જ્યારે તે પઢતી વેળાએ થોભીએ કે અટકીએ

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

ત્યારે એ 'તે'નો ઉચ્ચાર 'હે' થાય છે. માટે એ બે વાક્યો નીચે પ્રમાણે પઢવા જોઈએ.

૧. હય્યા અલસ્સલાહ

૨. કદકામતિસ્સલાહ

(૭) તશહ્હુદ પઢતી વખતે છેલ્લે મોહમ્મદન અબ્દહુ એમ પઢે છે, તેમાં પણ ભૂલ છે. માટે 'અબ્દહુ'ને બદલે 'અબ્દોહુ' પઢવું જોઈએ.

(૮) સૂર-એ-હમ્દમાં 'મુસ્તકીમ' પાસે ઠહેરી શકાય છે અને 'મુસ્તકીમ' પઢીને આગળના અક્ષરની સાથે જોડીને પણ પઢી શકાય છે.

(૯) સૂર-એ 'ઈન્ના અન્ઝલ્નાહો' પઢતી વેળાએ 'મિન્કુલ્લે અમરિન સલામ' પાસે અટકવું જાએઝ છે. અથવા તો 'મિન્કુલ્લે અમ્ર' પાસે અટકી જાય અને 'સલામૂન હેય' એમ જોડીને પણ પઢાય છે.

(૧૦) નમાઝની હાલતમાં જેટલા ઝિક્ર વાજિબ હોય કે સુન્નત, તે સઘળા સ્થિર અને ઈત્મીનાનની હાલતમાં પઢવાના છે. ફક્ત 'બેહોલિલ્લાહેવકુવ્વતેહી' વાળું વાક્ય ઉભા થતાં થતાં એટલે હલનચલનની હાલતમાં અદા કરવું. બાકીના બધા ઝિક્ર સ્થિર હાલતમાં પઢવાના છે.

## સવાલ

૧. નિય્યતમાં 'ઈલ્લલ્લાહ' સહીહ છે કે 'ઈલલ્લાહ' ?

૨. નમાઝમાં એ કઈ બાબત છે કે, જે હલનચલન દરમિયાન પણ પઢી શકાય છે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 44

# નમાઝે કઝા

જો ઈન્સાનથી પોતાની નમાઝ છૂટી ગઈ હોય તો અથવા મોટા પુત્ર પર બાપની કઝા નમાઝ વાજિબ થઈ ગઈ હોય, તો તે પઢવી તેની ફર્ઝ છે. કઝા નમાઝમાં અદાના બધા હુકમો લાગુ પડે છે. અગર સફરની નમાઝ હોય તો તેની કઝા પણ કસ્ર જ પઢાશે અને એ જ રીતે તેથી ઉલ્ટું.

જો મોટા અવાઝથી પઢવાની નમાઝ હશે તો તે મોટા અવાઝે જ પઢાશે અને ધીમા અવાઝવાળી નમાઝ હશે તો તે ધીમા અવાઝે જ પઢાશે. કઝા નમાઝ (ફૂરાદા) એકલા પણ પઢી શકાય છે અને જમાઅતથી પણ પઢી શકાય છે. તેમાં ક્રમનો ખ્યાલ રાખવો પણ જરૂરી છે. દા.ત., ઝોહર, અસ્ર તથા મગરીબ, ઈશામાં પહેલા ઝોહર પઢવી અને પછી અસ્રની પઢવી એ જ પ્રમાણે પહેલા મગરીબની કઝા ત્યારબાદ ઈશાની કઝા પઢાશે. હાં ! અલબત્ત એમ થઈ શકે છે-સુબ્હની કઝા પઢવી હોય તો, તે ઝોહર-અસ્રની અદા બાદ પઢી શકાય છે અને ઝોહર-અસ્રની કઝા પઢવી હોય તો તે, મગરીબ-ઈશાની અદા પઢ્યા પછી પણ પઢી શકાય છે. કઝા નમાઝ પઢવાનો કોઈ ખાસ નક્કી સમય નથી. દરેક નમાઝની કઝા, દરેક વખતે પઢી શકાય છે. મા-બાપની કઝા નમાઝ પોતે પઢી શકે તેમ ન હોય તો, મજુરી આપીને પણ પઢી શકાય છે. ઈજારાથી કઝા નમાઝ પઢનારે, મરનારની વતી નિય્યત કરીને એવી જ નમાઝો પઢે જેવી નમાઝ મરનારની કઝા થઈ હોય, પણ મોટા અવાઝ

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

અને ધીમા અવાઝ માટે પોતાની રીતે પઢે. જેમ કે,

જો મરદ ઔરતની તરફથી પઢી રહ્યો હોય તો પણ જે સૂરાઓ મર્દ માટે મોટા અને ધીમા અવાઝથી પઢવાની હોય, તે જ પ્રમાણે તેણે મોટા અવાઝે અને ધીમા અવાઝે પઢવાની છે. મા-બાપની કઝા નમાઝ મોટા દીકરા સિવાય બીજી ઔલાદ પર વાજિબ નથી. જો મોટો છોકરો નાલાયક (અયોગ્ય) હોય અથવા તે પણ હયાત ન હોય તો બીજી ઔલાદ તથા સગાવહાલાએ હમદર્દીના રૂપે અદા કરવી જોઈએ.

ઔરતની નમાઝ જે હૈઝ અથવા નિફાસની હાલતમાં કઝા થઈ હોય તો તેની કઝા વાજિબ નથી, પણ એવી રીતના સમયમાં જે રોઝા છૂટી ગયા હોય તો તેની કઝા કરવી જરૂરી છે. મરનાર વતી જો કોઈ બીજો માણસ પોતે નમાઝ પઢે તે પછી વારીસ પર એ નમાઝ પઢવાની જવાબદારી રહેશે નહીં. બીમાર માણસ કઝાએ ઉભ્રી બેસીને નહીં પઢી શકે, પરંતુ તંદુરસ્તીની વાટ જુએ. હા, અગર તંદુરસ્તી માટે નાઉમેદ થઈ ગયા હોય તો પછી બેસીને પઢી શકશે. સામાન્ય રીતે રમઝાન માસની છેલ્લી જુમ્આ જેને 'જુમ્અતુલ્વીદાઅ' કહેવામાં આવે છે, તે દિવસે ચાર રકાત નમાઝ પઢવાથી આખી જીંદગીની કઝા નમાઝ પઢવાની ન રહે, તેવી વાત જે, મશહૂર કરી દેવામાં આવેલ છે, તે પાયા વગરની છે. જીંદગીની જે છૂટી ગયેલ નમાઝ હોય તે કઝાની નિય્યતથી અદા કરવાની જ છે.

## સવાલ

૧. મોટા અવાઝે પઢવાની નમાઝ કઈ છે ? અને ધીમા અવાઝે પઢવાની નમાઝ કઈ છે ?

૨. મરનાર બાપની નમાઝ કયા પુત્ર પર વાજિબ છે ?

૩. ઈજારાથી નમાઝ પઢવાવાળા માંટે શો હુકમ છે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 45

# નમાઝની ભૂલો

ભૂલ : નમાઝમાં ભૂલની બે જાત છે. એક ભૂલ અને બીજો શક.

ભૂલી જવાની હાલતમાં એવું છે કે, કોઈ નમાઝી નમાઝની હાલતમાં કોઈ વાજિબ વસ્તુ અદા કરવાનું ભૂલી જાય, તો તે બાબતમાં ભૂલેલી વાત આગળના રૂકનમાં દાખલ થવા પહેલા યાદ આવી જાય તો, તરત જ પાછો વળીને તે અદા કરી લે અને જો રૂકનમાં દાખલ થયા પછી યાદ આવી જાય, જેમ કે, રૂકૂઅમાં પહોંચીને યાદ આવે કે, સૂર-એ-હમ્દ અને બીજી સૂરા પઢવામાં આવી નથી તો તેવી હાલતમાં જે બાબત ભૂલાયેલ હોય તે જો રૂકન ન હોય, તો નમાઝ પઢવાની ચાલુ રાખી આગળ વધી જાય અને પુરૂં કર્યા બાદ દરેક ભૂલેલી બાબત માટે બે સજદએ સહવ બજાવી લાવે. પણ... ભૂલેલી વાત રૂકન હોય તો નમાઝ બાતિલ થઈ જશે અને ફરીથી પઢવાની રહેશે. જે બાબત રૂકનમાં ગણાતી નથી તે બાબત ભૂલ થાય અને પાછા ફરીને અદા કરવા જતાં જે વધારાના કામ કરવા પડે, તે માટે પણ સજદએ સહવ કરવો પડશે. દા.ત., ઉભા થઈ ગયા બાદ યાદ આવે કે, તશહહુદ પઢાયેલ નથી તો તરત જ બેસી જાય અને તશહહુદ પઢે. નમાઝ પૂરી થયા બાદ સજદએ સહવ બજાવી લાવે. કારણ કે ઉભા થઈને ફરી બેસવું પડયું અને તશહહુદ પછી પાછું ઉભું થવું પડયું. આ વધારાના કામ માટે સજદએ સહવ કરવો પડશે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

**સજદણે સહવ છ કારણોને લીધે વાજિબ થાય છે :**

(૧) નમાઝની હાલતમાં ભૂલથી બોલવું, હલનચલન કરવું આમ કરવાથી નમાઝ બાતિલ થતી નથી પણ 'સજદણે સહવ' બજાવવો પડશે.

(૨) અસ્થાને-મૌકા વિના સલામ પઢવી.

(૩) નમાઝમાં ચોથી રકાત છે કે પાંચમી રકાત છે, તે સંબંધે શક પૈદા થાય તો, 'સજદણે સહવ' કરવો પડશે.

(૪) એક **સજદો** ભૂલી જવાથી 'સજદણે સહવ' કરવો પડશે. અગર બંને **સજદા** ભૂલી જાય તો નમાઝ બાતિલ થઈ જશે, કારણ કે તે બંને **સજદા** નમાઝનું રૂકન છે.

(૫) મૌકા વિના ઉભા થઈ જવું. જેમ કે, બીજી રકાતમાં બંને **સજદા** કર્યા બાદ, તશહહુદ પઢવાને બદલે ઉભા થઈ જઈએ, તો પાછું બેસીને તશહહુદ પઢવું જોઈએ અને નમાઝ પૂરી થયા પછી 'સજદણે સહવ' કરવો પડશે.

(૬) નમાઝમાં તશહહુદ ખુદ ભૂલી જાય અને પછીની રકાતના રૂકૂઅમાં જઈએ ત્યારે યાદ આવે તો નમાઝ પૂરી કર્યા બાદ 'સજદણે સહવ' બજાવી લાવે.

**<u>સજદણે સહવની રીત :</u>**

નમાઝ પૂરી થયા બાદ કિબ્લાથી મોઢું ફેરવ્યા વિના, તરત જ દિલમાં નિય્યત કરે, બે સજદણે સહવ ફલાણી બાબત ભૂલવાના સબબે કરૂં છું, વાજિબ કુરબતન ઈલલ્લાહ, આવી રીતે ઈરાદો કરીને તૂરત જ સજદામાં જાય અને આ રીતે કહે : "બિસ્મીલ્લાહે

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

વ બિલ્લાહે અસ્સલામો અલયક અય્યોહન્નબીય્યો વ રહમતુલ્લાહે વ બરકાતોહ." પછી માથું ઉંચુ કરે અને બીજીવાર સજદામાં જાય અને એજ ઝિક્ર અદા કર્યા બાદ બેસીને તશહ્હુદ અને સલામ પઢીને કામ તમામ કરે.

જો નમાઝમાં એક સજદો અથવા તશહ્હુદ ભૂલી જાય તો નમાઝ ખતમ કર્યા પછી સજદો અથવા તશહ્હુદની કઝા કરે અને પછી સજદણે સહવ કરે.

## શક

નમાઝમાં શક પૈદા થવાના બે સંજોગો છે. એક શક તો નમાઝના કાર્યો માટે ઉભો થાય છે અને બીજો શક નમાઝની રકાતો માટે ઉભો થાય છે. દા.ત., નમાઝના કામમાં શક થવા બાબતથી મતલબ એ છે કે, નમાઝ દરમિયાન તકબીર કહેવી, સૂરએ હમ્દ અને બીજી સૂરા પઢવી, રૂકૂઅ અથવા સજદા બજાવી લાવવું વિ.માં શક પૈદા થાય તો, આ સંજોગોમાં હુકમ એવો છે કે,

કોઈ પહેલા કામનો શક, પછીના કામમાં દાખલ થઈ ગયા બાદ ઉભો થાય તો તેની તરફ ધ્યાન ન આપે, પરંતુ તે નમાઝ સહીહ રહેશે. જેમકે 'કુલ્હોવલ્લાહ' પઢતી વેળાએ સૂરએ હમ્દ પઢેલ છે કે કેમ, તેવો શક પૈદા થાય તો નમાઝ ચાલુ રાખવી, સૂરએ હમ્દ પઢવા માટે પાછું ફરવું નહીં પણ નમાઝના બાકીના હિસ્સા પૂરા કરતા રહેવું અને ઈન્શા અલ્લાહ નમાઝ સહીહ રહેશે.

**<u>રકાતોનો શક :</u>**

રકાઅતોના શકનો મતલબ એ છે કે, રકાતની ખરી ગણતરી

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

યાદ ન રહે. આવા શકની ઘણી ઝાત છે. તેમાં ફક્ત નવ સંજોગોમાં નમાઝ સહીહ રહી શકે છે. બાકી બીજી પરિસ્થિતિમાં નમાઝ બાતિલ ઠરશે.

તેનો નિયમ એ છે કે, જેવો શક પૈદા થાય કે તુરત જ મગજથી બરાબર ખરી વાત મેળવવાની કોશીષ કરે. અગર કોઈ નિર્ણય જાણવા ન મળે તો શરીઅતે બતાવેલા કાયદાનો આશરો લે.

**એ કાયદાની વિગત નીચે બતાવેલી છે :**

(૧) ચાર રકાતી નમાઝમાં બે સજદા બાદ એવો શક થાય કે, આ સજદો બીજી રકાતનો હતો કે ત્રીજી રકાતનો ? આવા સંજોગોમાં ત્રીજી રકાત નક્કી કરે અને નમાઝ પૂરી કરે. ત્યારબાદ એક રકાત નમાઝે એહતેયાત બજાવી લાવે. એટલા માટે કે, જો બીજી રકાત હોય તો ફક્ત એક રકાતની કમી કહેવાશે. જે નમાઝે એહતેયાત એક રકાત પઢીને પૂરી થઈ ગઈ.

(૨) ચાર રકાતી નમાઝમાં કોઈ પણ હાલતમાં એવો શક થાય કે, રકાત ત્રીજી છે કે ચોથી, તો તે ચોથી સમજીને નમાઝ પૂરી કરે અને એક રકાત નમાઝે એહતેયાત બજાવી લાવે.

(૩) ચાર રકાતી નમાઝમાં બે સજદા બાદ બીજી છે કે ચોથી છે એમ શક થાય તો ચાર સમજીને નમાઝ પૂરી કરે અને ત્યારબાદ બે રકાત નમાઝે એહતેયાત અદા કરે.

(૪) ચાર રકાતી નમાઝમાં બે સજદા બાદ એવો શક થાય કે, બીજી છે; ત્રીજી છે કે ચોથી છે. તો ચાર રકાત સમજીને નમાઝ પૂરી કરે અને ત્યારબાદ ઉભા ઉભા બે રકાત નમાઝે

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

એહતેયાત બજાવી લાવે અને બે રકાત નમાઝે એહતેયાત બેઠા બેઠા પઢે.

(૫) ચાર રકાતી નમાઝમાં સજદા બાદ શક થાય કે, ચોથી રકાત છે કે પાંચમી રકાત ? તો આવી હાલતમાં તરત જ નમાઝ પૂરી કરે અને નમાઝ બાદ બે સજદએ સહવ બજાવી લાવે.

(૬) ચાર રકાતી નમાઝમાં હાલતે કયામમાં શક થાય કે, ચોથી રકાત છે કે પાંચમી ? તો તુરત જ બેસી જાય અને નમાઝ પૂરી કરે અને એક રકાત નમાઝે એહતેયાત પઢે અને બે સજદએ સહવ પણ કરે.

(૭) ચાર રકાતી નમાઝમાં હાલતે કયામમાં શક થાય કે, ત્રીજી છે કે પાંચમી તો તરત જ બેસી જાય; નમાઝ પૂરી કરે અને બે રકાત નમાઝે એહતેયાત બજાવી લાવે અને બે સજદએ સહવ પણ કરે.

(૮) ચાર રકાતી નમાઝમાં હાલતે કયામમાં શક થાય કે, ત્રીજી છે; ચોથી છે; કે પાંચમી તો તરત જ બેસી જાય અને નમાઝ પૂરી કરે અને બે રકાત ઉભા ઉભા અને બે રકાત બેઠાં બેઠાં નમાઝે એહતેયાત બજાવી લાવે અને બે સજદએ સહવ પણ કરે.

(૯) ચાર રકાતી નમાઝમાં હાલતે કયામમાં શક થાય કે, ચોથી છે કે છઠ્ઠી; તો તરત જ બેસી જાય, નમાઝ પૂરી કરે અને બે સીજદએ સહવ બજાવી લાવે અને એહતિયાતની રૂએ અસ્થાને કયામ કરવા બદલ બે સજદા વધુ કરે.

આ બધા એહકામ ચાર રકાતી નમાઝ માટે છે. ત્રણ રકાતી

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

નમાઝ, બે રકાતી નમાઝ અથવા કસ્ર નમાઝમાં હુકમ એવો છે કે શક પૈદા થાય કે તુરત જ કોઈ સંખ્યા માટે મનન કરે, અગર કોઈ વાત યાદ આવી જાય તો, તે પર અમલ કરે, અગર યાદ ન જ આવે તો નમાઝ તોડીને ફરીથી પઢે.

## 'નમાઝે એહતેયાત' પઢવાની રીત :

આ નમાઝની રીત એ છે કે, નમાઝ પઢયા બાદ તુરત જ ઉભા થઈ જવું. નિય્યત કરવી (દિલમાં) કે, "એહતેયાતની નમાઝ પઢું છું, એક/બે રકાત વાજિબ કુરબતન ઈલલ્લાહ." ઝબાનથી નિય્યત કરવી નાજાએઝ છે. ત્યારબાદ ફકત સૂર એ હમ્દ પઢવી; રૂકૂઅ કરીને સજદામાં જવું, સજદા બાદ તશહ્હુદ અને સલામ બજાવી લાવવો. (જો બે રકાત હોય તો) પહેલી રકાતની રૂકૂઅ સજદા બાદ ફરીથી ઉભા થઈને પહેલી રકાતની જેમ સૂર એ હમ્દ પઢે અને રૂકૂઅ- સજદા બાદ તશહ્હુદ સલામ બજાવી લાવે.

નમાઝે એહતેયાતમાં સૂર એ હમ્દની પછી બીજી સૂરા પઢવાની નથી અને બીજી રકાતમાં કુનૂત પણ પઢવાનું નથી.

# સવાલ

૧. જો નમાઝમાં કોઈ વાજિબને ભૂલી જાય તો શું કરે ?
૨. ' સજદએ સહવ' કયાં કયાં વાજિબ થાય છે ?
૩. ' સજદએ સહવ' અને 'નમાઝે એહતેયાત'ની રીત બતાવો.
૪. કયા કયા શકમાં નમાઝ સહીહ રહેશે ?
૫. 'નમાઝે એહતેયાત' અથવા ' સજદા ' છોડીને નમાઝ બીજીવાર પઢવામાં આવે તો ચાલે ખરૂં ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 46
# નમાઝે જમાઅત

ઈસ્લામી એકતા અને સમાનતા માટે નમાઝે જમાઅત ઉમદા નમૂનો છે. શરીઅતમાં તે માટે ઘણી જ તાકીદ કરી છે. જમાઅતથી એક રકાત નમાઝ પઢનારને અલ્લાહની રાહમાં એક લાખ દીનાર કરતાં વધુ રકમ આપવા જેટલો સવાબ હાંસીલ થાય છે.

ફકત વાજિબ નમાઝો માટે નમાઝે જમાઅત છે. સુન્નતી નમાઝ જમાઅતથી પઢાતી નથી. હા ! બંને ઈદની નમાઝ જમાઅતથી થઈ શકે છે. દરેક વાજિબ નમાઝ જમાઅતથી પઢવી સુન્નત છે. પરંતુ જુમ્આની નમાઝ અને ઈદની નમાઝો ઈમામના ઝૂહૂરના સમયમાં વાજિબ છે; અને એજ કારણ હશે કે દરેક જમાઅત નમાઝ બે આદમીઓથી થઈ શકે છે, પણ જુમ્આ અને ઈદની નમાઝ માટે ઓછામાં ઓછા પાંચ આદમી હોવા જોઈએ. એટલે કે, એક ઈમામ અને ચાર તેની પાછળ પઢનારા. પાંચ વખતની નમાઝ પઢતી વેળાએ જમાઅત નમાઝમાં પેશ નમાઝ જે નમાઝ પઢતા હોય, તે સિવાય બીજી નમાઝ પઢવાનો દરેક નમાઝીને અધિકાર છે. સુબ્હની કઝા નમાઝ પઢવી હોય તો મામૂમ જમાઅતથી પઢાતી ઝોહરની નમાઝ સાથે પઢી શકે છે અને ઝોહરની કઝા પઢવી હોય તો મગરીબ-ઈશાની જમાઅત નમાઝમાં પઢી શકાય છે. હા, એક વસ્તુ છે કે, જો ઈદની નમાઝ, આયાતની નમાઝ કે મય્યતની નમાઝ જમાઅતથી થઈ રહી હોય તો, તે જમાઅતની સાથે દૈનિક નમાઝો નહીં પઢી શકાય; અને તેથી ઉલટી પાંચ વખતની નમાઝ

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

જમાઅતથી પઢવામાં આવતી હોય તો, તેવી જમાઅતમાં ઈદની નમાઝ, આયાતની નમાઝ કે મય્યતની નમાઝ પઢી શકાશે નહીં.

ઈમામ અને મામૂમ, બંનેની નમાઝ એક જ જાતની હોય તો કશો વાંધો નથી. આ સ્થળે કેટલીક બાબતો ધ્યાનમાં લેવા જેવી છે.

(૧) હંમેશા જમાઅત પેશ નમાઝની સાથે થશે. મામૂમની પાછળ નમાઝે જમાઅત થઈ શકશે નહીં.

(૨) નમાઝમાં ઈમામને નિય્યતથી નક્કી કરે. ઈમામનું નામ, કબીલો કે સંબંધ જાણવા કે આંગળીથી ઈશારો કરીને નિય્યત કરવાની નથી.

(૩) જમાઅતની નમાઝ પઢાતી હોય તે દરમિયાન, વચ્ચે એક પેશ નમાઝમાંથી બીજા પેશ નમાઝ તરફ નિય્યત બદલી શકાશે નહીં. પરંતુ જો પહેલા પેશ નમાઝ મરી જાય અને બેભાન થઈ જાય અથવા તેની નમાઝ બાતિલ થઈ જાય, અથવા પહેલા પેશ નમાઝની નમાઝ કસ્ર હોવાથી પૂરી થઈ જાય તો અને બીજા પેશ નમાઝ જો હાજર હોય તો, બીજા પેશ નમાઝની નિય્યત મનમાં જ કરી લે અને જો કોઈ બીજા પેશ નમાઝ હાજર ન હોય તો ફુરાદા (એકલા) નમાઝ પૂરી કરે.

(૪) કોઈવાર જરૂરત ઉભી થાય તો જમાઅતની નમાઝ દરમિયાન વચ્ચે પણ ફુરાદાની નિય્યત કરી શકાય છે. જો આવી બાબત સૂરા પઢતી વખતે સૂરાની વચ્ચે બને તો બાકીની સૂરા પોતે પઢવાની રહે છે અને નમાઝ પૂરી કરે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

(૫) નમાઝે જમાઅતમાં કોઈપણ સમયે દાખલ થઈ શકાય છે, પણ રકાતની ગણતરી તો રૂકૂઅમાં શરીક થયા બાદ થશે. પેશ નમાઝની સાથે પહેલી અને ત્રીજી રકાતમાં કુનૂત અને તશહ્હુદ પઢી શકાય છે; તેમાં કશો વાંધો નથી.

(૬) જમાઅત નમાઝમાં રૂકૂઅ સુધી પહોંચી જઈશ એવા વિચારથી દાખલ થયા, પરંતુ રૂકૂઅમાં પહોંચતા જ પેશ નમાઝનું રૂકૂઅ પૂરૂં થઈ જાય તો દાખલ થનારની નમાઝ બાતિલ થઈ જશે, માટે એ ફરીથી નમાઝ શરૂ કરે. પણ એ રૂકૂઅમાં શામીલ થઈ શકયો નથી, તો તે દાખલ થનારે ફુરાદા નિય્યતથી નમાઝ ચાલુ રાખી પૂરી કરવી.

**જમાઅતની શરતો :**

ઈમામ અને મામૂમની વચ્ચે કોઈ એવી વસ્તુ અટકાયતરૂપ ન હોવી જોઈએ કે જેથી ઈમામની સાથેનો સીધો સંબંધ તૂટી જાય, એટલા માટે કે, મામૂમનો ઈમામ સાથે સીધે સીધો અથવા બીજા મામૂમો મારફત સંબંધ રહેવો અતિ જરૂરી છે. ઈમામ સાથેનો સંબંધ સીધે સીધો હોઈ શકે છે, જમણી બાજુથી પણ હોઈ શકે છે અને ડાબી બાજુથી પણ હોઈ શકે છે.

દિવાલની પાછળ ઉભા રહીને નમાઝ પઢનાર આદમીઓનો સંબંધ જમણી યા ડાબી બાજુથી ઈમામ સાથે જળવાઈ રહે તો નમાઝ સહીહ રહેશે, નહિતર બેકાર જશે.

જો મામૂમ મરદ અને ઔરત બંને હોય અને વચ્ચે પડદો હોય તો કશો વાંધો નથી. તેની નમાઝ પર કશી અસર થશે નહીં. નમાઝ

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

પઢતી વેળાએ વચ્ચે કોઈ એવી અટકાયત પૈદા થઈ જાય કે જેથી ઈમામ સાથેનો કોઈપણ રીતે સંબંધ જળવાઈ ન રહે અને તૂટી જાય તો ફૂરાદા નિય્યત કરવી પડશે.

દા.ત., એક કરતાં વધારે માણસો ફુરાદા નિય્યતથી પહેલા શરૂમાં નમાઝ પઢતા હોય અને પેશ નમાઝ સાથેનો સંબંધ જળવાઈ નહીં ત્યારે પણ ફુરાદાની નિય્યત કરવી પડે અને નમાઝ પોતાની મેળે પઢવા માંડે ને પૂરી કરી લે. જો ફુરાદાની નિય્યતવાળા માણસો બીજી રકાતમાં પાછા જોડાઈ જાય તો કોઈ વાંધો નથી.

(૧) ઈમામની જગ્યા મામૂમ કરતા ઉંચી ન હોવી જોઈએ. હા, મામૂમ ઈમામ કરતાં ઉંચે હોઈ શકે છે; પણ શરત એ છે કે જમાઅત નમાઝનું સ્વરૂપ બાકી રહે. જો ઈમામની જગ્યા એક વેંતથી ઓછી ઉંચી હોય અથવા ઢાળવાળી હોય તો ઈમામની ઉંચાઈમાં કશો વાંધો નથી; પણ એ ખ્યાલમાં રહે કે ઢાળ પણ વધારે ન હોય.

(૨) ઈમામ અને મામૂમની જગ્યા વચ્ચે એક પગલા કરતાં વધારે અંતર ન હોય. આ વાત આપસમાં એક-બીજી સફને પણ લાગુ પડે છે. મામૂમે પણ ઈમામની આગળ ન ખડું થવું જોઈએ અને બને ત્યાં સુધી ઈમામની બરાબર પણ ન ઉભો રહે.

## ઇમામે જમાઅતની શરતો :

નમાઝે જમાઅતના ઈમામ માટે નીચે જણાવેલી શરતો પૂરી થવી જોઈએ :

(૧) એ બાલીગ અને અક્કલમંદ હોવો જોઈએ.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

(૨) શીઆ ઈસ્નાઅશરી હોવો જોઈએ.

(૩) આદીલ હોવો જોઈએ.

(૪) હલાલઝાદો હોવો જોઈએ.

(૫) નમાઝ સહીહ રીતે પઢતો હોવો જોઈએ.

(૬) મામૂમ અગર પુરૂષ હોય, તો ઈમામ માટે પણ પુરૂષ હોવું જરૂરી છે.

જો ઈમામને કોઈ આદીલ તરીકે જાણતો હતો, પછી શક થાય કે હજી પોતાની અદાલત ઉપર એ બાકી હશે કે નહીં, તો એવા ઈમામ સાથે જમાઅત પઢી શકાય છે.

જે શખ્સ ઉભા ઉભા નમાઝ પઢી શકતો હોય, તે બેસી યા સૂઈને નમાઝ અદા કરનાર ઈમામની સાથે જમાઅત નહીં પઢી શકે, અને જે બેસીને નમાઝ અદા કરતો હોય, તે સૂતા સૂતા નમાઝ પઢનાર ઈમામ સાથે નહીં જોડાઈ શકે.

અગર ઈમામ કોઈ ઉઝરને કારણે નજીસ લીબાસ સાથે, અથવા તયમ્મુમ કરીને, અથવા જબીરા વુઝૂ સાથે નમાઝ અદા કરતો હોય તો તેની સાથે જમાઅતની નમાઝ થઈ શકે છે.

**જમાઅત નમાઝના હુકમો :**

(૧) પેશ નમાઝ પોતાની પાછળ પઢનાર નમાઝીઓ તરફથી ફક્ત સૂરએ હમ્દ અને બીજી સૂરા માટે જવાબદાર છે. બાકીના બીજા બધા ઝિક્ર મામૂમે પોતાને પઢવાના રહે છે. આ બાબતમાં જો મામૂમ પહેલી અથવા બીજી રકાતમાં જોડાઈ જાય તો હમ્દ અને બીજી સૂરા તેણે પઢવાની નથી. ઝોહર અને અસ્રની નમાઝ

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

જે ધીમા અવાઝે પઢાય છે તેમાં પહેલી અને બીજી રકાતમાં કિરઅત પઢવી નાજાએઝ છે; અને મોટે અવાઝે પઢાતી નમાઝમાં જો કોઇ પણ રીતે અવાઝ સંભળાતો હોય તો કિરઅત પઢવી નાજાએઝ છે. હા, જો અવાઝ ન પહોંચતો હોય તો મામૂમ પોતે હમ્દ અને બીજા સૂરા પઢી શકે છે. બીજી રકાતમાં જોડાનાર મામૂમને ઈમામની ત્રીજી રકાત વખતે કિરઅત પોતે પઢવી પડશે. એવી રીતે ત્રીજી રકાતમાં જોડાનાર મામૂમને ઈમામની ચોથી રકાત વખતે પણ કિરઅત પોતે પઢવી પડશે અને ત્રીજી રકાતમાં જો હાલતે કયામમાં જોડાએલ હોય તો પોતે જ કિરઅત પઢવાની રહેશે. આ મુશ્કેલીથી બચવા માટે મામૂમ માટે ત્રીજી રકાતમાં રૂકૂઅમાં જોડાવું વધારે બહેતર છે.

(૨) મામૂમે કિરઅત ધીમે ધીમે પઢવી જોઈએ, ભલે પછી મોટે અવાઝે પઢવાની નમાઝ હોય, જેમાં મગરીબ, ઈશા, સુબ્હની નમાઝ હોય (તો પણ મામૂમે ધીમેથી પઢવાનું રહે છે). ત્રીજી અથવા ચોથી રકાતમાં જોડાયેલ નમાઝીને માટે પણ કિરઅત ધીમી રાખવી. પહેલી-બીજી રકાતમાં ઈમામનો અવાઝ સંભળાતો ન હોય, તો પણ કિરઅત પઢવાની હોય છે.

(૩) નમાઝના કાર્યોમાં પેશ નમાઝનું અનુસરણ કરવું વાજિબ છે, પરંતુ વાકયો બોલવામાં મામૂમને છૂટ છે કે, ઈમામનું અનુસરણ કરવું કે ન કરવું. હા, નિય્યતની પછી તકબીરતુલ્એહરામ અને સલામ, ઈમામ કહે ત્યારબાદ કહેવી જોઈએ.

(૪) કોઈ એક નમાઝ કારણ વગર બીજીવાર પઢવી નહીં. હા, એમ બની શકે છે કે, ફુરાદા પઢયા હોઈએ અને પછી

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

જમાઅતથી પઢવી હોય તો ફકત 'કુરબતન ઈલલ્લાહ'ની નિય્યતથી પઢવી.

(૫) નમાઝ જમાઅતમાં ફકત બે માણસ હોય તો, મામૂમે પેશ નમાઝની પાછળ ઉભું ન રહેવું પણ જમણી બાજુ ઉભા રહીને નમાઝ પઢવી; પણ મામૂમ ઔરત હોય તો પેશ નમાઝની પાછળ જ ઉભી રહે.

## સવાલ

૧. જમાઅત કઈ કઈ નમાઝોમાં વાજિબ છે ?
૨. નમાઝે આયાત જમાઅતથી થતી હોય તો તેની સાથે દૈનિક નમાઝ પઢી શકાય છે ?
૩. જમાઅતની નમાઝ દરમિયાન, વચ્ચે નિય્યત બદલી શકાય છે ?
૪. પેશ નમાઝની શરતો વર્ણવો.



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 47

# નમાઝે કસ્ર

મુસાફરીમાં ચાર રકાત નમાઝ કસ્ર થઇ જાય છે, એટલે કે બે રકાત પઢાય છે. સુબ્હ તથા મગરીબની નમાઝમાં કસ્ર જાએઝ નથી.

**કસ્ર નમાઝ માટે કેટલાક કાયદા છે :**

(૧) પહેલેથી ૨૪ માઇલ શરઈ એટલે કે, ૪૪ કિલોમીટર સુધી જવાનો ઈરાદો હોય અથવા જ્યાં ચાલવામાં બંનેમાં આટલું અંતર પૂરૂં થઈ જતું હોય તો કસ્ર નમાઝ પઢવી પડે છે. અંતરની શરૂઆત વસ્તીના છેલ્લા મકાનથી ગણાય છે. જો તેનાથી ઓછું જવાની ઈચ્છા હોય તો કસ્ર નહીં થાય. પછી ભલે થોડું થોડું કરીને નક્કી થયેલા પ્રમાણ કરતાં અંતર કેમ ન વધે. ઈચ્છાપૂર્વકની સફર હોવી જોઈએ તેવું નથી. પોતાની ઈચ્છા વિના અથવા મજબૂરીથી પણ સફર કરવી પડે તો પણ તેણે કસ્રની નમાઝ પઢવાની રહેશે. દા.ત. એક કૈદીને ખબર હોય કે તેને જબરદસ્તીથી એટલા અંતર સુધી લઈ જશે તો તેને પણ કસ્ર નમાઝ પઢવી જોઈએ.

(૨) સફર જાએઝ હોવી જોઈએ. જો મુસાફરી હરામ કામ માટે હોય તો નમાઝે કસ્રનો નિયમ લાગુ નહીં પડે પણ પૂરી નમાઝ પઢવી પડશે. જેમકે, નોકર શેઠથી ભાગી જાય અથવા જેહાદ (ધર્મયુદ્ધ)માંથી સૈનીકનું ભાગી જવું અથવા મુસાફરીનો હેતુ હરામ હોય. દા.ત, કત્લ કરવા; લૂંટફાટ કરવા, ઝીનાકારી, શરાબખોરી, ખોટી ગવાહી દેવા અથવા સીનેમા જોવા વિ. હરામ કામ માટે

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

મુસાફરી કરવામાં આવે તો તેણે પૂરી નમાઝ પઢવાની રહે છે અને રમઝાન મહિનો હોય તો રોઝો પણ રાખવો પડશે.

(૩) ઈન્સાનનો ધંધો સફર કરવાનો ન હોય તો તેને કસ્રનો લાભ મળશે પણ જો લોકોનો ધંધો મુસાફરી કરવાનો હોય, જેમકે, ડ્રાઈવર, ખલાસી, પાયલોટ, એજન્ટ વગરે વગેરે માટે કસ્રનો લાભ નથી. તેઓએ પૂરી નમાઝ પઢવી જોઈએ. તેમાં એક શરત એ છે કે, તેની મુસાફરીનો સંબંધ ધંધાદારી રીતે ન હોય તો, અને પોતાના અંગત કામ માટે જો મુસાફરી કરે તો તેને નમાઝ કસ્ર કરવી જોઈએ. જેમ કે, આ જાતના લોકો ઝિયારત પઢવા માટે મુસાફરી કરે વિ.વિ.

(૪) માણસનું ભટકતું જીવન ન હોય : જે માણસ પોતાના જીવનનિર્વાહ અંગે સફર કરશે તેને કસ્રનો લાભ નથી પણ પોતાના બીજા અંગત કામ માટે મુસાફરી કરશે તો કસ્ર પઢી શકશે.

(૫) જ્યાંથી શહેરનું છેલ્લું ઘર દેખાતું બંધ થાય એટલે દૂર મુસાફર પહોંચી જાય ત્યારથી મુસાફરી શરૂ થઈ એમ ગણાય અને ત્યાંથી નમાઝ કસ્ર પઢી શકે છે. વચ્ચેની જગ્યાએ કસ્ર કરવી નાજાએઝ છે. અથવા એમ પણ છે કે, જે છેલ્લા ઘરથી અઝાન કહેવામાં આવે, તેની અવાઝ જ્યાં સુધી સંભળાય ત્યાં સુધી તે મુસાફરી નહીં ગણાય, (હજી તે મુસાફીર શહેરમાં છે એમ ગણવું) અને તે દરમિયાન નમાઝ કસ્ર નહી થાય. કેટલાંક લોકો ઘરની બહાર નિકળીને તુરત જ રોઝો ખોલી નાખે છે તે ભૂલ છે. આવી ભૂલ માટે તેઓએ કફ્ફારો દેવો પડશે.

ઉપર જણાવેલી હદ-મર્યાદા પસાર કર્યા બાદ જ રોઝો ખોલી શકાય છે. જો વસ્તી બહુ જ ઊંચાઈ પર હોય તો તેનો

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

હિસાબ થશે નહીં, પરંતુ આમ વસ્તીઓના પ્રમાણમાં કસ્ર અથવા તમામ (પૂર્ણ)ની વસ્તુ નક્કી કરવામાં આવશે.

(૬) સફર કરતાં કરતાં એવી જગ્યાએ ન પહોંચી જાય કે જ્યાં તેનું વતન હોય અથવા જ્યાં દસ દિવસ રહેવાનો ઈરાદો હોય. જો વતનમાં પહોંચી જાય અથવા જ્યાં દસ દિવસ રહેવાનો ઈરાદો હોય તેવા સ્થળે પહોંચે તો નમાઝ કસ્ર પઢાશે નહીં, પણ પૂરેપૂરી નમાઝ પઢવી પડશે.

<u>વતન :</u>

વતન એ જગ્યાને કહેવાય કે, જ્યાં માણસ પોતે જન્મ્યો હોય અથવા જ્યાં જીવન વિતાવવાનો ઈરાદો હોય. એક માણસને બે વતન પણ હોઈ શકે છે, જો તેનો ઈરાદો એ બંને જગ્યાએ જીવન વિતાવવાનો હોય તો. તેમજ પોતાના જુના વતનને તર્ક કરી શકે છે, જો તેનાથી તે દૂર થઈ જાય અને તેની સાથેનો સંબંધ તોડી નાખે, આવી રીતે કેટલાંક હીજરત કરવાવાળા કરે છે.

જો કોઈ માણસે દસ દિવસ રહેવાના ઈરાદાથી એક નમાઝ પૂરી પઢી લીધી, ત્યારબાદ તેનો વિચાર બદલાઈ ગયો તો પણ નમાઝ પૂરી પઢવાની રહે છે. (જ્યાં સુધી બીજી સફર શરૂ ન થાય ત્યાં સુધી તે પૂરી જ રહેશે). જો કોઈ માણસે કસ્રની નિય્યતથી નમાઝ શરૂ કરી અને નમાઝની વચ્ચે વિચાર બદલાઈ ગયો તો ચાર રકાત પૂરી પઢે અને જો પૂરી પઢવાના ઈરાદાથી નમાઝ શરૂ કરે અને વચ્ચે વિચાર બદલાઈ ગયો તો ત્રીજી રકાતની રૂકૂઅની પહેલાં કસ્ર કરીને ખતમ કરી આપે. પણ.. ત્રીજી રકાતની રૂકૂઅમાં પહોંચ્યા બાદ ઈરાદો બદલે તો નમાઝ તોડીને ફરીથી શરૂ કરે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

**સફરના હુકમો :**

(૧) નમાઝ તથા રોઝા કસ્ર થાય છે એ બાબત કોઈ માણસ જાણતો જ ન હોય અને જો તે ગલત રીતે પઢી બેસે તો કોઈ વાંધો નથી. પણ જે માણસ કસ્ર અને પૂર્ણ નમાઝની વાત જાણે છે પણ તેના હુકમોથી અજાણ હોય તો અને તેનાથી ગલતી થઈ જાય તો તે માફીને પાત્ર નથી. તેણે કઝા કરવી પડશે. કોઈ માણસ ભૂલથી કસ્રને બદલે પૂર્ણ અથવા પૂર્ણને બદલે કસ્ર પઢે, તો તેની ફર્ઝ છે કે જો સમય દરમિયાન તેને યાદ આવી જાય તો તે બીજીવાર પઢે. પણ સમય પસાર થઈ ગયો હોય તો કઝા પઢવાની જરૂરત નથી.

(૨) કસ્ર અને પૂરી નમાઝના પ્રશ્નમાં નમાઝના સમય બાબત માહિતી મેળવવી પડશે. એટલા માટે વખત થયા બાદ સફર શરૂ કરેલ હોય અને નમાઝ ન પઢી હોય તો તેણે કસ્ર પઢવાની રહે છે. પણ જો વખત બાકી હોય ને ઘરે પહોંચી ગયો હોય તો નમાઝ પૂરી પઢવી પડશે.

(૩) મસ્જિદે કુફામાં તથા હ.ઈ. હુસૈન (અ.)ના રોઝામાં ઝરીહની પાસે તથા આખા મદીના શહેરમાં તથા મક્ક-એ-મોઅઝ્ઝમામાં મુસાફરને છૂટ છે કે તે કસ્ર નમાઝ પઢે અથવા આખી પઢે. આ સ્થળો સિવાય બીજી જગ્યાએ છૂટ નથી.

# સવાલ

૧. કેટલું અંતર વટાવ્યા બાદ નમાઝ કસ્ર પઢાય છે ?
૨. કસ્રની શરતો શું છે ?
૩. હદ્દે-તરખ્ખુસ એટલે શું ?
૪. નમાઝ કઈ જગ્યાએ પૂરી અથવા કસ્ર પઢવાની છૂટ છે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 48

# આપણા નબી સ.ની તઅલીમ

હ. મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.)એ આપણને બતાવ્યું કે,

* આપણે અલ્લાહને એક માનીએ તેમજ કોઈને તેનો શરીક ન બનાવીએ.
* આપણે અલ્લાહના દરેક હુકમોની સામે માથું નમાવીએ તેમજ તેની પૂરી પાબંદી કરીએ.
* આપણે સાચા દિલથી અલ્લાહને યાદ કરીએ અને તેની બંદગીથી ગાફીલ ન રહીએ.
* આપણે પોતાના મા-બાપ અને વડીલોનો પૂરો અદબ જાળવીએ, અને હંમેશા તેની ખિદમત કરતા રહીએ.
* આપણે સાચુ બોલીએ અને સાચુ બોલતા કોઈથી ન ડરીએ.
* આપણે હંમેશા બીજાઓની મદદ અને સેવા કરવાને આપણો ફર્ઝ સમજીએ.
* આપણે હંમેશા પાક-સાફ અને સ્વચ્છ રહેવું જોઈએ.
* આપણે જ્યારે કોઈને મળીએ ત્યારે તેને સલામ કરીએ તેમજ સ્મિત સાથે વાર્તાલાપ કરીએ.
* આપણે સવારે ઉઠીને કલમો પઢીએ, શુક્રનો સજદો કરીએ, સલવાત પઢીએ, દાંતણ કરીએ, હાથ-મોઢું ધોઈને લુછવું જોઈએ. વુઝૂ કરીએ, નમાઝ પઢીએ, વાળ ઓળાવીએ અને વડીલોને સલામ કરવી જોઈએ.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

* આપણે ચોરી અને ગીબતથી દૂર રહેવું જોઈએ. તેમજ એકબીજા સાથે ભાઈચારો કેળવવો જોઈએ અને કયારેય ઝઘડો ન કરીએ.
* આપણે હંમેશા અલ્લાહની રાહમાં ગરીબોને ખૈરાત (દાન) આપતા રહીએ.
* આપણે ધ્યાન દઈને અભ્યાસ કરવો જોઈએ અને ખુબ જ ઈલ્મ પ્રાપ્ત કરવું જોઈએ.
* આપણે પોતાની તંદુરસ્તીની પુરતો ખ્યાલ રાંખવો જોઈએ.
* આપણે અદબ સાથે બેસીએ, અને આપણા શિક્ષક તેમજ બીજા વડીલોને માન આપવું જોઈએ.
* આપણે દરેક કામમાં ઈમાનદારીથી વર્તીએ તેમજ કોઈને પણ દગો દેવો જોઈએ નહીં.
* આપણે કોઈની પરવાનગી વગર તેની વસ્તુ વાપરવી ન જોઈએ.
* આપણે ગાળો ન બોલવી જોઈએ, કોઈને ખરાબ વાત ન કહેવી જોઈએ, કોઈનું દિલ ન દુઃખાવવું જોઈએ.
* આપણે બેકાર રમતોમાં પોતાનો સમય વેડફવો ન જોઈએ.
* આપણે દીની વાતો મન લગાડીને શીખીએ જેથી આપણી જીંદગી સારી બની જાય.

આ કેટલી સારી અને કામની વાતો છે જે આપણા નબી (સ.અ.વ.)એ બતાવી છે.

# સવાલ

(૧) આપણા નબી સ.એ બતાવેલી કોઈપણ પાંચ બાબતોનું વર્ણન કરો.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 49
# તૌફીક

આપણે આપણા જીવનમાં સવાર-સાંજ આ શબ્દને વાપરીએ છીએ કે, ફલાણા માણસને અલ્લાહે નેકી કરવાની તૌફીક આપેલ છે અને ફલાણા માણસને નથી આપી. જો અલ્લાહ તૌફીક આપી દે તો, અમો એક મસ્જિદ બનાવીએ, એક ઈમામવાડો તૈયાર કરી દઈએ, એક હોસ્પિટલ બનાવી દઈએ અથવા એક નદી પર પૂલ બંધાવી દઈએ. પરંતુ એ તૌફીકનો અર્થ શો છે ? તે બાબત વિચારતા નથી. તૌફીકનો અર્થ એ છે કે, નેકી કરવા માટે સંજોગો ઉપસ્થિત કરવા અને તેના સાધનો એકત્રિત કરી દેવા. જ્યારે અલ્લાહ કોઈ બંદાના કોઈ કાર્યોથી ખુશ થાય છે ત્યારે, તેને માટે વધુમાં વધુ નેકી કરવાના સાધનો ઊભા કરી દે છે અને તેનું જ નામ તૌફીક છે.

અલ્લાહે અમને નમાઝ પઢવાની તૌફીક નથી આપી, રોઝા રાખવાની તૌફીક નથી આપી એવી શીકાયત કરવી તે ખોટું છે. આ પ્રમાણે કહેવું એ અલ્લાહ માટે મોટી તોહમત છે. અલ્લાહ તો દરેક સમયે દરેક બંદાને તૌફીક આપવા તૈયાર છે. પણ શરત એ છે કે, બંદો પોતામાં તૌફીક મેળવવાની લાયકાત કેળવે. જે માણસ હંમેશા ગલતી કરવા માટે તત્પર રહે છે, તેનામાં તૌફીક આવી શકતી નથી. તૌફીક મેળવવા માટે તેની લાયકાત હોતી નથી અને અલ્લાહ પોતાની તૌફીક તેનાથી છીનવી લે છે. તેની ગલતીઓની સઘળી જવાબદારી તેના માથા પર આવે છે. અલ્લાહની ઉપર કોઈ જાતનો દોષ દઈ શકાતો નથી.


Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# સવાલ

૧. તૌફીક શું છે ?

૨. તૌફીક કયારે મળે છે ?

૩. કેટલાક માણસોને તૌફીક કેમ મળતી નથી ?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 50
# ખુલૂસ

ખુદાએ ઈન્સાનને પૈદા કરીને દરેક જાતના કામ કરવાની આઝાદી આપી છે. તેને નેકીના રસ્તે ચાલવાનો ઈરાદો હોય તો તે નેકી તરફ જઈ શકે છે અથવા બદી તરફ જવાનો ઈરાદો હોય તો તેની પણ છૂટ છે. પરંતુ એ વસ્તુ બતાવી દેવામાં આવી છે કે, અગર નેકીના રસ્તે ચાલવું હોય તો, 'ખુલૂસ'થી એટલે કે, અલ્લાહની ખુશી માટે એ નેક કામ દિલથી બજાવી લાવવું. પોતાના મનની શાંતિ માટે અથવા દુનિયાને દેખાડવા માટે નેકી કરવાથી કશો ફાયદો થશે નહીં.

આપણા મૌલા અને આકા હ.અલી (અ.)ના સમયનો એક બનાવ છે જે મશહૂર છે :

ખંદકની લડાઈ દરમિયાન મૌલા અલી (અ.)એ ઈસ્લામના દુશ્મન અમ્ર ઈબ્ને અબ્દેવદ ઉપર કાબૂ મેળવી લીધો હતો અને તેની છાતી પર ચઢી બેઠા હતા. તે વેળાએ દુશ્મન આપના ચહેરા પર થૂંકયો. આપ તરત જ તેની છાતી પરથી હટી ગયા અને થોડીવાર પછી તેનું માથું કાપી લીધું.

લોકોએ શીકાયત કરી કે, 'યા મૌલા ! આવો સુંદર મૌકો હાથમાં આવવા છતાં આપે શત્રુને કેમ છોડી દીધો ?' 'અગર ઉભો થઈને નાસી ગયો હોત તો તમે શું કરત ?'

શીકાયતનો જવાબ આપતા આપે ફરમાવ્યું : "તેણે મારી

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

શાનમાં અસભ્યતા દાખવી હતી. ક્રોધવાળી હાલતમાં જો મેં તેનું માથું કાપી લીધું હોત તો અલ્લાહની મરઝીની સાથે મારો ગુસ્સો પણ શામિલ થઈ ગયો હોત. આ માટે હું દુશ્મનની છાતી પરથી ઉતરી ગયો, જેથી એ કામ થાય કે જે-અલ્લાહની ખુશી માટે હોય, તેમાં બંદાની ગમતી-અણગમતી વાત શામિલ ન હોય."

'અમલ'ની આવી રીતને ખુલૂસ કહેવામાં આવે છે.

અલ્લાહ અમલમાં ખુલૂસ તરફ નઝર કરે છે. જેનું જેટલું ખુલૂસ હશે, તેટલો જ તેને સવાબ મળશે. (બંદાની) સેંકડો રકઅત નમાઝ, હજારો ફકીરોની મદદ વિ. અલ્લાહ જોતો નથી પણ અલ્લાહ તો તેના દિલમાં કેટલું ખુલૂસ છે તે બાબત જ જુએ છે. જો ખુલૂસ છે તો આ બધુ સવાબને પાત્ર છે, અને જો ખુલૂસ નથી તો બધુ બેકાર બની જાય છે.

# સવાલ

૧. ખુલૂસ શું છે ?

૨. ખુલૂસ વિનાના અમલનો શો અંજામ છે ?

૩. કોઈ ખુલૂસવાળા અમલનો દાખલો આપો.



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 51

# તવક્કુલ (ભરોસો)

તવક્કુલનો અર્થ એ છે કે, "ભરોસો કરવો" -દરેક હાલતમાં અલ્લાહ પર ભરોસો કરવો જોઇએ. બધી નેઅમતો ચાલી જાય તો પણ નાઉમેદ ન થવું. આખી દુનિયા દુશ્મન થઇ જાય તો પણ ડરવું ન જોઇએ. જે અલ્લાહ પર ભરોસો રાખે છે તેને અલ્લાહ દરેક નેઅમત આપે છે. જે ખુદાથી ડરે છે તે બીજા કોઇથી ડરતો નથી, કારણ કે તેને યકીન થઇ જાય છે કે, દરેક નુકસાન તેમજ દરેક લાભ અલ્લાહના હાથમાં છે. જેને અલ્લાહ બચાવે તેનો કોઇ નાશ કરી શકતો નથી અને જેનો અલ્લાહ નાશ કરે તેને કોઇ બચાવી શકતું નથી. એવી જ રીતે અલ્લાહ જેને મહરૂમ (વંચિત, વસ્તુ વિનાનો) કરે છે તેને કોઇ આપી શકતું નથી અને જેને અલ્લાહ માલામાલ કરી દે તેની પાસેથી કોઇ છીનવી શકતું નથી. જે ખુદાથી ડરતો નથી તે દુનિયાની દરેક ચીઝથી ડરે છે અને જે ખુદાથી ડરે છે તે મૌતથી પણ ડરતો નથી. જેના દિલમાં અલ્લાહનો ડર નથી હોતો તે બુઝદિલ (ભીરૂ, ડરપોક) હોય છે. જે ફકત અલ્લાહની પાસેથી આશા રાખે છે તે બંદાઓ પાસે હાથ લાંબો કરતો નથી. બંદાની ખુશામદ કરવાને બદલે તે પોતાના અલ્લાહની પાસે કરગરે છે. નિરાશામાં પણ તે નાઉમેદ થતો નથી. આવા માણસને અલ્લાહ બંદા પાસે બેઇઝ્ઝત-ઝલીલ નથી કરતો.

એક વાત છે કે, -જ્યારે જનાબે ઇબ્રાહીમ (અ.)ને નમરૂદ રાજા

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

અને તેની કૌમે લાખો મણ લાકડાની આગમાં હોમી દીધા હતા. પણ આગમાં જતી વેળાએ આપને જરાય ડર ન લાગ્યો. કારણ કે જ. ઈબ્રાહીમ (અ.) ફક્ત ખુદાથી ડરતા હતા. અગ્નીની જવાળામાં ગયા બાદ પણ જ. ઈબ્રાહીમ (અ.) નાઉમેદ થયા નહીં. કારણ કે આપને ફક્ત અલ્લાહ પર આશા હતી-ઉમ્મીદ હતી. અલ્લાહે પણ અગ્નીને ઠંડી કરીને જનાબે ઈબ્રાહીમ (અ.)ને બચાવી લીધા. આ વાત ધ્યાનમાં રાખીને આપણે પણ કદી નિરાશ ન થવું જોઈએ. તેમજ આપણા મનમાંથી અલ્લાહનો ડર પણ ન ચાલ્યો જવો જોઈએ, જેવી રીતે આપણે ઝાલીમ ઈન્સાન તથા વિકરાળ પ્રાણીઓથી ડરીએ છીએ તેવી રીતે આપણે અલ્લાહથી ડરવું ન જોઈએ. આ જાતના ડરમાં ફક્ત ભય, બીક, ખોટો ડર વિ. જોવા મળે છે. આશા-ઉમ્મીદ વિ.વિ. જોવામાં નથી આવતી. પરંતુ આપણે એવી રીતે અલ્લાહથી ડરવું જોઈએ કે જેવી રીતે આપણે મા-બાપ કે શિક્ષકથી ડરીએ છીએ. આ જાતના ડરમાં ભયની સાથે ઉમ્મીદ પણ હોય છે.

## સવાલ

૧. તવક્કુલ એટલે શું ?

૨. અલ્લાહે જનાબે ઈબ્રાહીમ (અ.)ને આગમાંથી શા માટે બચાવ્યા ?

૩. અલ્લાહથી કેવી રીતે ડરવું જોઈએ તે સમજાવો.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 52

# તૌબા

અપરાધ કરવો સહેલો છે. પરંતુ અપરાધ કર્યા પછી તેને કબૂલ કરવું બહુજ મુશ્કિલ છે,ભૂલ કરવી સહેલી છે પરંતુ ભૂલ કર્યા પછી તેને કબૂલ કરવી બહુજ મુશ્કિલ છે. આપણા સમાજની સૌથી મોટી ખરાબી એ છે, કે આપણે ભુલોઅને ખતાઓ કરીએ છીએ પરંતુ ભૂલો અને ખતાઓ કર્યા પછી તેનો સ્વિકાર કરવા અને પસ્તાવો કરવાના બદલે તેની દલીલો કરીએ છીએ. આપણી સંપૂર્ણ કોશિષ એ હોય છે કે લોકો આપણને ગૈરમાસૂમ તો કહે પરંતુ એવો ગૈરમાસૂમ કે જેણે કોઈ દિવસ કોઈ ભૂલચુક ગલતી ન કરી હોય.ભલે પછી હજારો ભૂલો માટે આપણું દિલ ગવાહી આપતું હોય.આ બધું એ માટે હોય છે, કે આપણે ભૂલ સ્વિકારવાને આપણી બદનામી સમજીએ છીએ અને હલકાપણાનો એહસાસ કરીએ છીએ.

આપણી આદત થઈ ગઈ છે, કે ચાલતા ચાલતા કોઈને ઠેસ લાગી જાય, અથવા આપણાથી કોઈની વસ્તુ ખરાબ થઈ જાય તો માફી માંગવાને બદલે તેના પર ખિજાઈ જઈએ છીએ, કે તે આ વસ્તુ રસ્તામાં શા માટે રાખી હતી? આ રીત પરવરદિગારે આલમને બિલકુલ પસંદ નથી.કુર્આને શરીફમાં ખુદાવંદ ફરમાવે છે "અમે તૌબા કરવાવાળાઓને દોસ્ત રાખીએ છીએ,ઘમંડી લોકોને દોસ્ત નથી રાખતા."

આપણી સામે જ.હૂરનો કિરદાર મૌજુદ છે.જેણે ઈમામ હુસૈન અ.સ.ની ખિદમતમાં પોતાની ભૂલનો સ્વિકાર કરી તેમણે એ બલંદ દરજ્જો હાસિલ કરી લીધો છે, જે બીજી નસ્લો(પેઢી)માં કોઈને નસીબ નથી થયો. જ.હૂર અગર કોઈ સામાન્ય માણસ હોત તો યઝીદી લશ્કરમાંજ રહી જાત.અને તેમનો ઝિક્ર પણ એવાજ શબ્દોમાં થાત જેવા શબ્દોમાં આજે યઝીદીઓને યાદ કરવામાં આવે છે,પરંતુ આ તૌબાની બરકત હતી કે જ.હૂરને સલામના કાબિલ અને ઝિયારતના લાએક બનાવી દિધા.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

આપણે ત્યાં એક આ ખામી પણ જોવા મળે છે કે આપણે પીઠ પછવાડે કોઈની બુરાઈ કરીએ છીએ. અને જયારે કોઈ આપણને ટોકે છે. તો આપણે પોતાની ભૂલ સ્વિકારવાના બદલે એમ કહીએ છીએ કે અમે તેને મોમિન કયાં સમજીએ છીએ? એવું લાગે છે કે કોઈનું મોમિન હોવું તે આપણા સમજવાનું મોહતાજ હોય, કે આપણે તેને મોમિન માનશું તોજ તે મોમિન કહેવાશે. નહીતર કાફિર રહી જશે. આપણે વિચારવું જોઈએ કે આપણા કિરદારની આ બીજી ખામી છે. મોમિનની બુરાઈ કરવી તો ગુનાહ છે જ, પરંતુ કોઈ મોમિનને ગૈર મોમિન કહેવું અથવા તેના મોહિબ્બે એહલેબૈત અ.સ.ના ઈમાનનો ઈન્કાર કરી દેવો બહુજ મોટો ગુનાહ છે.

આપણા માટે જરૂરી છે કે આપણે દિલમાં એવી તાકત પૈદા કરીએ કે જયારે આપણાથી કોઈ સામાન્ય ભૂલપણ થઈ જાય તો તરતજ તેનો સ્વિકાર કરી લઈએ. અગર તે ભૂલનો સંબંધ ખુદાથી હોય તો તેનાથી તૌબા કરીએ અને અગર બંદાઓનું દિલ દુખાણું છે તો ખુબ્બા શબ્દોમાં તેનાથી માફી માંગીએ. આ કાર્યમાંજ સાચી ઈઝ્ઝત અને કયામતની બદનામીથી નજાત છે.

## સવાલ

(૧) આપણા સમાજની ખરાબી શું છે?

(૨) પરવરદીગારે આલમ કોને દોસ્ત રાખે છે?

(૩) જ. હૂરે શું કર્યુ હતુ?

(૪) જ. હૂરને તૌબાથી શું મર્તબો મળ્યો?

(૫) ભૂલ કર્યા પછી આપણા માટે શું જરૂરી છે?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 53

# સારૂં જીવન

આપણા મઝહબે આપણા દીની ભાઈઓને સહુથી શ્રેષ્ઠ શિક્ષણ એ આપેલ છે કે, હરેકે આ જીવનમાં સારી અને પવિત્ર જિંદગી જીવવી જોઈએ.

સારૂં જીવન જીવવાની રીત એ છે કે, જે હુકમો ઈન્સાનને માટે કરવામાં આવ્યા છે, તે બરાબર બજાવવા અને જે વાંતોની મનાઈ કરવામાં આવી છે તેનાથી દૂર રહેવું.

અલ્લાહના હકનો પણ ખ્યાલ રાખે, બંદાના હકનો પણ ખ્યાલ રાખે.

રસૂલે કરીમ (સ.અ.વ.)એ નબુવ્વતની જાહેરાત કરતી વખતે દુનિયા સામે એ રજૂ કરેલ કે, હું દુનિયામાં સારા કાર્યો શીખવવા માટે આવ્યો છું. જેણે સારા કાર્યો નથી શીખ્યા તેને ઈસ્લામથી કશું હાંસિલ થયેલ નથી.

આવા કાર્યોના સુધારણા માટે ઈસ્લામે નાની-મોટી બુરાઈઓની યાદી તેયાર કરેલ છે. જેના લીધે ઈન્સાન તેવી બુરાઈઓથી દૂર રહે અને પોતાના જીવનને પવિત્ર બનાવીને જીવે.

આ નાની-મોટી બુરાઈઓનું નામ છે 'ગુનાહે સગીરા' (નાના ગુનાહ) તથા 'ગુનાહે કબીરા' (મોટા ગુનાહ).

ગુનાહે કબીરા માટે જહન્નમનો અઝાબ નક્કી કરવામાં આવ્યો છે.

ગુનાહે કબીરામાં કેટલીક બાબતો એવી છે કે, જેનાથી બચવું

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

આપણી ફર્ઝ છે. જેથી કરીને આપણો સારૂં જીવન જીવી શકીએ અને આપણા સબબ બીજા કોઈ બન્દગાને કશી તકલીફ ન પહોચે.

ગુનાહે કબીરાના ઉદાહરણો નીચે મુજબ છે :

(૧) બીજાને અલ્લાહનો ભાગીદાર માનવા (૨) ખોટી રીતે કત્લ કરવો, (૩) યતીમોનો માલ ખાવો, (૪) ઝીના (વ્યભીચાર) કરવો, (૫) મા બાપની નાફરમાની કરવી, (૬) વ્યાજ ખાવું, (૭) જુઠી કસમ ખાવી, (૮) શરાબ પીવો, (૯) જુગાર રમવો, (૧૦) બદકારી કરવી, (૧૧) અલ્લાહની રહેમતથી નાઉમેદ થવું, (૧૨) અલ્લાહના અઝાબની પરવા ન કરવી અને નિર્ભય બની જવું, (૧૩) ગાન તાન કરવું, (૧૪) ગીબત કરવી, (૧૫) જુઠું બોલવું, (૧૬) મરેલા જાનવરનું ગોશ્ત ખાવું, (૧૭) સીતાર-તંબુરો વિ. વાજીંત્રોમાં મગ્ન રહેવું, (૧૮) રીશ્વત (લાંચ) લેવી, (૧૯) ઝાલિમની મદદ કરવી, (૨૦) ચોરી કરવી, (૨૧) અન્ય ભાઈઓથી સારો વર્તાવ ન રાખવો, (૨૨) પેશાબની નજાસતથી બચવું નહીં, (૨૩) એવા કામ કરવા કે, જેથી માબાપને લોકો ગાળો દે, (૨૪) અલ્લાહના ફેંસલા બાબત વાંધા વિરોધ ઊભા કરવા, (૨૫) ગર્વ અને અભિમાન કરવો, (૨૬) મોઅમિનને દુ:ખ પહોંચાડવું, (૨૭) બાલ-બચ્ચાની સંભાળ ન રાખવી, (૨૮) શરાબખોરોની જગ્યાએ બેસવું, (૨૯) ગાળો દેવી-બિભત્સ વાતો કરવી, (૩૦) નજિસ અને હરામ વસ્તુઓ ખાવી વગેરે.

## સવાલ

૧ ગુનાહે સગીરા અને ગુનાહે કબીરા કોને કહે છે?

૨. કોઈ પણ દસ ગુનાહે કબીરા વર્ણવો.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 54

# ભણતર

આપણા દેશમાં ભણતરની બહુજ ચર્ચા છે. જયાં જુઓ ત્યાં ભણવાનું મહત્વ છે.શહેરોથી લઈ ગાંમડાઓ સૂધી, અમીરથી લઈ ગરીબ સૂધી. ઉચા લોકોથી લઈ નીચા લોકો સૂધી ભણતરની વાતચીત છે. અને તેમાંપણ જાતે જાતનું ભણતર. હિસાબ કિતાબની ભણતર, વિજ્ઞાનનું ભણતર, ઈતિહાસનું ભણતર, ઉચ્ચ અખલાકનું ભણતર, માનસશાસ્ત્રનું ભણતર, ધાર્મિક ભણતર, ડોકટરીનું ભણતર શાળાઓમાં પણ ઘણા પ્રકાર જોવા મળે છે. સરકારી શાળા, અર્ધ સરકારી શાળાઓ, સાર્વજનીક શાળાઓ, ઉચ કોટીની અભ્યાસ શાળાઓ, સામાન્ય કક્ષાની શાળાઓ. આ બધા ભણતર છે તેમ છતા નથી તો ફકત ઝિંદગી જીવવાનું શીખવનાર ભણતર! કોઈ પણ શાળામાં એમ બતાવામાં નથી આવતું કે ઉઠવા બેઠવાની રીત શું છે ? ખાવા પીવાની રીત શું છે ? વડીલો સાથે કેવો વર્તાવ કરવો જોઈએ ? બચ્ચાઓથી કેવી રીતે મળવું જોઈએ ? શીક્ષકનો હક શું છે ? વિધાર્થીનો હક શું છે ?જીવન જીવવાની રીત કયાયં પણ શીખવવામાં નથી આવતી. જેનું પરીણામ એ થાય છે કે આજે સમાજમાં ભણેલા ગણેલા લોકો બહુજ વધારે જોવા મળે છે. પરંતુ ચારીત્ર અને સંસ્કાર જાણનાર લોકો બહુજ ઓછા છે. કોલેજ પાસ કરી લ્યે છે પરંતુ બેસીને પેશાબ કરવાનું પણ ભાન નથી હોતું. યુનીવર્સીટીથી ડીગ્રી મેળવી લ્યે છે, પરંતુ એક જગ્યાએ આરામથી બેસીને જમતા પણ નથી આવડતું. શિક્ષકો સામે અવાજ કરતા હોય છે. માં-બાપથી લડાઈ કરે છે. મોટા લોકોની મજાક ઉડાવે છે. બચ્ચાઓને અઝીયત પહોંચાડે છે. અલ્લાહ અને રસૂલ સ.નું નામ પણ નથી લેતા. ન નમાઝથી કોઈ મતલબ, ન રોઝાથી કોઈ મતલબ, ન હજથી કોઈ સબંધ, અને ન તો ખુમ્સો ઝકાતથી કંઈ લેવડ દેવડ.

અગર જો આ જ ભણતર છે, તો આ કરતા તે અભણતા બેહતર નથી ? જેમાં અખલાક અને સંસ્કારનો ખયાલ રાખવામાં આવતો હોય. અભણ લોકો બધાની કદર કરે છે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

વડીલોની ઈઝ્ઝત કરે છે. નાના બાળકોથી મોહબ્બત કરે છે. જાહીલ માઁ પોતાના બચ્ચાનો ખ્યાલ કરે છે. અને બચ્ચાની દરેક તમન્નાને પુરી કરવા કોશિષ કરે છે.અને આજના ઝમાનામાં ભણેલી ગણેલ માઁઓ નાના બચ્ચાઓને ઘરમાં ફેંકી ફિલ્મ જોવા બસી જાય છે. અને તેમને બચ્ચાઓના રોવા પર પણ રહેમ નથી આવતો. અને અગર બચ્ચાઓ મોટા હોય તો તેઓને ફીલ્મ જોવા સાથે બેસાડે છે. તેઓને એ વિચાર પણ નથી આવતો, કે આપણે તો ગુનાહ કરી રહ્યા છીએ અને સાથે બચ્ચાઓને પણ અલ્લાહ અને રસુલ સ.ની દુશ્મની માટે તૈયાર કરી રહ્યા છીએ?

બચ્ચાઓ! હવે એવો નિર્ણય કરી લ્યો, કે કોઈ દિવસ આ પ્રકારના ભણત રનો સાથ નહીં દેશો, જેમાં સંસ્કાર ન હોય. એવા લોકોને સુધારવા કોશિષ કરશો, જે અખલાક અને સંસ્કારથી દુર હોય. વડીલોની ઈઝ્ઝત કરશો. અલ્લાહ અને રસુલ સ.નો હુકમ માનશો.ઉભા રહીને જમણ નહીં જમશો.ઉભા રહીને પેશાબ નહીં કરશો.ફિલ્મ નહીં જોશો. નાચ ગાન નહીં સાંભળશો.કોઈની બુરાઈ નહીં કરશો. શિક્ષકની સાથે અખ્લાકથી પેશ આવશો.

અગર તમે આમ કરશો તો તમારાથી અલ્લાહ રસુલ સ.અને ઈમામ અ.સ.ખુશ થશે અને અગર જો ઉલ્ટુ કામ કર્યુ તો બધા નારાઝ થઈ જશે.

## સવાલ

(૧) આજના ઝમાનાના ભણતરમાં શું ખામી છે?

(૨) ભણતર સાથે શું હોવું જરૂરી છે?

(૩) આજના જવાન ભણેલા લોકો કેવા હોય છે?

(૪) કેવી ભણેલી પઢેલી માઁઓ કરતા જાહીલ માઁઓ સારી કહેવાશે છે?

(૫) અલ્લાહ અને રસુલ સ.કયારે આપણાથી ખુશ થશે અને કયારે નારાઝ થઈ જશે?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 55
# ઝુલ્અશીરાનો બનાવ

જ્યારે પરવરદિગારે આલમે રસૂલે ખુદા (સ.અ.વ.)ને ખુલ્લં ખુલ્લા તબ્લીગ કરવાનો હુકમ કર્યો અને એવું માર્ગદર્શન આપ્યું કે, અય રસૂલ! સર્વ પ્રથમ પોતાના નિકટના સ્નેહીઓને હિદાયત કરો.

જ્યારે આવો સંદેશો આવ્યો ત્યારે રસુલે ખુદા (સ.અ.વ.)એ મૌલા અલી (અ.)ને અબ્દુલ મુત્તલિબના આખા કુટુંબને સંદેશો દેવા મોકલ્યા અને કહેવડાવ્યું કે તમો બધાની જમવાની દાવત આવતીકાલે મારા પિત્રાઇ ભાઇ મોહમ્મદ મુસ્તુફા (સ.અ.વ.)ને ત્યાં છે અને તમો બધાને તેનું નોતરૂં આપું છું.

બીજે દિવસે ચાલિસ માણસો આપને ઘેર આવ્યા. આપે તેઓ બધાને પ્રથમ ખાણું ખવડાવ્યું અને જમ્યા બાદ તકરીર કરવા ઊભા થયા. એ વેળાએ અબુ લહબે બધાને ભડકાવ્યા એટલે બધા તકરીર સાંભળ્યા વગર ચાલતા થઇ ગયા.

બીજે દિવસે આપે મૌલા અલી (અ.) મારફત ફરીથી દાવત મોકલી અને ખધાને જમાવા બાલવ્યા. બધા જમવા અવયા. જમ્યા પછી આપ (સ.અ.વ.) એ ઈસ્લામનો સંદેશો સંદેશો સંભળાવ્યો. આપ (અ.) એ ફરમાવ્યું, "તમો બધામાંથી કયો માણસ હિદાયતના કામમાં મારી મદદ કરવા તૈયાર છે? જે માણસ મારી મદદ કરશે તે મારો ભાઈ, વસી, ઉઝીર અને ખલીફા થશે અને લોકો માટે મારા તરફથી

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

હાકીમ બનશે."

મૌલા અલી (અ.) તુરત જ ઊભા થઈ ગયા અને આપે (અ.) રસૂલે ખુદા (સ.)ની મદદનું વચન આપ્યું. રસૂલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું કે, "હ. અલી (અ.)એ મારી મદદ માટે વાયદો આપ્યો છે, એટલા માટે તેઓ મારા ભાઈ, વસી, વઝીર અને ખલીફા છે અને મારા તરફથી તમો સર્વો પર હાકીમ છે. તેના હુકમો સાંભળો અને તેની ઈતાઅત (આજ્ઞા પાલન) કરજો."

આ બનાવને 'દાવતે ઝુલ્અશીરા' કહે છે.

આ બનાવથી માલૂમ થાય છે કે, (ઈસ્લામની શરૂઆતમાં જ) રસૂલે ખુદા (સ.અ.વ.)એ મૌલા અલી (અ.)ને પોતાના ખલીફા નિયુકત કરી આપેલ હતા અને બધા પર આપની ઈતાઅત વાજિબ કરી આપેલ હતી.

# સવાલ

૧. ઝુલ્અશીરાના બનાવને વર્ણવો.

૨. પહેલે દિવસે મજમો કોના ભડકાવવાથી તકરીર સાંભળ્યા વિના ચાલ્યો ગયો ?

૩. 'દાવતે ઝુલ્અશીરા'માં રસૂલે ખુદાએ કોને પોતાના જાનશીન બનાવ્યા હતા ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 56
# એહ્લેબૈત અ.સ.

અલ્લાહ તઆલાએ રસુલે ખુદા સ.અ.વ.ના એહ્લેબૈત અ.સ.ની મોહબ્બત દરેક મુસલમાન પર વાજીબ કરી છે.કુર્આને મજીદ ફરમાવે છે...

"અય રસુલ! કહીદો કે હું તમારાથી રિસાલતની તબલીગનો બદલો કંઈ નથી ચાહતો સિવાય કે મારી આલ સાથે મોહબ્બત કરો."

રસુલે ખુદા સ.અ.વ.એ આપણને ઈમાન આપ્યુ, કુર્આન આપ્યુ, અલ્લાહની મારેફત અપી અને તેનો બદલો શું રાખ્યો?

એહ્લેબૈત અ.સ.થી મોહબ્બત!

સવાલ એ છે કે એહ્લેબૈત અ.સ.થી કૌણ લોકો છે?

તેનો ફૈસલો પણ કુર્આને કરી દીધો છે.

અરબના ઉત્તરી-પુર્વમાં એક ઈલાકો છે નજરાન. જયાં ઈસાઈઓ રહેતા હતા.તે ઈસાઈઓના થોડાક મોટામોટા પાદરીઓ મદીના આવ્યા.જેથી રસુલે ખુદા સ.અ.વ.થી મઝહબના મઆમલામાં બહેસ કરે. તે લોકોનું કહેવું હતું કે "હ.ઈસા અ.સ.બાપ વગર પૈદા થયા છે એટલે તે ખુદાના દિકરા છે." રસુલે ખુદા સ.અ.વ.એ તેઓને સમજાવ્યા કે "જે રીતે અલ્લાહને હઝરત આદમ અ.ને બાપ વગર પૈદા કર્યા હતા." એવીજ રીતે હ.ઈસાઅ.સ.ને પણ બાપ વગર પૈદા કર્યા હતા. આ હાલતમાં જેવી રીતે હ.આદમ અ.સ. અલ્લાહના બંદા છે તેવીજ રીતે હ.ઈસા અ.પણ અલ્લાહના બંદા છે." આવી સાફ અને સીધી વાત માનવા માટે તેઓ તૈયાર ન હતા.અને ઝીદ પકડીને બેઠા હતા, કે હ.ઈસા અ.સ.અલ્લાહના દિકરા છે. ફૈસલો એ થયો કે ઈસાઈઓ રસુલે ખુદા સ.અ.વ. સાથે મુબાહેલા કરી લ્યે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

મુબાહેલાનો અર્થ થાય છે કે બન્ને ટોળા અલ્લાહથી દુઆ કરે, કે જે સાચા હોય તે બાકી રહે અને જે જુઠા હોય તે નાબૂદ થઈ જાય. આ મૌકા પર કુર્આનેપાકની આ આયત નાઝિલ થઈ,

"અય નબી! હ.ઈસા વિષે ઈલ્મ પહોંચી જવા પછી પણ અગર આ લોકો તારાથી દલીલો કરે છે તો તેઓથી કહીદો, કે આવો અમે અમારા દિકરાને બોલાવીએ તમો તમારા દિકરાઓને બોલાવો. અમે અમારી ઔરતોને બોલાવીએ તમે તમારી ઔરતોને બોલાવો. અમે અમારા નફસોને બોલાવીએ તમે તમારા નફસોને બોલાવો અને આપણે (બન્ને ટોળા) એક બીજા માટે બદ દુઆ કરીએ અને જુઠા પર અલ્લાહની લાઅનત કરીએ. (સુરે આલે ઈમરાન આ. ૬૧)

મુબાહેલાના દિવસે પૈગમ્બર સ.અ.વ.ઈમામ હસન, ઈમામ હુસૈન, હ.ફાતેમા ઝહેરા સ.અ., અને હ.અલી અ.સ.ને પોતાની સાથે લઈ ગયા. પરંતુ ઈસાઈઓ ડરી ગયા. અને તેઓએ મુબાહેલા ન કર્યો. અને હાર માની દંડ ભરી દેવાનો વાયદો કરી પાછા ચાલ્યા ગયા.

આ આયતમાં : પૈગમ્બરે ઈસ્લામને હુકમ થયો કે તમે તમારા દિકરા ઔરતો અને નફસોને લઈ જાઓ. રસુલે ખુદા સ.અ.વ. આ હુકમ બજાવી લાવ્યા.

દિકરાની જગ્યાએ ઈમામ હસન અ.સ. અને ઈમામ હુસૈન અ.સ.ને ઔરતોની જગ્યા એ હ.ફાતેમા ઝહેરા સ.અ.ને અને નફસોની જગ્યાએ હ.અલી અ.ને સાથે લીધા. અને આ રીતે દુનિયાને બતાવી દીધું કે આજ તમારા એહલેબૈત અ.સ.છે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

અલ્લાહે આ એહલેબૈત અ. સ.ની મોહબ્બત અમારા પર વાજીબ કરી દીધી છે.

રસુલે ખુદા સ.અ.વ.એ ઘણી વખત ફરમાવ્યું છે કે મોમિન તેજ છે જે આ એહલેબૈત અ.સ.થી મોહબ્બત કરતો હોય.જે માણસ એહલેબૈત અ.સ.થી મોહબ્બત નથી કરતો તે મુનાફિક છે.એટલે કે ઝાહિરમાં મુસલમાન અને હકીકતમાં કાફિર.

## સવાલ

(૧) એહલેબૈત અ.સ.થી મુરાદ કોણ લોકો છે?

(૨) એહલેબૈત અ.સ.થી મોહબ્બત શા માટે વાજીબ કરવામાં આવી?

(૩) મુબાહેલામાં કોણ કોણ શામીલ થયું?

(૪) આયતે મુબાહેલામાં ખુદાવંદે શું હુકમ આપ્યો હતો?

(૫) ઈસાઈઓ એ મુબાહેલાના જવાબમાં શું કર્યુ?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 57
# ગદીરે ખૂમ

પયગમ્બરે ઈસ્લામના જીવનનો આખરી સમય છે. આપ (સ.અ.વ.) છેલ્લી હજ પઢવા માટે મક્કા-એ-મોઅઝ્ઝમાની તરફ તશરીફ લઈ જઈ રહ્યા હતા. મુસલમાનોમાં આ ખબર સર્વત્ર ફેલાઈ ગઈ. દુનિયાના દરેક ખુણેથી મુસલમાનો અલ્લાહના ઘરનો તવાફ કરવા માટે તથા રસૂલે ખુદા (સ.)ની ઝિયારત કરવાના શોખમાં ટોળેટોળા આવી રહ્યા હતા.

હજનો દિવસ આવ્યો એટલા વખતમાં તો હજારો મુસલમાનો એકઠા થઈ ગયા. અને આપ નામદાર (સ.અ.વ.)ની સાથે હજના આમાલ બજાવી લાવ્યા.

હજથી ફારીગ થયા બાદ આપ (સ.અ.વ.)એ મદીના જવાની તૈયારી કરી. મુસલમાનોના કાફલા આપની સાથે નીકળી પડ્યા.

દરેક દિલ એમ ઈચ્છતું હતું કે, જેટલો વખત હુઝુર (સ.અ.વ.)ની સાથે રહેવાનું મળે એ એક ખુશ કિસ્મતી છે. ચાલતા ચાલતા કાફલો ગદીરે ખૂમના ચોક સુધી પહોંચી ગયો. આ જગ્યાએથી ચાર રસ્તાઓ જુદી જુદી દિશા તરફ જઈ રહ્યા હતા.

મુસલમાનો પોતપોતાના રસ્તે જવા માટેની તૈયારીમાં હતા કે, જીબ્રઈલ અમીન અલ્લાહનો પયગામ લઈને હુઝુર (સ.અ.વ.)ની ખીદમતમાં આવી પહોંચ્યા અને સંદેશો સંભળાવ્યો, "મારા રસૂલ ! એ સંદેશો પહોંચાડી દો, કે જે અમો તમને મોકલી ચુકયા છીએ; અને જો એ સંદેશો તમોએ નથી પહોંચાડ્યો, તો જાણો કે, તમોએ

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

રિસાલતનું કશુ કામ કર્યું નથી. મારા રસૂલ ! સંદેશો સંભળાવવામાં ગભરાશો નહીં, અમે તમારી માટે જવાબદાર છીએ."

આ પયગામ સાંભળીને તુરત જ હુઝુર (સ.અ.વ.)એ કાફલાઓને રોકાઈ જવાનો હુકમ કર્યો. જે મુસલમાનો આગળ નિકળી ગયા હતા તેમને પાછા બોલાવવામાં આવ્યા અને જેઓ પાછળ હતા તેમની રાહ જોવામાં આવી. એટલે સુધી કે સવા લાખનો મજમો થઈ ગયો.

હઝરત (સ.અ.વ.)ના હુકમ પ્રમાણે ઉંટોના પલાણનો મિમ્બર બનાવવામાં આવ્યો. એ મિમ્બર પર આપ તશરીફ લાવ્યા અને અલ્લાહની તારીફ બાદ આખા મજમાને પ્રશ્ન પુછ્યો : "મુસલમાનો ! બતાવો, શું હું તમારો હાકીમ નથી ?" આખા મજમાએ એકી અવાઝે જવાબ આપ્યો કે, હુઝુર (સ.અ.વ.) અમારા હાકીમ છે.

આ જાતની કબુલાત મળ્યા બાદ, હુઝુર (સ.અ.)એ જ. અમીર મૌલા અલી ઈબ્ને અબીતાલીબ (અ.)ને પોતાના હાથ પર ઊંચા કર્યા અને ફરમાવ્યું કે, "યાદ રાખો ! જેનો હું હાકીમ છું, તેનો આ અલી (અ.) હાકીમ છે."

આ બનાવને 'ગદીરે ખૂમ'નો વાકેઓ કહેવામાં આવે છે. આ બનાવ તા. ૧૮મી ઝીલ્હજ હિજરી સન ૧૦ના વરસમાં બન્યો.

આ બનાવ બાદ હુઝુર (સ.અ.વ.) બે મહિનાને દસ દિવસ હયાત રહ્યા અને તા. ૨૮મી સફર હિજરી સન ૧૧માં આ ફાની દુનિયામાંથી વફાત પામ્યા.

# સવાલ

૧. 'ગદીરે ખૂમ'ના બનાવનું વર્ણન કરો.

૨. ગદીરમાં કઈ વસ્તુનો મિમ્બર બનાવ્યો ?

૩. રસૂલે ખુદા (સ.અ.વ.)ની વફાતની તારીખ તથા વરસ બતાવો.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 58

# અઝાદારી

ફરઝંદે રસુલ (સ.) હઝરત ઈમામ હુસૈન (અ.સ.)એ કરબલાના મૈદાનમાં પોતાના નીકટના સંબંધીઓ સાથે કુરબાની આપી ઈસ્લામને એક નવી ઝિંદગી અર્પણ કરી છે. આપણે આ બનાવની યાદ અઝાદારી દ્વારા મનાવીએ છીએ.

દુનિયાની દરેક કૌમ પોતાના બુઝુર્ગોને યાદ રાખે છે. જેનાથી લોકોમાં જોશ અને જીવંતતા ઉત્પન્ન થાય છે. કોમ અને ધર્મ માટે કામ કરવાની અભિલાષા જન્મે છે અને ઈતિહાસના બનાવો જીવનની દરેક ક્ષણે આપણી હિદાયત કરે છે. કરબલાનો પ્રસંગ ઈસ્લામી ઈતિહાસનો સૌથી મહત્વનો પ્રસંગ છે. આથી આપણે પણ એક જીવંત કોમ તરીકે તેની યાદગાર મનાવીએ છીએ.

કરબલાના શહીદોની યાદ આપણામાં હક પરસ્તી, ખુદા પરસ્તી, કુરબાની, ફીદાકારી, બહાદુરી, અટલ ઈરાદો, અડગતા, ધીરજ વિ. જેવા ઉચ્ચ દરજ્જાના ઈન્સાની ગુણો ઉત્પન્ન કરે છે.

સય્યદુશ્શોહદા અ.ની મજલીસોમાં આપણને તફસીર, હદીસ, તારીખ (ઈતિહાસ) અને બીજી ઈસ્લામી વાતો સાંભળવા મળે છે. આથી આપણી દીની જાણકારીમાં વધારો થાય છે. બીજી કૌમના લોકો મજલીસોમાં આવે છે, જેથી આપણા ધર્મનો ફેલાવો થાય છે.

મોહર્રમમાં આપણે અલમ ઉઠાવીએ છીએ. જેનાથી આપણા

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

દિલોમાં એ જઝબો ઉત્પન્ન થાય છે કે આપણે ઈસ્લામનો ઝંડો હંમેશા ઉંચો રાખીએ અને ઈસ્લામનો ઝંડો ઉંચો રાખવા માટે હઝરત અબ્બાસ (અ.)ના અનુસરણમાં આપણી જાતની કુરબાની પણ આપી દઈએ.

મોહર્રમમાં આપણે ઝરીહ ઉપાડીએ છીએ. જેનાથી આપણા દિલમાં એ ખ્યાલ પૈદા થાય છે કે આપણે ઈસ્લામનું નામ બાકી રાખવા માટે જો મૌતનો સામનો કરવો પડે તો તેના માટે પણ તૈયાર રહેવું જોઈએ.

આપણે ઝરીહ કે તાઝીયા રાખીયે છીએ. જે ઈમામ હુસૈન (અ.)ના રોઝાની નકલ છે. જેવી રીતે આપણે મસ્જિદ બનાવીએ છીએ જે કાઅબાની શબીહ છે તેવી રીતે ઝરીહ ઈમામ હુસૈન (અ.)ના રોઝાની શબીહ છે.

તેને જોઈને આપણી સામે કરબલાના શહીદોની તસવીર આવી જાય છે. જે આપણને ઈસ્લામ અને ઈમાનને માટે હરેક કુરબાની આપવાનો પાઠ આપે છે.. આપણે ઈમામ હુસૈન (અ.)ના ગમમાં રોઈએ છીએ. કારણ કે,

૧. બધા અંબીયાઓ આ ગમમાં રોયા છે.

૨. હઝરત મોહમ્મદે મુસ્તફા સ. આ ગમમાં રોયા છે. રોઝે આશુરા જનાબે ઉમ્મે સલમા (રઝી.) કે જે રસુલે ખુદા સ.ના પત્ની હતા, તેમણે નબી સ.ને સ્વપ્નમાં રોતા જોયા.

૩. રોવું એ જઝબો બતાવે છે કે અગર આપણે કરબલામાં હોત તો જરૂર ઈમામની સાથે મળીને ઈસ્લામ ઉપર પોતાને ન્યોછાવર કરી દેત.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

૪. રોવું એ મઝલુમથી મોહબ્બતની નિશાની છે અને મઝલુમથી મોહબ્બત સાચી ઈન્સાનિયત છે.

૫. રોવું આપણા દિલમાં સાચી ખુદા પરસ્તી અને સચ્ચાઈને જીવંત રાખે છે જેના પર ઈમાનની બુનિયાદ છે.

૬. રોવું રસુલે ખુદા સ. અને આલે રસુલ સ.થી સાચી મોહબ્બતની નિશાની છે. આપણે આપણા પ્યારા રસુલ સ.ને તેમના નવાસાના મૌત ઉપર પુરસો આપીએ છીએ. અને રોઈ-રોઈને પુરસો આપીએ છીએ. જે આપણી સાચી મોહબ્બતની સાબિતી છે.

અઝાદારીથી ઈસ્લામનો સાચો ફેલાવો થાય છે.

અઝાદારીથી ઈમાન તાજું રહે છે. અઝાદારીથી ખુદા પરસ્તીનો જોશ જીવંત રહે છે. અઝાદારીથી આપણો અખ્લાક સુધરે છે. અઝાદારીથી ઈસ્લામની તારીખના સૌથી મહત્વના પ્રસંગની યાદ તાજી રહે છે, તેથી...

અઝાદારીને બાકી રાખવું સાચા મુસલમાનની ફરજ છે.

# સવાલ

૧. આપણે અઝાદારી શા માટે કરીએ છીએ ?

૨. અઝાદારી શું ચીજ છે ?

૩. ઈમામ હુસૈન ઉપર કોણ કોણ રોયું ?

૪. રોવાના ફાયદા કયા છે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

TANZEEMUL MAKATIB
Golaganj, Lucknow - 226 018 (INDIA)
Phone: 0522-4080918, 9044065985
Email: makatib.makatib@gmail.com